Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 04 DECEMBER, 2020 Vol. 16, No. 47 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ખેડૂતો આક્રમક : કાયદો રદ કરાવ્યા વિના પરત નહીં જઈએ

## બીજા ચરણની બેઠક પણ અર્નિણિત રહી, સરકારની ફોર્મ્યુલા ખેડૂતોને ગળે ન ઉતરી

નવી દિલ્હી : કેન્દ્ર સરકારના કૃષિ કાયદા અંગે સતત આઠમા દિવસે પણ ખેડૂતોની લડત ચાલુ રહી હતી. કાયદા અને એમએસપી મુદ્દે કેન્દ્રના મંત્રીઓ અને ખેડૂતો વચ્ચે ગુરુવારે બીજી મહત્ત્વની બેઠક યોજાઈ હતી. બપોરે ૧૨ વાગ્યાથી વિજ્ઞાન ભવન ખાતે શરૂ થયેલી બેઠક સાત કલાક પછી પણ નક્કર પરિણામ ઉપર પહોંચી નહોતી. સરકારે કાયદા અને એમએસપી મુદ્દે ખેડૂત નેતાઓને સમજાવવા અથાક મહેનત કરી છતાં તેમના ગળે વાત ઊતરી નહોતી. ખેડૂતો પોતાની શરતો મનાવવા અફર જોવા મળ્યા હતા. કાયદો રદ કરવા અને એમએસપી અંગે લેખિત બાંયધરી આપવા ખેડૂતોએ માગણી કરી હતી. સરકારે એમએસપી ચાલુ રાખવાનું આશ્વાસન આપ્યું હતું પણ ખેડૂતો માન્યા નહોતા. ખેડૂતો આકરાપાણીએ સરકારનો વિરોધ કરતા હતા. કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે જણાવ્યું કે, ખેડૂતોની ચિંતા વાજબી છે. એમએસપી મુદ્દે કોઈ ફેરફાર નહીં કરવાનું પણ તેમણે આશ્વાસન આપ્યું હતું. ખેડૂતોએ આ વાતે નમતું ન જોખવાની અને સંસદનું વિશેષ સત્ર બોલાવીને કાયદો રદ કરવાનું રટણ ચાલુ રાખ્યું હતું. આ મુદ્દે કોઈ ઉકેલ ન આવતા સરકારે ફરીથી પાંચમી ડિસેમ્બરે બેઠક યોજવાનું કહ્યું હતું. ૪૦ જેટલા ખેડૂત નેતાઓ અને સરકાર વચ્ચે બેઠક ચાલી રહી હતી એ દરમિયાન ગાઝીપુર સરહદે ખેડૂતો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. ખેડૂતોએ જણાવ્યું હતું કે, આ વખતે તો એક વર્ષ રોકાવું પડશે તો પણ અહીંયાં જ રહીશું પણ કાયદો રદ કરાવ્યા વગર પરત નહીં ફરીએ. ૨૬ જાન્યુઆરીની પરેડ પણ અહીંયાં જ થશે. આ વખતે ખેડૂતો પરેડ કરશે અને અહીંયાંથી ક્યાંય ખસીશું નહીં. બેઠક દરમિયાન ખેડૂતો માટે ચા-નાસ્તો આવ્યો હતો અને લંચબ્રેક દરમિયાન સરકાર દ્વારા ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, ખેડૂતોએ આ તમામનો ત્યાગ કર્યો હતો. ખેડૂતો સાથે લાવેલું ભોજન જમ્યા હતા. બંગલા સાહિબ ગુરુદ્વારા તરફથી મોકલવામાં આવેલા ચા-નાસ્તા અને ભોજનનો જ ખેડૂતોએ ઉપયોગ કર્યો હતો.

વિશેષ અહેવાલ પેજ નં.૧૬



ખેડૂત આંદોલન - વિશેષ અહેવાલ પેજ નં. ૧૬

### આઠમા દિવસે શું થયું?

–મોટાભાગના હાઈવે ઉપર ખેડૂતો દ્વારા ચક્કાજામ અને વિરોધ પ્રદર્શન – નિહંગ શીખ દ્વારા ખેડૂત આંદોલનને સમર્થન જાહેર કરાયું, જમાડવાની વ્યવસ્થા સંભાળી – બુંદેલખંડના ખેડૂત સંગઠનો દ્વારા દિલ્હી આંદોલનને સમર્થન જાહેર કરાયું – યુપી અને દિલ્હીને જોડતા મોટાભાગના મહત્ત્વના રસ્તાઓ ઉપર ચક્કાજામ – તામિલનાડુના સીએમ પલાનીસામીએ જણાવ્યું કે, આ કાયદાથી ખેડૂતોને ફાયદો થશે – ઓડિશામાં વિવિધ સ્થળે કૃષિ કાયદા વિરુદ્ધ દેખાવો કરવામાં આવ્યા – નોઈડાના આંબેડકર મેમોરિયલ પાર્કમાં ખેડૂત સંગઠનો દ્વારા દેખાવો – ખેડૂતોએ ૭ શરતો મૂકી.

### ખેડૂતોએ સરકાર સમક્ષ શું શું માંગણી મુકી

– વાયુ પ્રદૂષણના કાયદામાં થયેલા સુધારા પરત ખેંચવામાં આવે – વીજ બિલના કાયદામાં થયેલા ફેરફાર ખોટા છે તે બદલવામાં આવે – એમએસપી અંગે લેખિતમાં બાંયધરી આપવામાં આવે – કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અંગે પણ નક્કર નિર્ણય લેવામાં આવે – ખેડૂતોએ માગણી કરી નથી તો બિલ શા માટે લાવ્યા, તરત જ પરત કરવામાં આવે – ડીઝલની કિંમત અડધી કરવામાં આવે

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

50th Anniversary Sale!
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.




• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees.• 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

RUMA LAW OFFICE
• Real Estate Law
• Family Law (Legal Aid Certificate Accepted)
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Immigration Law
• Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કોરોના સંક્રમણનો દોર, નવા ૩૯૪૭ કેસ, ૫૬ના મોત

**કેનેડામાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૬૮૪૭૮ હોવાથી સરકાર અને આરોગ્ય ખાતાની ચિંતા વધી**

- **સૌથી વધુ ઓન્ટેરિયોમાં કોરોના સંક્રમિત ૧૮૨૪ દર્દી મળ્યા, દેશમાં ૫૩૦ લોકોની હાલત અત્યંત નાજૂક**




ટોરોન્ટો : કેનેડામાં કોરોનાની ગતિ યથાવત રહી હોય તેમ ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં વધુ ૩૯૪૭ લોકો વાયરસની ચપેટમાં આવ્યા હતા. આ સાથે જ ૫૬ દર્દીઓના મોત નિપજ્યા હતા. આખા દેશમાં કોરોના સંક્રમિત એક્ટિવ કેસની સંખ્યા હજી પણ ૬૮૪૭૮ હોવા સાથે ૫૩૦ દર્દીઓની સ્થિતિ નાજૂક હોવાથી સરકારની ચિંતા વધી છે.

સુત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુરુવારે સાંજે ૭ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ઓન્ટેરિયોમાં ૧૮૨૪, ક્યૂબેકમાં ૧૪૭૭, નોવાસ્કોસિયામાં ૧૧, મોનીટોબામાં ૩૬૮, ન્યુ બ્રુન્સવીકમાં ૬, સાસ્કેચવાનમાં ૨૬૨ તથા પ્રિન્સ એડવર્ટ આઈલેન્ડ તથા યુકેનમાં ૧-૧ કેસ કોરોનાનો નોંધાયો હતો. નવા કેસના ઉમેરા સાથે દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૩૯૩૭૨૨ થઈ ગઈ હતી. આ ઉપરાંત જયાં દર્દીઓના મોત નિપજ્યા હતા તેમાં ક્યબેકમાં ૩૦, મોનીટોબામાં ૧૨ તથા સાસ્કેચવાનમાં ૧ દર્દીનું કોરોનાને કારણે મોત થયું હતુ. આ સાથે જ દેશમાં કોરોનાથી કુલ મૃતાંક ૧૨૩૮૧ થઈ ગયો હતો.

દેશમાં હજી પણ ૬૮૪૭૮ એક્ટિવ કેસ હોવાથી કોરોનાને કાબૂમાં લેવા સરકાર અને આરોગ્ય ખાતા દ્વારા કવાયત કરવામાં આવી રહી છે.

# કોવિડના હોટ સ્પોટ વિસ્તારો શોધવા સંશોધકો દ્વારા વેસ્ટ વોટરની ચકાસણી

ઓન્ટેરિયો : કેનેડાની કેટલીક યુનિવસીટીઓએ કેનેડાના ઓટાવા, ટોરોન્ટો અને એડમન્ટનના લોંગ ટર્મ કેર હોમના વેસ્ટ વોટરનો ટેસ્ટ કરીને કોવિડ-૧૯ના ચેપથી બચવાની ચેતવણી આપી શકાય એનું સંશોધન કરી રહ્યા છે. છ પ્રાંતોની મ્યુનિસીપાલીટીઓમાં વેસ્ટ વોટરનો ટેસ્ટ કરીને એસએઆરએસ -સીઓવી-૨ નામક સંભવિત વાઈરસને શોધાઈ રહ્યો છે. જે કોવિડ-૧૯નો ફેલાવો કરી શકે છે.

ઘણાં લોકોમાં તો દેખિતા કોઈ લક્ષણો નહીં હોવા છતાં વાઈરસથી પ્રભાવિત હોય છે એમ સંશોધકો કહે છે. એટલે જ વેસ્ટ વોટરની પધ્ધતિની તપાસ માટેના નમુનાઓ પરથી એવું તારણ નીકળે છે કે, આવી જગ્યામાં રહેનારા તમામને વાઈરસની અસર હોઈ શકે છે.

સંશોધકો અત્યારે કયા સ્થાનો પર ચેપ વધી રહ્યો છે એ હજુ નક્કી કહી શકે એમ નથી. એ વાઈરસ કોવિડનો જ છે કે કેમ એ પણ ચોક્કસપણે કહી શકાય એમ નથી કહેતા. આ પ્રોજેકટમાં જોડાયેલી ઓટાવા હોસ્પિટલના વરીષ્ઠ વૈજ્ઞાનિક ડો.ડો મેન્યુલે ઉમેર્યું હતું કે, સાવચેતી માટે સેમ્પલ ટેસ્ટ જરૂરી છે. એમાં પણ જયાં લાંબાગાળાના કેર હોમ્સ છે, એની સીવરેજ વ્યવસ્થાના સેમ્પલ પણ ચકાસવામાં



- **ઘણાં લોકોમાં તો દેખિતા કોઈ લક્ષણો નહીં હોવા છતાં તેઓ વાઈરસથી પ્રભાવિત હોય છે**
- **સરકારના પ્રોજેકટમાં ત્રણ યુનિર્વસિટીઓ પણ જોડાઈ**

આવી રહ્યા છે.

આ પ્રક્રિયા લાંબો સમય લેનારી છે. પરંતુ એમાં ફેડરલ સરકારના બધા વિભાગોનો સહકાર મળી રહ્યો હોવાથી અને આ સંશોધનમાં યુનિવસીટી ઓફ ઓટાવા, યુનિવસીટી ઓફ ટોરોન્ટો અને રાયરસન યુનિવસીટીનો પણ સાથ છે. એટલે આ ટેસ્ટનું સારૂં પરિણામ મળે એવી આશા છે. અલ્બર્ટા યુનિવસીટીની ટીમે તો આવા કેર હોમ્સની પાણી પુરવઠાના નેટવર્કની તપાસની પણ યોજના બનાવી છે.

# કોરોના નિયંત્રણમાં નહીં આવે ત્યાં સુધી બોર્ડરના પ્રતિબંધો નહીં હટે




- **લોકોને બિનજરૂરી પ્રવાસ ટાળવા અપીલ કરાઈ, કેનેડામાં કૃષિ ઉત્પાદનો અને દવાના વેપાર પર મહામારીની અસર ન થઈ**

ટોરોન્ટોઃ કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે, કેનેડા-અમેરિકા સાથેની સરહદ પરના પ્રતિબંધો ત્યાં સુધી નહીં હટાવાશે, જયાં સુધી વિશ્વભરમાં કોરોના વાઈરસનો પ્રભાવ દેખીતી રીતે કાબુ હેઠળ નહીં આવે.

કેનેડાએ માર્ચ મહિનાથી અમેરિકા સરહદ પાર કરનારા પ્રવાસીઓ પર પ્રતિબંધો લાદયા હતા. આ સાથે જ બિનજરૂરી પ્રવાસ ટાળવા લોકોને અપીલ પણ કરી હતી. જસ્ટીન ટ્રુડોએ કેનેડીયન બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, મહામારી હોવા છતા કેનેડામાં કૃષિ ઉત્પાદનો અને દવાઓના વ્યાપારમાં કોઈ ફેર પડયો નથી. એ સારી બાબત છે. તેમણે એમપણ કહ્યું હતું કે કોવિડ -૧૯ મહામારી વિશે નવા વરાયેલા અમેરીકન રાષ્ટ્રપતિની વિચારસરણી વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કરતા અલગ છે. આમ છતાં અમેરિકામાં સ્થિતિ હજુ પણ ગંભીર જ છે. ત્યાં વિશ્વભરના કેસોની સંખ્યાનો મોટો હિસ્સો

એટલે કે, અંદાજે ૧૩.૬ મિલીયન જેટલા લોકો છે અને લગભગ ૨૭૦૦૦૦ જેટલા મૃત્યુ કોરોના વાઈરસને કારણે નોંધાઈ ચુકયા છે. મહામારી શરૂ થઈ એ પહેલા વિશ્વની સૌથી લાંબી ગણાતી આ ભુમિ સરહદને અંદાજે ૪૦૦૦૦ લોકો પાર કરતા હતા. હવે માત્ર આવશ્યક સેવાઓ માટે જ છૂટ છે. બિનજરૂરી પ્રવાસ પર પ્રતિબંધ છે.

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs
Start Education Saving Plan for your kid's education
Get up to $7200 Grant (CESG) * Get up to $2000 Grant CLB
Get up to 15% Extra Bonus on your contribution *(Condition Apply)
Start Retirement Saving Plan & Get the benefit of
* Tax Deduction * Tax Free Growth
* Retirement Income * Spousal RRSP
* First home buyers plan * Education costs for you/your spouse
Life Insurance | Critical Illness Insurance | Disability Insurance
Visitors Insurance | Travel Insurance | Super Visa Insurance
Call today for a free no obligation quote
Jagruti Patel
(Insurance Advisor)
647-831-7045
advisorjpatel@gmail.com
Hiring new & experienced insurance advisor
• Better Commission package • Weekly product training
• One on one basis support • Full flexibility

Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.
જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# ઈન્કમટેક્ષમાં ૪૦૦ US ડોલરનું ડિડકશન હોમ ઓફિસ એકસપેન્સ તરીકે અપાશે



## • કર્મચારીએ ખર્ચની કોઈ વિગતો આપવાની જરૂર નહીં પડે

ઓટાવા : કોરોના મહામારીને કારણે લાખો લોકોએ વર્ક ફ્રોમ હોમ કરવાની ફરજ પડી હતી. એ બાબતને ધ્યાને રાખીને લિબરલ સરકારે વ્યકિતગત ઈન્કમટેક્ષમાં ડીડકશન આપવાની જાહેરાત કરી છે. નવી જાહેરાત મુજબ જે કેનેડીયનો ઈન્કમટેક્સ ભરતા હોય તેમને વર્ક ફ્રોમ હોમ ઓફિસ એકસપેન્સ તરીકે ૪૦૦ યુએસ ડોલરનું ડીડકશન વર્ષ ૨૦૨૦ના ટેક્ષ રીટર્નમાં મળી શકશે. કેનેડા રેવન્યુ એજન્સી એવા કર્મચારીઓને આ લાભ આપશે. જેમણે કોવિડ -૧૯ને કારણે વર્ક ફ્રોમ હોમ કરવું પડયું હોય. તેમને ઘરની જગ્યામાં ઓફિસનું કામ કરવા બદલ આ ડીડકશન મળી શકશે. જેને માટે તેમણે ખર્ચની કોઈ વિગતો આપવાની જરૂર નહીં પડે. અત્યારે ઘરેથી કામ કરનારાઓએ ઈલેકટ્રીસીટી બિલ, હીટીંગ અને મેન્ટેનન્સ વગેરે ખર્ચની વિગતો આપવી પડતી હતી. જે હવે આ નવી જાહેરાત બાદ નહીં આપવી પડે, એમ જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું.

કોવિડ -૧૯ને કારણે મળનારી વધારાની છૂટછાટની જાહેરાત આવનારા અઠવાડિયાઓમાં થશે એવી અપેક્ષા છે. નાણાં મંત્રી ક્રિસ્ટીયા ફ્રીલેન્ડે હાઉસ ઓફ કોમન્સમાં મીની બજેટ રજુ કર્યુ હતું અને કહ્યું હતું કે, સરકાર હવે કેનેડીયનોના સ્વાસ્થ્ય માટે બધું જ કરશે. જેની લાંબા સમયથી અપેક્ષા રાખવામાં આવી હતી. જાહેર આરોગ્યના પગલાઓમાં મદદરૂપ થાય એવા દરેક પગલા સરકાર લેશે એવી ખાતરી પણ તેમણે આપી હતી. અત્યાર સુધી સરકારે ૩૨૨ બિલીયન યુએસ ડોલર કોરોના સામેના અભિયાન પાછળ ખર્ચ કર્યો છે. એ ઉપરાંત ૮૫ બિલીયન યુએસ ડોલરની ટેક્ષ રાહતો પણ અપાશે.


બીજા વિશ્વ યુધ્ધ પછીનું આ સૌથી મોટું રાહત પેકેજ છે. સપ્ટેમ્બરમાં સરકારે ચાલુ નાણાંકીય વર્ષ માટેનો અંદાજ જાહેર કર્યો હતો. જેમાં નાણાંખાધ અંદાજે ૩૨૮.૫ બિલીયન યુએસ ડોલરની રહેશે.




# કેનેડાના ૪૪ ધનાઢ્યોની સંપતિ ૫૩ બિલીયન ડોલર વધી

**૧૨ મિલિયન લોકો કરતા માત્ર ૧૦૦ પાસે વધુ સંપત્તિ : દેશની સંપત્તિમાં થતા વધારાનો પાંચમો ભાગ તો ધનવાન પરિવારોના હિસ્સામાં જાય છે**

ટોરોન્ટો : કેનેડામાં અમેરિકા જેટલી કે જેવી આર્થિક અસમાનતા નહીં હોવાની વાત મન મનાવવાની કલ્પના માત્ર પુરવાર થાય એવો અહેવાલ કેનેડાના કરોડપતિઓના વેલ્થ ટેકસના આંકડાઓ પરથી મળે છે. કેનડાના સૌથી વધુ ધનવાનોની સંપતિમાં દેશની સંપતિના વધારાના એક ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો. જયારે બીજાઓની સંપતિમાં ઘટાડો જોવા મળ્યો હોવાનો અહેવાલ કેનેડીયન્સ ફોર ટેકસ ફેરનેસ તરફથી ગુરૂવારે જાહેર કરવામાં આવ્યો હતો.



અહેવાલમાં જોવા મળ્યું હતું કે, કેનેડાના સંખ્યાબંધ ધનવાનોની સંપતિમાં ૨૦૧૦થી ૨૦૧૯ સુધીમાં બેવડો વધારો જોવા મળ્યો હતો. સીટીએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેનેડાના ટોચના ૧૦૦ ધનવાનો પાસે ૧૨ મિલીયન લોકો કરતા વધુ સંપતિ છે. ટોચના એક ટકા ધનવાનોની આવકમાં વધારો થયો છે. જે એક દાયકા પહેલા ૧૭.૯ ટકાથી વધીને ૨૬ ટકા જેટલો છે, જયારે અડધાથી વધુ ગરીબ કેનેડીયનોની સંપતિમાં એ સમયગાળામાં ૫.૯ ટકાથી ઘટીને ૪.૭ ટકા જેટલો ઘટાડો થયો છે.

આમ કેનેડામાં આર્થિક અસમાનતા છે એમ પુરવાર થાય છે. લોકોમાં એવી માન્યતા છે કે, અમેરિકામાં જેટલી આર્થિક અસમાનતા છે એવી કેનેડામાં નથી, એ સાવ કાલ્પનિક વાત જ છે. એમ પણ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. એ વાત અલગ છે કે કેનેડાના ધનવાનોનું લેવલ અમેરીકન જેફ બેઝોસ કે વોરેન બફેટ જેવું નથી. પણ કેનેડામાં કરોડપતિઓની સંખ્યા અમેરિકા કરતા વધુ ઝડપથી વધી રહી છે.

કેનેડાના ટોચના ૪૪ ધનવાનોની સંપતિમાં ૫૩ બિલીયન યુએસ ડોલરનો વધારો આ વર્ષના એપ્રિલથી ઓકટોબર દરમિયાન થયો છે. દેશની સંપત્તિમાં થતા વધારાનો પાંચમો ભાગ તો કેનેડાના ધનવાન પરિવારોના હાથમાં જાય છે. થોમસન રોઈટર મીડિયા સામ્રાજયના વારસ ડેવિડ થોમસનની સંપતિમાં આગળના વર્ષના ૧૦.૪ બિલીયન યુએસ ડોલરથી વધીને ૫૨.૫ બિલીયન યુએસ ડોલર જેટલો થયો હતો.

# ટોરોન્ટોમાં ધોળે દહાડે થયેલા ગોળીબારમાં પુરૂષનું મોત, એક મહિલાને ગંભીર ઈજા

## • પોલીસ દ્વારા શંકાસ્પદ હત્યારાની વિગતો જાહેર

ટોરોન્ટો : ટોરોન્ટોમાં મંગળવારે બપોર બાદ થયેલા ગોળીબારમાં એક વ્યકિતનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયું હતું. જયારે ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ગ્લેનકેરીન એવેન્યુની ડફરીન સ્ટ્રીટ વિસ્તારમાંથી મળેલા સંદેશા બાદ ઈમરજન્સી ક્રુની ટીમ બપોરે ૩.૩૦ કલાક બાદ ઘટનાસ્થળે પહોંચી હતી. આ સમયે તેમણે જોયું હતું કે, ગોળીબારથી ઘવાયેલી એક મહિલા અને પુરૂષ જમીન પર પડયા હતા. ટોરોન્ટોના ડયુટી ઈન્સપેકટર માઈકલ વિલીયમ્સે જણાવ્યું હતું કે, કમનસીબે પુરૂષને બચાવી શકાયો નહોતો, એનું મૃત્યુ ઘટના સ્થળે જ થઈ ગયું હતું. પરંતુ મહિલાને ગંભીર ઈજાઓ હોવાથી તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. પોલીસનું એવું માનવું છે કે, ગોળીબાર થયો ત્યારે આ બંને જણા વાહનની નજીક કે વાહનમાં હતા. ઘટના સ્થળેથી ગોળીઓના ખાલી શેલ્સ વાહનની બહાર જોવા મળ્યા હતા. તેમજ ઘટના સ્થળની તસવીરોમાં સ્પષ્ટ જોવા મળતું હતું કે, કારની બારીના કાચ તૂટેલા હતા. અધિકારીએ કહ્યું હતું કે એમના સિવાય કોઈ એ વાહનમાં હોય એવું લાગતું નથી. તપાસ અધિકારીઓએ શંકાસ્પદ હત્યારાના વર્ણનની જાહેરાત કરી હતી. જે મુજબ હત્યારાએ ગ્રે રંગનો ટ્રેક સુટ પહેર્યો હતો અને હુડ પણ હતું.

એ વિસ્તારના રસ્તાઓ ટોરોન્ટોની હોમિસાઈડ ટીમની તપાસ દરમિયાન બંધ રાખવામાં આવ્યા હતા અને હાજર લોકો પૈકી કોઈ એ ઘટના વિશે જાણકારી આપે એવી અપીલ પણ કરી હતી.

# મોરગેજમાં તેજી: કન્ઝયુમર ખાધ પહેલીવાર બે ટ્રિલીયન ડોલરને આંબી

## • ગયા વર્ષની સરખામણીમાં ૩.૮ ટકા જેટલો વધારો

ઓન્ટેરિયો : કેનેડાના લોકોની ખરીદ શકિતમાં મોરગેજ સેકટરની તેજીને કારણે વધારો થતાં એ બે ટ્રીલીયન યુએસ ડોલરની સપાટીને પહેલીવાર આંબી ગયો હોવાનો અહેવાલ કેનેડાની ક્રેડીટ રેટીંગ એજનસી એકિવફેકસે સોમવારે જાહેર કર્યો હતો. જેમાં કારલોન, મોરગેજસ, ક્રેડીટ કાર્ડ અને અન્ય ખાધનો સમાવેશ થાય છે. જે વર્ષના ત્રીજા કવાર્ટરમાં ગયા વર્ષની સરખામણીમાં ૩.૮ ટકા જેટલો વધારો જોવા મળ્યો હતો. કોરોના મહામારી હોવા છતાં ત્રીજા કવાર્ટરમાં મોરગેજનો આંક ૩૦૦૦૦૦ યુએસ ડોલરને આંબી ગયો છે. જે ગયા વર્ષની સરખામણીમાં ૮.૬ ટકા વધુ છે. લાંબા સમયથી વ્યાજદર છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછો હોવાથી એનો લાભ કેનેડીયન ગ્રાહકોએ લીધો હતો અને એનો આંક વર્ષ ૨૦૧૪ના ૧.૫ ટ્રીલીયન યુએસ ડોલરના આંકને પાર કરી ગયો હતો. નેશનલ બેંક ઓફ કેનેડાએ હોમલોનનો વ્યાજદર ઘણો ઘટાડી દીધો હોવાથી માસિક હપ્તાની રકમ પણ ઓછી થતી હોવાથી લોકોએ ઘર ખરીદવાનું નક્કી કરી લીધું હતું.

# કૃષિ કાયદાથી ભડકો : ખેડૂતોના ઉગ્ર વિરોધ સાથે જ કેન્દ્ર સરકારમાં ફફડાટ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કેન્દ્ર સરકારે લાગુ કરેલા નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોનું આંદોલન વધારે આક્રમક બની રહ્યું છે. ગુરુવારે ખેડૂત નેતાઓ અને સરકારની વચ્ચે બીજીવાર યોજાયેલી બેઠક આઠ કલાક ચાલી હતી. આમ છતાં કોઈ હલ આવ્યો ન હતો. આખરે ખેડૂતોને આંદોલન સમેટવા સમજાવવા માટે પાંચમી ડિસેમ્બરે ફરી બેઠક યોજવા સરકારે તૈયારી બતાવી છે. જો કે, આ સાથે જ વાટાઘાટોનો દોર જારી રખાયો છે. ત્યાં હવે રાજકારણમાં પણ તેના પ્રત્યાઘાતો પડી રહ્યા છે. પંજાબના મુખ્યમંત્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. તો બીજી બાજુ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશ સિંહ બાદલે ખેડૂતોના સમર્થનમાં પદ્મ વિભૂષણ સમ્માન પરત કર્યું હતુ.

ખેડૂતો કૃષિ કાયદાઓને રદ કરવાની માગ કરી રહ્યા છે. પંજાબ સહિત દેશના અનેક રાજ્યોમાં આ કાયદાનો વિરોધ થઈ રહ્યો છે. ખેડૂત નેતાઓની માંગ છે કે, કેન્દ્ર સરકાર સંસદનું એક વિશેષ સત્ર બોલાવે અને નવા કૃષિ કાયદાઓને ખતમ કરે. બીજી બાજુ કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે બેઠક દરમિયાન નેતાઓને જવાબ આપ્યો છે કે, ન્યૂનતમ સમર્થન મુલ્ય એટલે કે એમએસપીને સ્પર્શ નહીં કરાય, એમાં કોઈ બદલાવ નહીં થાય. ઉત્તર ભારતમાં હાલ આકરી ઠંડી શરૂ થઈ હોવા છતાં પંજાબ અને હરિયાણાના ખેડૂતો, ટ્રેક્ટર, ટ્રોલી અને જે વાહન મળ્યું એના પર સવાર થઈને દિલ્હી પહોંચી રહ્યા છે. કૃષિ કાયદાને પાછા લેવા માટે દબાણ સર્જવા અખિલ ભારતીય કિસાન સંઘર્ષ સમન્યવય સમિતિ, રાષ્ટ્રીય ખેડૂત મહાસંઘ અને ભારતીય ખેડૂત યુનિયને સાથે મળીને એક સંયુક્ત મોરચાનું નિર્માણ કર્યું છે. સૌથી પહેલા પાંચ જૂને સરકાર ત્રણ વટહુકમ લાવી હતી અને એ પછી સંસદના મોનસૂન સત્રમાં સરકારે બિલ તરીકે રજૂ કર્યા હતા. લોકસભામાં તો ભાજપ પાસે બહુમતિ હતી એટલા માટે બિલો પસાર કરાવવામાં કોઈ અડચણ આવી ન હતી. પરંતુ રાજ્યસભામાં સરકાર પાસે બહુમતિ ન હોવાના કારણે બિલ પસાર થવામાં મુશ્કેલી હતી. આમ છતાં ભારે હોબાળા વચ્ચે કૃષિબિલ રાજ્યસભામાં ધ્વનિમતથી પસાર થઈ ગયાં. જો કે, કૃષિબિલોના વિરોધમાં સત્તાધારી ભાજપની સૌથી જૂની સહયોગી પાર્ટી અકાલી દળના પ્રતિનિધિ હરસિમરત કૌર બાદલે સૌપ્રથમ કેન્દ્ર સરકારના મંત્રીપદેથી રાજીનામુ આપી દીધું. બાદમાં અકાલી દળ પણ એનડીએમાંથી અલગ થઈ ગયું.

નવા કૃષિ કાયદાને મોદી સરકાર ક્રાન્તિકારી ગણાવે છે. સરકારનો દાવો છે કે, એ ખેડૂતોના હિતમાં છે. નવા કાયદા દ્વારા ખેડૂતો પર લાગેલા બંધનો દૂર થશે અને તેમને ખેતપેદાશોની વધારે સારી કિંમત મેળવવામાં સરળતા રહેશે. ખેડૂતોને તેમનાં ઉત્પાદનો પોતાની મરજીથી વેચવાની છૂટ મળશે અને વચેટિયા સાવ નીકળી જશે. ખેડૂતોએ હવે એપીએમસીની દયા પર જ નિર્ભર નહીં રહેવું પડે એવો સરકારનો દાવો છે. ખેડૂતોને એક એપીએમસી નહીં પણ દેશમાં ઈચ્છે ત્યાં માલ વેચવાની છૂટ મળશે. તેના કારણે તેમને સારા ભાવ મળશે. ખેડૂતો તેમના માલ માટે સુપર સ્ટોર્સ ચેઈન, ફૂડ પ્રોસેસર કે પછી કોઈની પણ સાથે કરાર કરીને સારા ભાવે માલ વેચી શકશે. બલકે મોટા પ્રમાણમાં નિકાસ પણ કરી શકશે કેમ કે આ કાયદો ખેડૂતોને સીધી નિકાસની છૂટ આપે છે. પરંતુ ખેડૂતોનું કહેવું છે કે આ વટહુકમો માર્કેટની વર્તમાન વ્યવસ્થા અંતર્ગત તેમને જે સંરક્ષણ હાંસલ છે એ સમાપ્ત કરી દેશે. સરકારે જે ત્રણ કાયદા ઘડયાં છે એમાંનો પહેલો ખેડૂતોને માર્કેટ સિવાય પણ કૃષિપેદાશો વેચવાની પરવાનગી આપે છે. બીજો કાયદો બિલમાં આવશ્યક વસ્તુઓની યાદીમાં સુધારો કરીને અનાજ, દાળ, તેલ જેવા ઉત્પાદનોને ગમે તેટલી માત્રામાં ખરીદવાની અને સંગ્રહ કરવાની છૂટ આપે છે. તો ત્રીજા કૃષિ કાયદામાં કોન્ટ્રાક્ટ ફાર્મિંગનો રસ્તો ખોલવામાં આવ્યો છે. દેશભરના મોટાભાગના ખેડૂત સંગઠનોનો આ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સામે વિરોધ છે. તેથી આ બિલ પાછું લેવાની માગણી થઈ રહી છે. પરંતુ સરકારનું કહેવું છે કે આ પ્રથા ચાલુ થયા બાદ ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે. સાદી ભાષામાં સમજવું હોય તો મોટી કંપનીઓ કે શ્રીમંતો ખેડૂતો સાથે કોન્ટ્રાક્ટ કરીને તેમને અમુક ખાસ પાક લેવા માટે કહેશે અને એ જ સમયે ઉપજનું મૂલ્ય પણ નક્કી કરી દેશે. ખેડૂતોને ખેતી માટે બીજ અને ટેકનિકલ સહાયતા જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં પણ કોન્ટ્રાક્ટ દ્વારા મદદ મળશે. પાક તૈયાર થતા નક્કી થયેલા ભાવે તે ખરીદવામાં આવશે. આ કંપનીઓ ખેત ઉત્પાદન કેટલા પ્રમાણમાં સંગ્રહ કરી શકશે એની કોઈ મર્યાદા નથી. એટલા માટે આવશ્યક ચીજવસ્તુ કાયદામાં સંશોધન કરવામાં આવી રહ્યું છે. પાક કોઈ કારણોસર નિષ્ફળ જશે તો કોન્ટ્રાક્ટ કરનારી કંપની નુકસાનનું વળતર વીમા કંપનીઓ પાસેથી મેળવી શકશે. આ વ્યવસ્થામાં ખેડૂતના ઉત્પાદનો માટે નક્કી થતા ન્યૂનતમ સમર્થન મૂલ્યનું મહત્ત્વ ઘટી જશે.

હકીકતમાં પાક ઉપર મળતું ન્યૂનતમ સમર્થન મૂલ્ય (એમએસપી) પણ ખેડૂતો માટે મોટી સમસ્યા બની રહ્યું છે. સરકારે ટેકાના ભાવ જાહેર કરી દે છે. પરંતુ આ ભાવનો લાભ કેટલા ખેડૂતોને મળે એ મોટો સવાલ છે. એક અનુમાન પ્રમાણે માત્ર દસ ટકા ખેડૂતો જ ટેકાના ભાવે પોતાની ખેતપેદાશો વેચી શકે છે. જ્યારે ૯૦ ટકા ખેડૂતોને બજારમાં બેઠેલા વચેટિયાઓને ખેતપેદાશો નજીવા દામે વેચી દેવી પડે છે. કેન્દ્ર સરકાર ન્યૂનત્તમ સમર્થન મૂલ્ય તો જાહેર કરી દે છે. પરંતુ તેની વ્યવસ્થા રાજ્ય સરકારો કરતી હોય છે. ખેડૂતોની મજબૂરી હોય છે તેથી તેઓ બજારમાં મૂકેલી તેમની ખેતપેદાશોની કિંમત તાત્કાલિક વસુલી લે છે. કારણ કે પાક તૈયાર થવામાં લાંબી રાહ જોવાની રહે છે અને પાક તૈયાર થાય ત્યાં સુધી ખેડૂતોની આર્થિક સ્થિતી કફોડી થઈ ગઈ હોય છે. તેથી તેમનો તમામ દારોમદાર પાકની કિંમત ઉપર જ આધાર રાખે છે. આ દરમિયાન ખેડૂતો દેવા કરીને પણ પરિવારનો ગુજારો કરવા માટે મજબૂર બની જાય છે. નાના અને સીમાંત ખેડૂતો જ્યારે તેમની પરસેવો પાડીને ઉપજાવેલી ખેતપેદાશો બજારમાં લઈ જાય છે ત્યારે તેના ખિસ્સા સાવ ખાલી હોય છે અને તેમને નાણાની તાતી જરૂરિયાત હોય છે. ખેડૂતોની આ મજબૂરીનો તગડો લાભ વેપારીઓ ઉઠાવે છે અને ખેતપેદાશોનો બધો નફો ખાઈ જાય છે. ભારતના બંધારણ અનુસાર જનકલ્યાણકારી રાજની સ્થાપના માટે સામાન્ય નાગરિકોની ખાદ્ય સુરક્ષા અને ગરીબીની રેખા નીચે રહેતા લોકો માટે યોગ્ય કિંમતે અનાજ ઉપલબ્ધ કરાવવું આવશ્યક છે. જોકે વિપક્ષી દળોનું કહેવું છે કે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ શરૂ થયા બાદ આ સુરક્ષા જ સમાપ્ત થઈ જશે અને ખાદ્યાન્નના ભાવ કૂદકે ને ભૂસકે વધવા લાગશે. એ સાથે જ ૮૦ ટકાથી વધારે ખેડૂતો પાસે નાના કદના ખેતરો હોવાના કારણે મોટી કંપનીઓ અને પુંજીપતિઓ સમક્ષ કાયમ મજબૂર રહેવું પડશે. કોન્ટ્રાક્ટની શરતો તોડયા બાદ તેમને કોઈ રક્ષણ પણ નહીં મળે.

ખેતીવાડીમાં ખેડૂતો અને કંપનીઓ વચ્ચે જે કોન્ટ્રાક્ટ થશે એમાં કંપનીઓનું પલડું ભારે રહેશે અને આવી કંપનીઓ પોતાની આર્થિક તાકાતના જોરે અને સામાજિક અને રાજકીય વગના કારણે કોઈ વિવાદની સ્થિતિમાં ખેડૂતો પર જોહુકમી કરી શકશે. તો બીજી તરફ સરકારનું કહેવું છે કે તે આવું નહીં થવા દે. કારણ કે દરેક કંપની અને પુંજીપતિનું રજિસ્ટ્રેશન રાજ્ય સરકારની દેખરેખ હેઠળ થશે અને તેમના પર સરકાર નજર રાખશે. જો કે, વાસ્તવિકતા છે કે વિશાળ પ્રમાણમાં ખેતીલાયક જમીન હોવા છતાં પણ દેશનો ખેડૂત ન તો ઉત્પાદન વધારી શકે છે કે ન તો નફો કમાઈ શકે છે. છેલ્લા કેટલાંક દાયકાથી

અનુસંધાન પેજ નં. ૧૨

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

દશેરા સ્પેશિયલ
ફાફડા ઝલેબી મળશે

Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Quarantine Special Package**

**$50 Per Day**



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# ઓન્ટેરિયોમાં ભારત માટે વર્ચ્યુઅલ બિઝનેસ મિશન લોન્ચ

## બીજા મિશન માટે યોજાયેલી બેઠકોમાં બિઝનેસ ડેવલપ કરવા અંગે તકોની ચર્ચા થઈ

ટોરોન્ટો : ઓન્ટેરિયોની સરકારે ડીસેમ્બર માસમાં ભારત સાથે વર્ચ્યુઅલ બિઝનેસ મિશન લોન્ચ કરીને ઓન્ટેરિયોને ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન તરીકે પ્રમોટ કરવાનું નક્કી કર્યુ છે. જેથી ઓન્ટેરિયોમાં બિઝનેસની નવી તકો ઉભી કરી શકાય. મિનીસ્ટર ઓફ ઈકોનોમિક ડેવલપમેન્ટ, જોબ ક્રિએશન એન્ડ ટ્રેડ વાઈસ ફેડેલીના નેતૃત્વ હેઠળના આ મિશન અગાઉ પણ ભારતમાં એક વર્ષ પહેલા સફળતાપૂર્વક કામ કરી શક્યું હતું. જેના પગલે બિઝનેસ ટુ બિઝનેસની લગભગ ૧૫૦ મિટીંગો યોજાઈ હતી અને ભારત સાથે ભાગીદારીમાં બિઝનેસ ડેવલપ કરવાની તકોની ચર્ચા થઈ હતી. મિનીસ્ટર ફેડેલીઅસે નવા મિશનની જાહેરાત કરતાં કહ્યું હતું કે, હવે અમે ઓન્ટેરિયોને નવા બિઝનેસ અને રોજગારીની તકો માટે વધુ સારી રીતે ખુલ્લું મુકવા માંગીએ છીએ. આ વખતે વર્ચ્યુઅલ ટુરથી અમે આપણા પ્રાંતના શ્રેષ્ઠ રોકાણ સ્થળોની જાણકારી આપીશું અને ભારતના બજારની વ્યુહાત્મક જાણકારી મેળવી એને અનુરૂપ આયોજન કરી યોજનાઓ અને પ્રસ્તાવો તૈયાર કરીશું. આ બિઝનેસ ડેલીગેશનમાં ઓન્ટેરિયોની ૧૩ ટેકનો કંપનીઓ મિનીસ્ટર સાથે જોડાશે અને ભારતના ડીજીટલ અને ટેકનોલોજી ફોરમ તથા સાઉથ એશિયાના ફોરમો અને ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ સાથે બેઠકો યોજશે. તેઓ ભારતના મહારાષ્ટ્ર, કર્ણાટક અને મધ્યપ્રદેશની સરકારો સાથે પણ દ્વિપક્ષીય બેઠકો યોજશે. સરકારી અને કોર્પોરેટ સેકટરના અગ્રણીઓ સાથે પણ બેઠકો યોજાશે. એ ઉપરાંત ઈન્ડો-કેનેડીયન બિઝનેસ ચેમ્બર અને કેનેડા-ઈન્ડિયા બિજનેસ કાઉન્સીલ સાથે મળીને ઈન્ટરનેશનલ ઓડિયન્સ સમક્ષ પોતાનો પક્ષ રજુ કરી કેનેડાના ઓન્ટેરિયોમાં બિઝનેસની તકોનો સંદેશો પહોંચાડશે.

## વર્ચ્યુઅલ બિઝનેસ મિશનની નોંધપાત્ર બાબતો શું શું હશે?

- ઓન્ટેરિયો પોતાની નવી દિલ્હી અને મુંબઈની ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસોમાં ઈન્વેસ્ટમેન્ટ સોદાઓ પુરા કરવાની ગોઠવણ કરશે, જેથી સ્મોલ એન્ડ મિડીયમ સેકટરના સાહસિકો પોતાની એક્સપોર્ટ સુવિધાઓ વધારી શકે.
- ઓન્ટેરિયોમાં ૬૦થી વધુ કંપનીઓએ જુદા જુદા સેકટરોમાં કરેલા ઈન્વેસ્ટમેન્ટની જાણકારી આપશે.
- ઓન્ટેરિયો ઈનોવેશન અને ટેકનો સેકટરનું સૌથી મોટુ બીજા ક્રમનું સેન્ટર ઉત્તર અમેરિકામાં ધરાવે છે એનો લાભ આ સેકટરના સાહસિકોને મળી શકશે. જેમાં અંદાજે ૨૩,૯૫૦ ટેકનો કંપનીઓ છે. જેમાં ૩૨૩૦૦૦ પ્રોફેશનલ્સને રોજગાર મળે છે.
- ઓન્ટેરિયોમાં અભ્યાસ કરી રહેલા ૫૨,૦૦૦થી વધુ પોસ્ટ સેકન્ડરીના વિદ્યાર્થીઓ છે, જેમનો લાભ ત્યાં આવનારા રોકાણકારોને મળી શકે એમ છે.
- કેનેડાના ૧૨ પૈકી ૬ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર્સ ઓન્ટેરિયોમાં છે. એ ઉપરાંત ઓન્ટેરિયોના જીડીપીમાં ૧૨ ટકા હિસ્સા જેટલા અંદાજે ૭૦૦૦૦૦ રોજગારો છે. ઓન્ટેરિયોના ૨૦૧૯ના જીડીપીમાં ૮૮ બિલીયન યુએસ ડોલરનો ફાળો મેન્યુફેકચરીંગ સેકટર અને સ્કીલ્ડ વર્ક ફોર્સનો રહ્યો છે. આ વાતોનો સમાવેશ કરાશે.


JOB AVAILABLE

Looking for reliable person for Electrical Supply Store in Mississauga. Reference required.

:: Please Contact ::

achristie1124@yahoo.com

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.

- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor

Call: VIPUL SHAH

www.adsgas.ca

416.988.5784

Email:adsgasservice@gmail.com

WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT A STEP AHEAD FSRA # 10252

➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch

5 Yrs Fixed @ 1.50%* High Ratio Only
5 Yrs Variable @ 1.25%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial.
Pranay Jani *
Nilesh Tailor *
Tushar Patel*
Bala Shah*
Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker

Cell : 416-616-1300

Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President

* Some conditions apply

# ગુજરાતના વધુ ૧૫૪૦ લોકો કોરોના વાયરસની ચપેટમાં, ૧૩ દર્દીના મોત

## ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧,૯૫,૩૬૫ લોકોને સાજા થતા રજા અપાઈ

અમદાવાદ : રાજ્યમાં કોરોના સંક્રમણનો આંકડો સતત ચિંતાજનક આવી રહ્યો છે. રાજ્યમાં ગુરુવારે ફરી રાજ્યમાં ૧૫૦૦થી વધારે પોઝિટિવ કેસ નોંધાયા હતા. મહાનગરોમાં પોઝિટિવ કેસોની સંખ્યા સતત વધી રહી છે. રાજ્યમાં જેમ-જેમ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે તેમ-તેમ કોરોનાનો પ્રસાર પણ વધી રહ્યો છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં નોંધાયેલા કોરોનાના પોઝિટિવ કેસના આંકડા જાહેર કરવામાં આવ્યા હતા.



રાજ્યમાં કોરોના વાયરસના છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૪૦ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૧૪૨૭ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૩ દર્દીના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૦૩૧ પર પહોંચી ગયો છે. ગુજરાતમાં આજ દિવસ સુધીમાં કુલ ૧,૯૫,૩૬૫ લોકોને સાજા થતા રજા આપવામા આવી છે.

ગુરુવારે સમગ્ર ગુજરાતમાં કુલ ૬૯,૭૩૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે તો આજ દિવસ સુધીમાં સમગ્ર ગુજરાતમાં કુલ ૮૦,૩૩,૩૮૮ લોકોના ટેસ્ટ કરવામા આવ્યા છે. રાજ્યનાં જુદા જુદા જિલ્લાઓમાં કુલ ૫,૩૩,૫૪૮ લોકોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. જેમાંથી ૫,૩૩,૩૮૬ લોકોને હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે તો ૧૬૨ લોકોને ફેસીલીટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યા છે. આજે નોંધાયેલા ૧૫૪૦ પોઝિટિવ કેસમાંથી અમદાવાદ શહેરમાં ૩૧૪, અમદાવાદ જિલ્લામાં ૨૨, સુરત શહેરમાં ૨૦૭, સુરત જિલ્લામાં ૩૯, વડોદરા શહેરમાં ૧૪૨, વડોદરા જિલ્લામાં ૪૨, રાજકોટ શહેરમાં ૯૩, રાજકોટ જિલ્લામાં ૪૮ કોરોનાના કેસ નોંધાયા છે. રાજ્યમાં નોંધાયેલા કુલ કેસોમાંથી હાલ ૯૬ લોકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૧૪,૮૧૭ દર્દીઓ સ્ટેબલ છે. અત્યાર સુધીમાં ૧,૯૫,૩૬૫ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજ્યમાં મૃતકોનો આંકડો ૪૦૩૧ થયો છે. રાજ્યમાં રિકવરી રેટ ૯૧.૧૬% છે.

# માસ્ક વગર ફરનારને કોરોના સેન્ટરમાં સેવાની સજા ઉપર સ્ટે

અમદાવાદઃ ગુજરાતમાં માસ્ક પહેર્યા વગર બહાર નીકળતા લોકો સામે કડક પગલાં ભરવા તેમ જ આવા લોકોને કોરોના સેન્ટરમાં સેવા આપવા માટેની સજા કરવાનું જાહેરનામું બહાર પાડવા ગુજરાત હાઈ કોર્ટના નિર્દેશ પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી છે. અગાઉ ગુજરાત હાઈ કોર્ટે સરકારને માસ્ક ન પહેર્યું હોય તેમને કોવિડ સેન્ટરમાં સેવાની સજા કરવાનો આદેશ કર્યો હતો, જેના પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી છે. ગુજરાત હાઈ કોર્ટે માસ્ક ન પહેરનારને કોવિડ કોમ્યુનિટી સર્વિસમાં સેવાની સજાનો આદેશ બહાર પાડવા રાજ્ય સરકારને નિર્દેશ કર્યો હતો, જેની સામે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ગુજરાતના સોલિસિટર જનરલે આ મામલે આજે જ સુનાવણી કરવા માટેની સુપ્રીમ કોર્ટમાં વિનંતી કરી હતી.

આ સુનાવણી વેળાએ સુપ્રીમ કોર્ટે દિશા-નિર્દેશ આપતા કહ્યું હતું કે રાજ્યોને કહો કે કોરોના વાઈરસ પોઝિટિવ દર્દીઓના ઘરની બહાર કોવિડ-૧૯ પોઝિટિવ પોસ્ટર લગાવવું



ન જોઈએ. સામે કેન્દ્રએ જણાવ્યું હતું કે કોવિડ પોસ્ટર ચોટડવાની કોઈ વાત કેન્દ્ર સરકારની ગાઈડલાઈનમાં નથી. સોલિસિટર જનરલ તુષાર મહેતાઃ ક્યારેક ઈલાજ પોતે અટકાવ કરતા વધારે ખતરનાક હોય છે.

હાઈ કોર્ટ માસ્ક પહેર્યા વગર ફરનારા સામે નારાજ છે. હાઈ કોર્ટે માસ્ક વગર પકડાયેલા લોકો સામે આકરું વલણ અપનાવ્યું હતું. એને પગલે માસ્ક વગર પકડાયેલા લોકોને કોવિડ કેર સેન્ટરમાં પથી ૧૫ દિવસ સુધી ફરજિયાત પથી ૬ કલાકની કોમ્યુનિટી સેવા આપવા માટે ગુજરાત સરકારને આદેશ કર્યો છે. રાજ્યમાં કોરોનાનું સંક્રમણ વકરી રહ્યું છે ત્યારે ગુજરાત હાઈ કોર્ટ માસ્ક પહેર્યા વગર ફરનારા સામે નારાજ છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)



Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# લગ્નમાં ગીતા રબારી, સાંસદ પૂનમ માડમે કોરોના ગાઈડલાઈનનાં ધજાગરા ઉડાવ્યા

દ્વારકા : કોરોના મહામારી દરમિયાન ભાજપના નેતાઓ દ્વારા કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. મંગળવારે દેવભૂમિ દ્વારકામાં લગ્ન પ્રસંગમાં કોરોના ગાઈડલાઈનનાં ધજાગરા ઉડ્યા હતા. અહિં ખુલ્લેઆમ કોરોનાનાં નિયમનોની ઐસી કી તૈસી કરવામાં આવી છતા સ્થાનિક પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નહી. દેવભૂમિ દ્વારકાના નવી મોવાણમાં યોજાયેલા રિસેપ્શન કાર્યક્રમમાં દાંડીયા રાસ રમાયા જ્યાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડ્યા હતા. આ કાર્યક્રમમાં સાંસદ પૂનમ માડમ પણ માસ્ક વગર રાસ રમતા જોવા મળ્યા હતાં.

દ્વારકા જિલ્લામાં નવી મોવાણ ગામે એક ભવ્ય લગ્ન પ્રસંગમાં ગીતા રબારીના દાંડીયા રાસમાં સામાજિક અંતરના ધજાગરા ઉડ્યા હતા. સાસંદ સભ્ય પૂનમબેન માડમ પણ માસ્ક વિના રાસ રમતા નજરે પડ્યા હતા. નવી મોવાણ ગામે ભીખુભાઈ ગોજીયા ના નિવાસ સ્થાને ભવ્યાતિભવ્ય લગ્ન પ્રસંગ બાદ યોજાયેલા રીસેપ્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગીતા રબારીના તાલ સાથે રાસ લેવામાં ભાજપના સાસંદ પૂનમબેન માડમ પણ માસ્ક વિના રાસ રમતા નજરે પડ્યા હતા. ભીખુભાઈ ગોજીયા સમર્થ ગ્રુપ ઓફ કંપનીના આંગણે નવી મોવાણ ગામે યોજાયેલા ભવ્ય રીસેપ્શન પ્રોગ્રામમાં ગીતા રબારી જેવા કલાકારોએ રાસની રમઝટ બોલાવી હતી. કોરોના મહામારી વચ્ચે મોટી જનમેદની વચ્ચે નીતિ નિયમો નેવે મૂકીને આ કાર્યક્રમ યોજાયો હતો.

# મહેસાણામાં ૫૧, પાટણમાં ૧૪ બનાસકાંઠામાં ૨૯ પોઝિટિવ કેસ

મહેસાણા : ઉત્તર ગુજરાતમાં પ્રતિદિન કોરોનાના ૧૦૦થી વધુ પ્રોઝિટીવ કેસ નોંધાઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં છેલ્લા બે દિવસથી કોરોના સંક્રમણની ગતિ ધીમી પડી રહેલી જોવા મળી છે. જોકે મહેસાણામાં સૌથી વધુ ૫૧ કેસ નોંધાયા છે. જ્યારે પાટણમાં ૧૪ અને બનાસકાંઠામાં ૨૯ કેસ નોંધાયા છે. ઉત્તર ગુજરાતમાં કુલ ૯૪ કેસ નોંધાય છે. બનાસકાંઠાના ડીસા જિલ્લાને હોટસ્પોટ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિજાપુરના એક આધેડ બેંક કર્મચારીનું કોરોના કારણે મોત નિપજ્યું છે. મહેસાણા જિલ્લામાં ૨ લી ડીસેમ્બરના રોજ ૨૬૦૬૯ના સેમ્પલ લેવાયા હતા. જે પૈકી ૨૩૮૮૯નો નેગેટીવ આવેલ છે. જ્યારે ૪૯૦ સેમ્પલનો રીપોર્ટ આવતા જે માંથી ૪૫૨નો નેગેટીવ રીપોર્ટ જણાયો હતો. આજે નોંધાયેલ ૫૧ કેસ પૈકી ૩૦ શહેરી અને ૨૧ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો જેમાં ૧૫ મહિલા ૩૬ પુરૂષ કોરોના સંક્રમિત થયા છે. સરકારી લેબમાં ૩૮ તથા ખાનગી લેબમાં ૧૩ પોઝિટીવ કેસ નોંધાયા છે. તથા ૩૮ દર્દીઓને કોરોનાને મહાત આપતાં રજા અપાઈ હતી.

## અમદાવાદમાં સિવિલના વધુ પાંચ ડોક્ટરો કોરોનાની ચપેટમાં આવ્યાં

અમદાવાદ : ગુજરાતમાં પેટા ચૂંટણી અને તહેવાર બાદ કોરોનાનું સંક્રમણ વધ્યું છે. તેમાં પણ ખાસ કરીને અમદાવાદ શહેરમાં કોરોનાનું સંક્રમણ દિનપ્રતિદીન વધી રહ્યું છે. લોકો તો ઠીક પણ ખુદ ડોક્ટરો પણ કોરોનાથી બાકાત રહી શક્યાં નથી. અમદાવાદમાં ફરી એપ્રિલ-મે મહિનાની જેવો ઘાતક માહોલ જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૯૧ પોઝિટીવ કેસ નોંધાયા છે. જ્યારે વધુ ૧૩ દર્દીઓના સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યા છે. અમદાવાદ સિવિલના વધુ પાંચ ડોકટરો કોરોનાથી સંક્રમિત થયા હોવાનુ જાણવા મળ્યું છે. આ અગાઉ પણ અમદાવાદ સિવિલ હોસ્પિટલના મેડિસીન વિભાગ સહિત અન્ય વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ કોરોનાથી સંક્રમિત થયા હતાં. આ વાતને હજુ માંડ એકાદ સપ્તાહ વિત્યો છે. ત્યાં સિવિલના વધુ પાંચ ડોકટરો કોરોનાની ચપેટમાં આવ્યાં છે.

## સુરત શહેરમાં કોરોનાને પગલે ૧૫૦૮ માઇક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર

સુરત : ગુજરાત રાજ્યમાં દિવાળી બાદ કોરોનાનું સંક્રમણ બેફામ રીતે વધી ગયું છે. આમ તો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં નાઈટ કર્ફ્યૂ અમલી બનાવી તેને રોકવા પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ આ જ શહેરો હવે કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેખાય રહ્યા છે. દરમિયાન બુધવારે સુરતમાં કોરોનાની સ્થિતિ વણસી રહ્યાની સમીક્ષા સરકાર અને આરોગ્ય વિભાગે કરી હતી. સુરત મનપા કોરોનાનું સંક્રમણ રોકવા પગલા લઈ રહી છે છતા પણ કેસમાં વધારો થઈ રહ્યો છે. સુરત શહેરમાં છેલ્લા ૧૫ દિવસમાં માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોનની સંખ્યા વધી છે. જેમાં અઠવા વિસ્તારમાં ૩૨૭, રાંદેર વિસ્તારમાં ૩૮૫ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા હતા. દિવાળી સમયે સુરતમાં ૮૩૦ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન હતા, સુરતના કતારગામમાં ૨૦૫ તથા લીંબાયતમાં ૧૯૫ કન્ટેનમેન્ટ ઝોન અને વરાછામાં ૧૬૦ કન્ટેનમેન્ટ ઝોન અસ્તિત્વમાં છે.

## ઓક્સિજનના અભાવે દર્દીનું મોત થતાં ચાંદખેડાની હોસ્પિટલમાં તોડફોડ

અમદાવાદ : કોરોનાના કારણે એક બેન્ક કર્મચારીનું મૃત્યુ થતાં ચાંદખેડામાં આવેલી ટીએલજીએચ હોસ્પિટલમાં અમુક સ્વજનો અને લોકોના ટોળાંએ તોડફોડ કરી હતી. અમિત કાપડિયા નામના મૂળ દાણીલીમડાના રહીશ એવા બેન્ક કર્મચારી સાત દિવસથી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. બપોરે તબિયત લથડયા પછી અમિત કાપડિયાને સાંજે મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં. હોસ્પિટલમાં ઓક્સિજનના અભાવે મૃત્યુ થયાના આક્ષેપ સાથે લોકોએ સ્વાભાવિક ઉશ્કેરાટ સાથે હોસ્પિટલના રિસેપ્શન સહિતના સ્થળો તોડફોડ કરી હતી. હોસ્પિટલના કાચ ફોડી નંખાયા હતા અને અન્ય વસ્તુ વેરવિખેર કરી નાંખવામાં આવતાં પોલીસ બોલાવાઈ હતી. ચાંદખેડા પોલીસે જણાવ્યું કે, તોડફોડ કરવામાં આવતાં ગુનો નોંધવામાં આવશે. રાત્રી કર્ફ્યૂ વચ્ચે અંદાજે ૩૦૦ લોકોનું ટોળું હોસ્પિટલ ખાતે એકત્ર થઈ ગયું હતું.

## કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં સફળ રહ્યા છીએ: મુખ્યમંત્રી વિજય રૂપાણી

અમદાવાદ: કોરોનાના કપરા કાળમાં જનતા-જનાર્દનના સહકારથી કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં આપણે સફળ રહ્યા છીએ. કોરોના સંક્રમિતોને સારામાં સારી સારવાર મળી રહે તેની રાજ્ય સરકારે સતત ચિંતા કરી છે એવું ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશમાં કોરોના સામે રક્ષણ માટે ઝડપથી વેક્સિન પ્રાપ્ત થાય તેવા સતત પ્રયાસો કરી રહ્યા છે એમ જણાવતાં મુખ્ય પ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત પણ કોરોના વેક્સિનના અસરકારક ડિસ્ટ્રિબ્યુશન માટે ધ્યાન કેન્દ્રિત કરી જરૂરિયાતમંદો સુધી વેક્સિન પહોંચે તે દિશામાં આયોજનબદ્ધ રીતે આગળ વધી રહ્યું છે. મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં વિકાસ કામોમાં અનેક અવરોધો-રૂકાવટો આવતી હતી. પરંતુ પ્રવર્તમાન શાસનમાં પ્રજાના પરસેવાના એક એક પૈસાનો સદઉપયોગ થઈ રહ્યો છે.


Investment Opportunity

Retired Hotel Owner requires investors for Hotel/Motel Business.

Interested Investor may

: Contact at :

514-909-1190



"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance

We represent many insurance companies, we can shop around for best rates.



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com



First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.

## પરમાણુ બોમ્બ બનાવવા સામે સતત વાંધો ઉઠવતા ઈઝરાયેલ પર વધુ એક વિજ્ઞાનીની હત્યાનો આરોપ

# ઇરાનના વિજ્ઞાની મોહસિનની રહસ્યમય હત્યા

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

અમેરિકી વિજ્ઞાની રોબર્ટ ઓપનહાઈમરે જગતમાં સૌ પ્રથમ પરમાણુ બોમ્બનું સફળ પરીક્ષણ કર્યું હતું. એટલે તેને સમગ્ર જગતના પરમાણુ બોમ્બના પિતામહ કહેવામાં આવે છે. મેક્સિકોના રણમાં જ્યારે અમેરિકાએ જગતના પ્રથમ પરમાણુ બોમ્બનું પરિક્ષણ કર્યુ, ત્યારે થયેલો વિસ્ફોટ જોઈને ભારતીય સંસ્કૃતિના જાણકાર ઓપનહામરે ભગવદ્ ગીતાનો શ્લોક ટાંક્યો હતો.

ત્યારબાદ આ ઓપનહાઈમર સાથે જેની સરખામણી થતી હતી એ ઈરાની પરમાણુ વિજ્ઞાની મોહસિન ફરરીઝાહેદ હતા. ગત શુક્રવારે તેની કાર ઉપર અંધાધૂંધ ગોળીઓ વરસાવીને તેની હત્યા કરી દેવાઈ. પોતાની કારમાં મોહસિન જઈ રહ્યા હતા ત્યારે સુમસામ રસ્તા પર પહેલા વિસ્ફોટ થયો હતો. એટલે કાર થંભાવાઈ હતી. જે બાદ તરત જ તેમના પર ગોળીબાર થયો હતો. આ ઘટનામાં ઈજા પામેલા મોહસિનને તાબડતોબ દવાખાને લઈ જવાયા પણ ત્યાં સુધીમાં તેમનું પ્રાણપખેરું ઉડી ગયું હતુ. તેઓ ઈરાનના સર્વોચ્ચ પરમાણુ વિજ્ઞાની અને ઈરાનિયન રિવોલ્યુશનરી ગાર્ડના સભ્ય હોવાને કારણે તે સમયે તેમની સાથે બોડીગાર્ડ પણ હતા. એ બોડીગાર્ડ પણ આ ઘટનામાં ઘાયલ થતાં તેમની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક માહિતી પ્રમાણે ત્રણ કે ચાર અજાણ્યા હત્યારાઓએ આ કૃત્યને અંજામ આપ્યો હતો. ઘટના બાદ એ હત્યારાઓ પાછળ ઈઝરાયેલનો દોરીસંચાર હોવાનો આરોપ ઈરાની વિદેશમંત્રીએ મુક્યો છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ સામે ઈઝરાયલને વાંધો રહ્યો છે. તેથી આ પ્રોજેકટ અટકે તે માટે સૌથી વધુ રસ ઈઝરાયેલને છે. આવા સંજોગોમાં મોહસિનની હત્યા પાછળ તેનો હાથ હોવાના આરોપો મુકાયા રહ્યા છે.

અમેરિકી જાસૂસી સંસ્થા સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (સીઆઈએ) અમેરિકાની ઈચ્છા પ્રમાણે કોઈ દેશમાં સત્તા પરિવર્તન કરાવે કે પછી દેશના વડાની હત્યા કરાવે છે એમ ઈઝરાયેલ માટે એ કામ મોસાદ કરે છે. ઈઝરાયેલી જાસૂસી સંસ્થા મોસાદે ભૂતકાળમાં ફાઈટર વિમાનનું અપહરણ, આખા જહાજનું અપહરણ, ઈરાનના જ બની રહેલા પરમાણુ મથક પર હુમલો કરી તેને ધ્વસ્ત કરવું, હરિફ દેશના મહત્ત્વપૂર્ણ વિજ્ઞાનીઓને ઉડાવી દેવા કે પછી ઉપાડી લેવા, પોતાના દેશ પર હુમલો કરનારા આતંકીઓને જ્યાં હોય ત્યાંથી શોધીને ઠાર કરવા, વગેર મિશનો પાર પાડયા છે. આવા કામોમાં મોસાદને કોઈ પહોંચી શકે એમ નથી.

હવે મોહસિનનું સ્થાન લેનારો વિજ્ઞાની આવે અથવા તેમના હાથ નીચેના વિજ્ઞાનીઓ તેમનું કામ સંભાળી પ્રોજેક્ટ આગળ વધારે એમાં હવે ખાસો સમય નીકળી જશે. ઈઝરાયેલની આ જ રણનીતિ રહી છે. પરમાણુ કાર્યક્રમ અટકાવવો હોય તો તેના મૂળમાં રહેલા માણસોને જ નિશાન બનાવવા પડે. મોહસિન ઈરાનના પરમાણુ કાર્યક્રમના મૂળમાં રહેલા સૌથી મહત્ત્વના વ્યક્તિ હતા. આમ પણ અમેરિકા, ઈઝરાયેલ જેવા દેશો એવુ માને છે કે, તેઓએ પરમાણુ બોમ્બ બનાવી લીધા છે. હવે બીજા કોઈ દેશે આ ક્ષેત્રમાં શક્તિશાળી બનવું નહીં. બસ આ જ માનસિકતાને કારણે ઘણા દેશો સાથે તેના સબંધો બગડયા છે. ભારતનો પરમાણુ કાર્યક્રમ અટકાવવા માટે અમેરિકાએ ભરપૂર પ્રયાસો કર્યા હતા એ બાબત સૌ કોઈ જાણે છે. ઈસરો અને ભારતની પરમાણુ સંસ્થા ભાભા એટમિક રિસર્ચ સેન્ટરના મળીને ૬૮૦ વિજ્ઞાની-એન્જીનિયરોની હત્યા ગણતરીના વર્ષોમાં થઈ છે. આ બધી ઘટનાઓ પાછળ અમેરિકી સંસ્થા સીઆઈએનો જ હાથ હોવાનો આક્ષેપ ઈસરોના પૂર્વ વિજ્ઞાની નામ્બી નારાયણ કરી ચુક્યા છે. ભારતના પરમાણુ વિજ્ઞાનના પાયામાં રહેલા ડૉ. હોમી ભાભાનું પણ વિમાન અકસ્માતમાં શંકાસ્પદ મોત થયું હતું. ટૂંકમાં બીજા દેશને પાછળ પાડવા તેના વિજ્ઞાની, નિર્દોષ નાગરિકો, એન્જીનિયરો, રાજકારણીઓની હત્યા કરવી એ અમેરિકા કે ઈઝરાયેલની ફીદરત રહી છે. આખા જગતને માનવાધિકારની સલાહ આપતા આ દેશો પોતે જ તેની વાતને અનુસરતા નથી.

ઈરાન પરમાણુ બોમ્બ બનાવે એટલે ઈઝરાયેલના પેટમાં ચુંક આવે તે સ્વાભાવિક છે. ઈઝરાયેલ પાસે પરમાણુ બોમ્બ છે અને એટલે જ ચો-તરફ ઈસ્લામીક-દુશ્મન દેશો વચ્ચે ઘેરાયેલું હોવા છતાં ઈઝરાયેલે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. પોતાના મુસ્લિમ હરિફો અણુ બોમ્બ ન બનાવે એ ઈઝરાયેલ સતત વોચ રાખતું રહે છે. ઈરાન પર અમેરિકા સહિતના દેશોએ વિવિધ પ્રતિબંધો મુક્યા છે અને સબંધોમાં ઉતાર-ચડાવ આવે તેનું કારણ ઈરાનનો પરમાણુ કાર્યક્રમ છે. ઈરાનનો એવો દાવો છે કે એ પરમાણુ શક્તિ દ્વારા ઊર્જા મેળવવા માંગે છે. પરમાણુ શક્તિ દ્વારા વીજળી પેદા કરવાનો તો સૌ કોઈને અધિકાર છે. ધ ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી (આઈએઈએ)એ પરમાણુંના ઉપયોગ માટે કેટલાક ધારા-ધોરણો નક્કી કર્યા છે. જેમાં કેટલું યુરેનિયમ હોવું જોઈએ અને કેટલા પ્રમાણમાં શુદ્ધ યુરેનિયમ હોવું જોઈએ તેનું માપ નક્કી થયેલું છે. પરંતુ ઈરાન એ માપદંડોનું પાલન કરતું નથી તેવા સવાલો પણ ઘણાં સમયથી ઉઠી રહ્યા છે.

નવેમ્બરના આરંભે જ એટમિક એનર્જી એજન્સીએ દાવો કર્યો હતો કે, ઈરાને નિર્ધારિત માત્રા કરતાં બારગણુ વધારે યુરેનિયમ ભેગું કર્યું છે. ૨૦૧૫માં એટમિક એજન્સીએ નક્કી કર્યા પ્રમાણે ઈરાને ૩૦૦ કિલોગ્રામ જેટલું જ શુદ્ધ થયેલું (એનરિચ) યુરેનિયમ રાખવાની છૂટ છે. આટલા યુરેનિયમ વડે તેની ઊર્જા જરૂરિયાત પુરી થઈ જાય. પણ ઈરાન પાસે અત્યારે જથ્થો વધીને ૨૪૦૦ કિલોગ્રામ કરતાં વધી ગયો છે. ઈરાન આટલા બધા યુરેનિયમનું શું કરે છે ? આથી દુનિયાના શક્તિશાળી દેશોને ઈરાન પર ત્યાં પરમાણુ બોમ્બ જ બનતો હોય એવી શંકા જાય છે. વળી મોસાદના ફરી વળેલા જાસૂસોએ પાક્કે પાયે માહિતી એકઠી કરી હતી કે ઈરાનનો પરમાણુ બોમ્બ કાર્યક્રમ નોંધપાત્ર રીતે આગળ વધી રહ્યો છે. તેથી જ ઈરાની વિજ્ઞાનીને ઉડાવી દેવાનો જોખમી પ્રોજેક્ટ હાથ ધર્યો હોય તેમ મનાય છે.

અગાઉ એટમિક એજન્સીએ તપાસીને એવું સર્ટિફિકેટ આપ્યું હતું કે, ઈરાનનો કાર્યક્રમ પરમાણુ શસ્ત્ર માટે નથી, પરમાણુ ઊર્જા માટેનો છે. પણ ઈરાને સૌ કોઈની આંખોમાં ધૂળ નાખીને શસ્ત્રાગાર સમૃદ્ધ કરવાનું આયોજન આગળ વધાર્યુ છે. અત્યારે તો સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ આ હત્યાનો વિરોધ નોંધાવ્યો છે. ઈરાને તો સ્પષ્ટ કહ્યું છે કે, આ ઈઝરાયેલ અને અમેરિકાનું આતંકી કૃત્ય છે, અમારા દેશ પર થયેલો આતંકી હુમલો છે. માટે ઈરાન તેનો જવાબ આપશે જ. એ પણ હકીકત છે કે, છેલ્લા દોઢ-બે દાયકામાં વારંવાર પ્રયાસો છતાં ઈરાન અમેરિકાના તાબામાં આવ્યું નથી. ૬૩ વર્ષના મોહસિનની હત્યા માટે લાંબા સમયથી આયોજન કરવામાં આવ્યું હશે એવી ધારણા બંધાઈ રહી છે. કેમ કે, પરમાણુ વિજ્ઞાની હોવા ઉપરાંત એ મિસાઈલ એકસપર્ટ પણ હતા. વળી, અગાઉ ઈઝરાયેલી વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુએ એક વખત કહ્યું હતું કે આ (મોહસિન) નામ યાદ રહેશે. તેનો ઈશારો એ વાત તરફ હતો કે આ નામ યાદ રાખીને મિટાવવું જરૂરી છે. અમેરિકા-ઈઝરાયેલની જુગલબંધી જાણીતી છે. ઈરાનના જનરલ કાસિમ સુલેમાનીને તો અમેરિકાએ ડ્રોન હુમલામાં ઊડાવી દઈને પોતાનો ઈરાદો સ્પષ્ટ કરી જ દીધો હતો. જો કે, આમ છતાં ઈરાનના અન્ય પરમાણુ વિજ્ઞાનીઓની હિંમ્મત હજી અકબંધ છે. તેમનું કહેવું છે કે પચાસ વર્ષથી અમારા પર આવા હુમલા થતા આવ્યા છે. આ હુમલાની નવાઈ નથી. શરૂઆતમાં આમારા પર હુમલા થતા ત્યારે અમારા પરમાણુ કાર્યક્રમને અસર થતી હતી અને વર્ષો સુધી પાછો ઠેલાતો હતો. હવે પરમાણુ કાર્યક્રમ એટલો વિકસી ચૂક્યો છે કે આવી હત્યાથી અમારા કામને ખાસ ફરક પડવાનો નથી.



વિસ્ફોટ કરી કાર અટકાવાયા બાદ પરમાણુ વિજ્ઞાનીની કાર પર અંધાધૂંધ ગોળીઓ વરસી, યોગ્ય જવાબ આપવાની ધમકીથી ઈઝરાયલ ઈરાન વચ્ચે લશ્કરી સંઘર્ષના એંધાણ



## અભિનેતા સની દેઓલ કોરોના પોઝિટિવ

મુંબઈ: ભાજપના સંસદસભ્ય અને અભિનેતા સની દેઓલને કોરોનાનો ચેપ લાગ્યો હોવાના અહેવાલ મળ્યા હતા. બોલિવૂડના સિનિયર અભિનેતા અને ભાજપના સાંસદ ધર્મેન્દ્રના મોટા પુત્ર સની પણ હાલ ભાજપના સાંસદ છે. દરમિયાન, મનાલીમાં એમણે કોરોના ટેસ્ટ કરાવતાં એ કોરોના પોઝિટિવ હોવાના રિપોર્ટ આવ્યા હતા એટલે હવે મનાલીમાંજ સારવાર લેશે અને ક્વોરંટનાઇનમાં રહેશે. હિમાચલ પ્રદેશના આરોગ્ય સચિવ અમિતાભ અવસ્થીએ સનીને કોરોના થયો હોવાના અહેવાલને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે હવે તો પૂરેપૂરા સાજા થયા બાદ સની મુંબઇ પાછાં ફરી શકશે.

# ખેડૂતો આંદોલન મુદ્દે દિલજીત-કંગના સામસામે



મુંબઈ: બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌત અને પંજાબી અભિનેતા અને સિંગર દિલજીત દોસાંજ વચ્ચે ખેડૂતોના આંદોલનને લઈ ધડબડાટી બોલી ગઈ છે. સોશિયલ મીડિયા પર બંન્ને વચ્ચે યુદ્ધ શરૂ થયું છે. જેમાં કંગનાએ દિલજીત પર કટાક્ષ કરીને કરણ જોહરનું પણ નામ લીધું છે. કંગનાએ એક વૃદ્ધ ખેડૂત દાદીને બિલકિસ બાનો કહીને તેની મજાક ઉડાવી હતી. આ અંગે દિલજીતે લખ્યું હતું કે માણસ એટલો બધો પણ અંધ ન હોવો જોઈએ.

દિલ્હીમાં ખેડુતોના વિરોધ પછી કંગનાને એક વૃદ્ધ શીખ મહિલા વિશે ટ્વીટ કરવા બદલ કાનૂની નોટિસ મળી હતી. જે બાદ દિલજીતે સોશિયલ મીડિયા પોસ્ટ કરતી વખતે કંગના પર નિશાન સાધ્યું હતું. હવે બંને વચ્ચે સોશિયલ મીડિયા પણ જંગ શરૂ થઈ ગયો છે.

કંગનાએ દિલજીતને જવાબ આપતાં બે ટ્વિટ્સમાં લખ્યું છે, 'સાંભળો ગિદ્દો, મારા મૌનને મારી નબળાઈ ન માનો, હું જોઈ રહી છું કે તમે કેવી રીતે નિર્દોષ લોકો સામે ખોટું બોલી બોલીને અને તેમનો ઉપયોગ કરીને ભડકાવી રહ્યા છો, જ્યારે શાહીન બાગની જેમ જ આ બધા આંદોલનનું રહસ્ય ખૂલશે ત્યારે હું એક શાનદાર ભાષણ લખીશ અને હું તમારા લોકોનું મોંઢુ કાળુ કરીશ – બબ્બરશેરની.

દિલજીત અને કંગના એટલે અટક્યા નહીં, બંનેએ એકબીજા પર ટોણા માર્યા અને એક પછી એક ટ્વિટ કર્યા. ઉલ્લેખનીય છે કે, આ બધી ચર્ચા ખેડૂત આંદોલનમાં આવેલા દાદી વિશે થઈ રહી છે. કંગનાએ જેના વિશે ટ્વિટ કર્યું હતું, પરંતુ ટ્રોલ થયા બાદ કંગનાએ તે ટ્વીટ તરત ડિલીટ કર્યું હતું. કંગનાએ દિલજિત માટે અપશબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો.



## લોકોએ બીજાના જીવનમાં દખલ કરવો જોઈએ નહીં


મુંબઇ : કરીના કપૂર ખાન બોલિવુડની ટોચની હીરોઈનોમાંથી એક છે. તે કોઈને કોઈ કારણથી ઘણીવાર ટ્રોલિંગનો શિકાર બનતી રહે છે. એક્ટ્રેસે હાલમાં જ ઓનલાઈન ટ્રોલ અંગે વાતચીત કરી હતી. કરીનાના જણાવ્યા પ્રમાણે, લોકો ઘરે બેસીને કંટાળી ગયા છે અને તેમને માત્ર કંઈક કહેવા જોઈએ છે. કરીનાએ એક ન્યૂઝ પોર્ટલ સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, તેને લાગે છે કે લોકડાઉન તેમજ મહામારીએ લોકોના મગજમાં ખૂબ અરાજકતા ઉભી કરી દીધી છે. અને તેમની પાસે હાલ ખૂબ જ ફાજલ સમય છે. તેના કહેવા પ્રમાણે, આ જ કારણ છે કે લોકો વધારે પડતી ચર્ચા કરી રહ્યા છે, વધુ પડતું વિશ્લેષણ કરી રહ્યા છે અને વધારે ટ્રોલિંગ કરી રહ્યા છે. એક્ટ્રેસે ઉમેર્યું હતું કે, હાલ લોકો ઘરે બેઠા છે, ઘણા લોકો પાસે તો નોકરી પણ નથી. તેથી લોકો કંટાળી ગયા છે અને તેઓ કંઈક કહેવા ઈચ્છે છે. આ અંગે વિગતવાર વાત કરતાં બેબોએ કહ્યું કે, તેઓ શાંતિ અને સકારાત્મકતા ફેલાવવા માટે પણ અહીંયા છે. લોકોએ પોતાની જગ્યાએ ખુશ રહેવું જોઈએ અને બીજાના જીવનમાં દખલગીરી ન કરવી જોઈએ. તેના કહેવા પ્રમાણે, જો ટ્રોલિંગ કોઈને ખુશી આપે છે, તો પછી ભલે તેઓ ખુશ રહે.

## ગાયત્રી મંત્રના અપમાન બદલ ગુજરાતી અભિનેતા વિરુદ્ધ એફઆઈઆર



ગાયત્રી મંત્રના જાપ કરીને ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવા બદલ ગુજરાતના હાસ્ય કલાકાર સિદ્ધાર્થ રાંદેરિયા સહિત પાંચ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે સિદ્ધાર્થ રાંદેરીયાનો કોમેડી શો ગજ્જુભાઇ ગોલમાલ પ્રસારિત કરવામાં આવી રહ્યો છે. તેના ભાગો યુટ્યુબ પર પણ છે. એક દ્રશ્યમાં, હિરોઇનને આંખો બંધ કરીને ગાયત્રી મંત્રનો જાપ કરતા બતાવવામાં આવ્યો છે. તે જ સમયે, એક્ટર સિદ્ધાર્થ રાંદેરિયા તેની ખાતરી કરે છે કે તેની આંખો બંધ છે અને બોટલમાંથી દારૂ તેના આગળ તાંબાના વાસણમાં નાખે છે અને મંત્રનો જાપ કરીને મજાક ઉડાવે છે. મંત્રો વિશે ઘણાં જોક્સ કરે છે. હકીકતમાં, ગાયત્રી મંત્રએ એક વેદ મંત્ર છે અને દરેક ધાર્મિક વિધિમાં તેનો પાઠ કરવામાં આવે છે. વિકૃતિ દ્વારા હિન્દુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી હતી. તેથી તાત્કાલિક કેસ નોંધવો જોઈએ અને તેઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને કડક સજા થવી જોઈએ.

## ધ અમ્બ્રેલા એકેડેમી જેવી ઓસ્કાર નોમિનેટેડ ફિલ્મોના સ્ટાર ઈલિયટ પેજ ટ્રાન્સજેન્ડર છે




લોસએન્જલસ : હોલિવૂડના નામાંકિત અભિનેતા ઈલિયટ પેજએ સોશિયલ મીડિયા પોસ્ટ પર હું જે છું તે સ્વીકારતા મને ખરેખર આનંદ થાય છે એવું વ્યક્ત કરી તેઓ ટ્રાન્સજેન્ડર છે તેવી જાહેરાત કરી હતી. ઈલિયટ પેજ દ્વારા કરવામાં આવેલું આ અનાઉન્સમેન્ટ હોલિવૂડના ટ્રાન્સ સમુદાય માટે ઐતિહાસિક પળ બની હતી. નોવા સ્કોટિયાના અભિનેતા પેજે જણાવ્યું હતું કે તેઓ લાંબા સમયથી એલજીબીટીક્યુ કોમ્યુનિટીને ટેકો આપી રહ્યા હતા. ટ્રાન્સ બન્યા પછી તેઓ પોતાનું નામ પણ બદલવાના છે. પોતે ટ્રાન્સજેન્ડર છે તેવી ઘોષણા કરતા અભિનેતાએ સોશિયલ મીડિયા પર પોતાની લાગણી વ્યક્ત કરતા લખ્યું હતું કે હું જે છું તે પ્રામાણિકતાથી સ્વીકારવામાં મને ઘણો આનંદ થાય છે. ટ્રાન્સજેન્ડર કમ્યુનિટીએ મને અવિરતપણે પ્રેરણા આપી છે.

## ભારતી અને હર્ષને જામીનમાં મદદ બદલ નાર્કોટિક્સ બ્યૂરોના બે અધિકારી સસ્પેન્ડ કરાયા



મુંબઈ: સ્ટેન્ડ અપ કોમેડિયન ભારતી અને એના પતિ હર્ષને જામીન મેળવવામાં મદદ કરનારા મનાતા નાર્કોટિક્સ બ્યૂરોના બે અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. મુંબઇની એક કોર્ટે નવેંબરની ૨૩મીએ ભારતી અને એના પતિ હર્ષને જામીન આપ્યા હતા. ભારતીએ જામીન મેળવવા માટે ચાલાકીથી બ્યૂરોના જ બે અધિકારીને સાધ્યા હતા અને કઇ રીતે રજૂઆત કરવાથી કોર્ટ જામીન આપશે એ જાણી લીધું હતું. એ બંનેને જામીન મળ્યા એ દરમિયાન બ્યૂરોને ખબર પડી ગઇ હતી કે તેમના જ બે અધિકારી ફૂટી ગયા હતા. બ્યૂરોએ આ બંનેને સસ્પેન્ડ કર્યા હતા. ભારતીની જામીન અરજીની સુનાવણી નીકળી ત્યારે આ બંને અધિકારી ભારતી સાથે થયેલી સમજૂતી મુજબ ગેરહાજર રહ્યા હતા એટલે કોર્ટે ભારતી અને એના પતિને જામીન આપી દીધા હતા. મળતી માહિતી પ્રમાણએ એનસીબીએ વિશેષ એનડીપીસી કોર્ટમાં જામીન રદ કરવાનો અનુરોધ કર્યો છે. તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવા એક નીચલી કોર્ટના આદેશને રદ કરી એજન્સીને કસ્ટડીમાં તેમની પૂછપરછ કરવાની મંજૂરી આપવાની પણ માંગ કરી છે. કોર્ટે મંગળવારે દંપતીને નોટિસ પાઠવી છે અને આગામી અઠવાડિયામાં સુનાવણી થઈ શકે છે.



# ત્વચાની કાળજી રાખી ગ્લો કેવી રીતે લાવશો?

## હેવી મેકઅપ ન કરો

જો તમારી વય ૪૦થી વધ ઉહોય તો હેવી મેકઅપ ન કરો. ફાઉન્ડેશનથી બચો, એના ઉપયોગથી ફાઇન લાઇન્સ ક્રિએટ થઇ જાય છે, અને ચહેરા પર ઉંમરની અસર સ્પષ્ટ દેખાઇ દે છે. બ્રાન્ડેડ અને સ્કિનને અનુસાર મોઇૃરાઇઝર યૂઝ કરો અને ત્વચાને પોષણ પ્રદાન કરો.







## અંડર આઇ ડાર્કનેસ

કાળા ધબ્બા અને ડાર્ક સર્કલ્સ આપને જવાન દેખાવાથી રોકશે. એને કન્સિલરથી છુપાવી શકાય છે. પરંત ઉકંસીલર લગાવવામાં આપે ભૂલ કરી દીધી તો તે તમારા લુકને બગાડી નાખશે. ડાર્ક સર્કલને છુપાવવા માટે એના પર માટી લેયર ન ચઢાઓ. નહીંતર ફાઇન લાઇન્સ અને કરચલીઓ પડી જઇ શકે છે. એના માટે હાઇડ્રેટિંગ લિકવિડ કંસીલરનો ઉપયોગ કરો. એનાથી કાળા ધબ્બાં અને ડાર્ક સર્કલ્સને કવર કરી શકાશે.

## અવઇવ સ્કિન

વધ ઉપડતું કન્સિસીલર લગાવવાથી ચહેરા પર લાઇન્સ આવી જાય છે, એવું જ પાઉડરથી પણ ચહેરા પણ લાઇન્સ અને ક્રીઝ બની શકે છે, જેથી તમે ઉંમરલાયક દેખાવા લાગો છે. ચીક્સ પર ક્રીમ બ્લશનો હળવો ટચઅપ આપો. ક્રીમી હોવાને કારણે એ ત્વચામાં બ્લેંડ થઇ શકશે. પાઉડરને બદલે લુમિને સેંટ હાઇલાઇટરનો ઉપયોગ કરી શકો છો. જરૂરિયાત હોય તો લૂઝ પાઉડર વાપરો, એને આંખો પાસે ન લગાવશો.




## થિન લેશિશ અને આઇબ્રો

ઉંમર વધવાની સાથે પાંપણોમાં ગેપ આવવા લાગે છે. જગ્યા–જગ્યાએ વાળ ખરવા લાગે છે. એનાથી ઉંમર અધિક દેખાવા લાગે છે. આઇબ્રોઝને આકાર આપતી વખતે બ્રાઉન આઇબ્રો પેન્સિલનો ઉપયોગ કરો. વચ્ચેની ગેપ પેન્સિલથી ભરો, સાથે જ બ્રોઝની કિનારીઓને ડાર્ક રંગથી હાઇલાઇટ કરો. બરાબર એ જ રીતે લેશ લાઇન પર પણ એપ્લાય કરો. આ ટ્રિકના દ્વારા જવાન લુક મેળવી શકાય છે.

## નેલ પેંટ ટ્રિક

નેલ પેન્ટ ડ્રેસની મેચિંગ ન હોય તો ફેશનની રેસમાં પાછળ પડી જાવ છો. રોજેરોજ નેલ કલર ચેન્જ કરવામાં સૌથી મોટી સમસ્યા થાય છે. નેલ પેન્ટ સૂકવવાની વગેરે જેમાં ઘણી ઝંઝટ થાય છે. એને લગાવી એકાદ મિનિટ એમ જ છોડી દો. પછી આંગળીઓને ઓઇલ ક્યૂબવાળા પાણીમાં નાખો. એમ કરીને નેઇલ કલરને લોંગ લાસ્ટિંગ ઇફેક્ટ આપી શકો છો.





## હોઠોને કરો લાઇન અપ

મોટાભાગની સ્ત્રીઓ વિચારે છે કે ડાર્ક મેકઅપ કરવો હોય, તો લિપ્સને લાઇનઅપ કરવા જોઇએ? જો તમે તમારી ઉંમરને ઓછી દર્શાવવા ઇચ્છતા હોવ, તો હોઠો પર લાઇનર લગાવો. એનાથી લિપ્સ તો આકર્ષક લાગશે જ, વળી લિપસ્ટિક પણ બહાર નહીં ફેલાય. કેટલીકવાર લિપસ્ટિક બહાર ફેલાવાથી પણ ફાઇન લાઇન્સ દેખાવા લાગે છે. એટલા માટે બહેતર એ રહેશે કે લિપલાઇનરનો ઉપયોગ કરવામાં આવે.

# શિયાળામાં ચળકતા લિસ્સા સાટિનની બોલબાલા





શિયાળો આવતાં જ સાટિનના વસ્ત્રોની ફેશન પૂરબહારમાં ખિલી ઉઠે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ફેશન ડિઝાઇનરોએ ઠંડીની ઋતુ માટે સાટિન પર પસંદગી ઉતારી છે. હળવું, લિસ્સું અને ચોક્કસ પ્રકારની ચમક ધરાવતું સાટિન મોટાભાગની માનુનીઓનું મનગમતું ફેબ્રિક છે. ફેશન ડિઝાઈનરો કહે છે કે આ વર્ષે પણ ઠંડીની મોસમ માટે ફરી એકવાર સાટિન 'હોટ' પુરવાર થયું છે. જોકે અત્યંત સુંદર દેખાતા આ ફેબ્રિકમાંથી વસ્ત્રો બનાવવાની અને તે ધારણ કરવાની ચોક્કસ પધ્ધતિ હોય છે. અન્ય કપડાંની જેમ તેને ગમે તે રીતે પહેરી શકાતું નથી. જો સાટિનના પરિધાન વ્યવસ્થિત રીતે પહેરવામાં ન આવે તો તેની મઝા મારી જાય છે. સાટિન માટે એક ખાસ બાબત એ છે કે તે ઈવનિંગવેર છે. સાંજની પાર્ટીમાં જ સાટિનના વસ્ત્રો વધુ શોભે છે.

મોટાભાગના ડિઝાઈનરો માને છે કે ઘેરા રંગમાં સાટિનનો 'મિજાજ' ખિલી ઉઠે છે. તેથી જ તેમણે આ ફેબ્રિકમાં બ્લુ, ગ્રીન, બ્લેક અને 'ઓલવેઝ બેસ્ટ' ગણાતો બદામી રંગ ભરપૂર માત્રામાં ઉપયોગમાં લીધો છે. ઘણાં ડિઝાઈનરોએ સાટિનમાં ફૂલોની ડિઝાઈન બનાવી તેને થ્રી-ડી ઈફેક્ટ આપી છે. પરિણામે તે સામાન્ય પ્રિન્ટેડ ફેબ્રીક જેવું ન દેખાતાં એકદમ નોખું તરી આવે છે.

ઘણાં ડિઝાઈનરોએ સિન્થેટિક સાટિન અને સિલ્ક સાટીનનું મિક્સ એન્ડ મેચ કરીને અત્યંત સુંદર વસ્ત્રો તૈયાર કર્યા છે. પરંતુ મોટાભાગના ડિઝાઈનરોની પ્રથમ પસંદગી સિલ્ક સાટિન પર ઉતરી છે. ઉલ્લેખનીય છે કે સિલ્ક-સાટિન ચાર્મીયસ તરીકે પણ ઓળખાય છે. આવા ફેબ્રીકને ડાય કરીને તેની ઉપર હેન્ડ-પેઈન્ટ કરવામાં આવે ત્યારે તે અનોખો લુક ધારણ કરે છે.

સાટિન ફેબ્રિકમાં બનાવેલા બ્લાઉઝ સાથે જ્યોર્જટની સાડી ખૂબસુરત લુક આપે છે. આ ઉપરાંત કુરતા, ધોતી પેન્ટ, પેન્સિલ પેન્ટ પણ સાટિન ફેબ્રિકમાં ખૂબ સુંદર લાગે છે. જોકે ક્યા ડ્રેસમાં કેટલા ગ્રામનું સાટિન ઉપયોગમાં લેવું તેની ગતાગમ હોવી પણ જરૂરી છે. જેમ કે સાટિનનું ટ્રાઉઝર કે ઈવનિંગ ગાઉન વધુ ગ્રામવાળા ફેબ્રિકમાંથી બનેલું હોવું જોઈએ. જ્યારે બ્લાઉઝ અથવા સલવારમાં ઓછા ગ્રામનું સાટિન ઉપયુક્ત ગણાશે.

સાટિનની પેન્સિલ પેન્ટ પહેરનારી માનુનીનું ફિગર સ્લીમ-ટ્રીમ જ હોવું જોઈએ. ભારે સાથળ કે નિતંબ ધરાવતી યુવતી પર આવું પેન્ટ નહીં શોભે. તેવી જ રીતે પેન્ટ અને ટોપ બંને સાટિનના જ હશે તો નાઈટ ડ્રેસ જેવું દેખાશે. જ્યારે સાટિન અને જ્યોર્જટ અથવા શિફોનનું મિક્સ એન્ડ મેચ બેસ્ટ ગણાશે. જ્યોર્જટ અને શિફોનનું મિક્સ એન્ડ મેચ કરેલી સાડી પણ અત્યંત સુંદર લાગે છે. તેવી જ રીતે તેના રંગોનું કોમ્બિનેશન પણ એકદમ સાવચેતી પૂર્વક કરવું જોઈએ. જેમ કે ન્યુટરલ બ્લેક (બહુ ઘેરું નહીં કે બહુ ઝાંખુ નહીં) સાથે ક્રીમ કલરનું કોમ્બિનેશન અત્યંત સુંદર લાગશે. આવી જ રીતે અન્ય રંગોનો એકમેક સાથે મેળ બેસે છે કે નહીં તે જોઈને જ સાટિન ફેબ્રિકનો ઉપયોગ કરવો.

## સુંવાળું, શાઈનિંગ સાટિન

લિસ્સુ-સુંવાળુ, નરમ-મુલાયમ અને ફ્રી-ફ્લોઈંગ સાટીન એટલે ત્વચા માટે આરામદાયક અને પહેરનારને આકર્ષક લુક આપતું ફેબ્રિક. આ એક એવું મટિરિયલ છે જે સેલિબ્રિટી, મોડેલ અને પાર્ટી એનિમલથી લઈને સામાન્ય યુવતીને પણ આકર્ષે. ઐશ્વર્યા રાય, ગૌરી ખાન અને અમૃતા રાવ હોય કે અસીન, ગાઉન બનાવવાનું હોય કે પછી બ્લાઉઝ, પેન્ટ, ડ્રેસ સાટીન પર બધા પહેલી પસંદગી ઉતારશે. જ્યારે સાટીનની સાડીનો તો જોટો ન જડે. બોલીવૂડની તારિકાઓ તો સાટીનને 'ગ્રેસફૂલ' ફેબ્રિક ગણે છે. તેમાંય તેમને સાટીનમાં 'લિટલ બ્લેક ડ્રેસ' (એલબીડી) મળી જાય તો પાર્ટીમાં રોનક આવી જાય. આ ફેબ્રિક વિશેની મઝાની વાત એ છે કે તે ક્યારેય આઉટ ડેટેડ નથી થતું. સાટીન દરેક મોસમમાં પહેરી શકાય છે. તેથી જ આ ફેબ્રિકને 'એવરગ્રીન'ની ઉપમા આપવામાં આવી છે. ફેશન ડિઝાઈનરોનું આ પ્રિય ફેબ્રિક છે. તેઓ કહે છે કે સાટિન અથવા શામો-સાટિન દરેક પ્રકારના વસ્ત્રો માટે ઉપયુક્ત છે. ચાહે તે પશ્ચિમી ગાઉન હોય, ડ્રેસ, બ્લાઉઝ, પેન્ટ કે સાડી. હળવા વજનની શામો-સાટિનની સાડી કોકટેલ પાર્ટી માટે આદર્શ ગણાય છે. આ ફેબ્રિક તમારા વસ્ત્રોને મોડર્ન અને આધુનિક લુક આપે છે. આ ફેબ્રિક દુનિયાભરના ફેશન ડિઝાઈનરોના મન પર અને રેમ્પ પર રાજ કરે છે. સાટિનને ચમકવા માટે કોઈ ખાસ સિઝનની જરૂર નથી હોતી. જોકે નવા પ્રકારનું સાટિન જ્યોર્જટ ગરમીની સિઝન માટે વધારે ઉપયુક્ત છે. વળી વિવિધ પ્રકારના અને વજનના સાટિન ફેબ્રિક અલગ અલગ જાતના ડ્રેસ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા હોવાથી સાટિનના વસ્ત્રોમાં પુષ્કળ વિવિધતા ઉમેરી શકાય છે. ગાઉન માટે હળવું સાટિન બેસ્ટ ચોઈસ મનાય છે. સાટિનમાંથી બનાવેલા જોધપુરી 'સ્માર્ટ ફોર્મલ' લુક આપે છે. સાટિન એટલું સમૃદ્ધ ફેબ્રિક છે કે તેની સાથે ભારેખમ આભૂષણો પહેરવાની જરૂર નથી પડતી. માત્ર રંગીન સ્ટોન કે હીરાના હળવાં ઘરેણાં પૂરતાં થઈ રહે છે.

# ટોરોન્ટોમાં કોન્ડોના વેચાણમાં ૩૨%નો ઘટાડો પણ નવા કોન્ડોની કિંમત વધી

ટોરોન્ટો : કેનેડાના મોટા શહેરોમાં નવા કોન્ડોના વેચાણમાં આમ તો ઘટાડો થયો છે છતાં જેઓ ખરીદી રહ્યો છે તેમણે વધુ કિંમત ચુકવવી પડી રહી છે. ગ્રેટર ટોરોન્ટોમાં નવા કોન્ડો એપાર્ટમેન્ટની કિંમતમાં ગયા વર્ષની સરખામણીમાં અંદાજે ૧૮.૮ ટકાનો વધારો થઈ ચુકયો છે. જે અંદાજે એક મિલીયન યુએસ ડોલર જેટલો છે. જે ૯૯૦૮૮૦ યુએસ ડોલર જેટલો હોવાનું બિલ્ડીંગ ઈન્ડસ્ટ્રી અને લેન્ડ ડેવલપમેન્ટ એસોસિયેશન તરફથી જણાવવામાં આવ્યું છે. પરંતુ મહાનગર વિસ્તારોમાં નવા કોન્ડોના ભાવોમાં ગયા વર્ષની સરખામણીમાં ૩૨ ટકાનો ઘટાડો છે અને ટોરોન્ટોમાં વેચાણનો એ ઘટાડો ૪૬ ટકા જેટલો છે. મહામારીને કારણે લોકો હવે શહેરની આસપાસના વિસ્તારોમાં મોટા મકાન ખરીદવાનું પસંદ કરે છે, એ રીતે જ સ્વતંત્ર મકાનોના વેચાણમાં લગભગ ૪૪ ટકા જેટલો ઉછાળો ગયા વર્ષની સરખામણીમાં જોવા મળી રહ્યો છે. એની નિર્ધારિત કિંમત કરતા ગયા વર્ષની સરખામણીમાં ૧૨ ટકાનો વધારો છે. જે ૧.૨૧ મિલીયન યુએસ ડોલર જેટલો હોવાને કારણે ઓકટોબરમાં વેચાણમાં ૧૦ ટકાનો ઘટાડો હોવાનું પણ એસોસિયેશને જણાવ્યું હતું. એકંદરે જોવા જઈએ તો ગયા વર્ષની સરખામણીમાં આંકડાની દ્રષ્ટિએ મકાનોની ડીમાન્ડ ઓછી થઈ નથી. એમાં ફેરફાર જરૂર જોવા મળ્યો છે. શહેરોને બદલે આસપાસના વિસ્તારો તરફ ગ્રાહકો વધુ વળી રહ્યા છે. જયાં મહામારી પહેલા જે મકાનો ભાડે અપાતા હતા એ જ હવે વેચાણ માટે મુકાઈ રહ્યા છે.

# VYO કેનેડા વ્રજભૂમિ ખાતે નિર્મિત થનારી હવેલીના લાભાર્થે મ્યુઝિકલ નાઈટ



ઓન્ટેરિયો : ગત તા.૨૮ નવેમ્બર ૨૦૨૦ને શનિવારના રોજ વીવાયઓ કેનેડા વ્રજભૂમિના લાભાર્થે ફંડ રાઈસિંગના એક ઉમદા હેતુસર ફેસબુક લાઈવ દિવાળી મ્યુઝિકલ નાઈટનું આયોજન થયું હતુ. કાર્યક્રમની શરૂઆત મહામારીને અનુલક્ષીને સરકારે આપેલી પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ પસંદગીના ટ્રસ્ટીઓ અને જૂજ કલાકારોની હાજરીમા થઈ હતી.

**કલાકારોએ ગુજરાતી સાહિત્ય, લોકગીતો, શાયરીઓ અને હિન્દી ફિલ્મી ગીતોની રમઝટ બોલાવી**

જ્યાં સંસ્થાના પ્રેસિડેન્ટ પી. કે. શાહ, વાઈસ પ્રેસિડેન્ટ સુભાષભાઈ શાહ, અને પ્રોગ્રામને લીડ કરતા રાજેશભાઈ શાહે દીપ પ્રાગટ્ય કર્યું હતુ. ત્યારબાદ ઠાકોરજીની વંદનાથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. કાર્યક્રમમાં કલાકારોએ ગુજરાતી સાહિત્ય, લોકગીતો, શાયરીઓ અને હિન્દી ફિલ્મી ગીતોની રમઝટ બોલાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ત્યારબાદ એક પછી એક ઉમદા ગીતોથી કાર્યક્રમ રસપ્રદ બન્યો હતો. અંતે સ્વાદિષ્ટ પફ અને સમોસાનો અલ્પાહાર સૌએ ગ્રહણ કર્યો હતો. રાજેશભાઈ શાહે કાર્યક્રમનો વિચાર સ્ફૂર્યો ત્યારથી કલાકારો લાવવાથી માડી ફોટોગ્રાફર, ફેસબુક લાઈવ માટે ટેકનિકલ ટીમ, સ્પોંસર લાવી આપવા, તથા અલ્પાહાર અને ભોજન વિગેરેની સંપૂર્ણ જવાબદારી પ્રશંશનીય રીતે નિભાવી હતી. તે બદલ ટ્રસ્ટીઓએ રાજેશ શાહનો સવિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. અંતે સંસ્થાના ટ્રસ્ટીઓ, સૌ કલાકારો હેરી પટેલ, ધીરેન રાવલ, આશિષ કવિ, અને કાર્યક્રમના સંચાલક અજિત પટેલ, ભારતી દવે, નલિનીબેન પટેલ અને પ્રિયલ શાહનું અભિવાદન કરાયું હતુ. અંતે સૌએ સાથે મળી ભોજન કરી ફરી આવા કાર્યમા ભાગીદાર થવા કટિબદ્ધતા દાખવી હતી.

## અનુસંધાન પાના ૪નું ચાલુ : કૃષિ કાયદાથી ભડકો...

સરેરાશ ખેતીલાયક જમીનનો વિસ્તાર પણ ઘટી રહ્યો છે. વર્ષ ૨૦૧૨-૧૩ના કૃષિ રિપોર્ટ અનુસાર દેશમાં નાના ખેતરોની સંખ્યા કુલ ખેતરોના ૮૫ ટકા જેટલી છે. પરંતુ આવા ખેતરોનું કુલ ક્ષેત્રફળ માત્ર ૪૪ ટકા જેટલું જ છે.

મતલબ કે દેશમાં કેટલાંક ખેડૂતો શ્રીમંત છે તો કેટલાંક ભૂમિવિહોણા છે. આ માટે જાણકારો દેશના વારસાના કાયદાને જવાબદાર માને છે. આ કાયદા અનુસાર પિતાની સંપત્તિ સંતાનોમાં બરાબરીના ધોરણે વહેંચી દેવામાં આવે છે. જેના કારણે જમીનના નાના નાના ટુકડા થતાં રહે છે. જમીનના આવા નાના ટુકડા ઉપર થતી ખેતીના કારણે ઉત્પાદનમાં ઘટાડો નોંધાય છે.

કૃષિ કાયદા અમલમાં આવ્યાં બાદ પણ દેશના અનેક ભાગોમાં ખેડૂતોના પ્રદર્શનો અટક્યા ન હોય એ ચિંતાજનક બાબત છે. ખુલ્લા બજારમાં ખેડૂતોના હિતોનું રક્ષણ કરવું સરકારની જવાબદારી છે અને ખેડૂતોની ચિંતાનું નિવારણ કરવું સરકારની ફરજ છે.

# અશ્વિની નક્ષત્રની સંપૂર્ણ માહિતી

આ નક્ષત્રનો સમાવેશ મેષ રાશિમાં થાય છે. મેષ રાશિમાં $^{0}$ અંશથી ૧૩૦-૨૦' (અંશ-ફળ) જેના ૪ ચરણ આવે પ્રથમ ચરણ - મંગળ, બીજું ચરણ - શુક્ર, ત્રીજું ચરણ - બુધ, ચોથું ચરણ - ચંદ્ર ગ્રહને જોવાતો હોય છે. સમગ્ર નક્ષત્રનો અધિપતિગ્રહ વિશોત્તરી મુજબ કેતુ ગ્રહ છે.

અશ્વિની નક્ષત્ર પૃથ્વિ તતત્વ છે. નક્ષત્રનું વૃક્ષ કે વનસ્પતિ - કુંચીલા (ઝેર કચોલુ), નક્ષત્ર દેવતા- અશ્વિની કુમાર (દેવતાઓના વૈદ્ય), વાહન-ઘોડો, દિશા-દક્ષિણ કૂણો- નૈરુત્ય, અશ્વિની ઉપરથી હિન્દુ માસ- આસો પડેલ છે. જાતિ-પુરુષ, રાજસીક નક્ષત્ર છે, કાંણા નક્ષત્ર તરીકે ઓળખાય છે, લઘુક્ષિપ્ર નક્ષત્ર હોવાથી વેપારમાં વૃદ્ધિ કરાવનાર-ઔષધિના સંશોધન કાર્યમાં સિધ્ધિ આપે છે તિર્થક (સામે જોવું) નક્ષત્ર છે. પક્ષીમાં હંસ છે. ધર્મ પ્રદાન નક્ષત્ર માનવામાં આવે છે. શરીરમાં બન્નેવ પગલના ઘુંટણના ઉપરના ભાગમાં અસરકર્તા છે. દેવ નક્ષત્ર છે. (બ્રહ્માજી) વશ્ય (વેપારી) જાતિ સમુહમાં છે. જેનો રંગ લાલ (લોહી-રક્ત) જેવો છે. જેના તારાની સંખ્યા ૩ (ત્રણ) છે. તારા આકૃતિ ▷ આ નક્ષત્રને શુભ કાર્યો વિવાહ-લગ્નમાં લેવાતા નથી.

**નક્ષત્રથી વ્યક્તિત્વ કે દેખાવ :-** વ્યક્તિ અતિ સ્વરૂપવાન, શુંગારી, આકર્ષક, ચાલાક, ધીરપ્રકૃતિનો જાતક હોય છે.

**રોગ :-** વાયુ પીડા, તાવ આવવો, મતિભ્રમ થવો,

**ઊપાય :-** દાન પુણ્ય કરવું, ગરીબો અને દિન દુખીયા લોકોની સહાય કરવી તેમની સેવા કરવી.

**અશ્વિની નક્ષત્રના ૪ ચરણનું ફળ : પહેલું ચરણ** - બીજાની મીલકત કે વસ્તુઓનો ઉપયોગ કરવાની આદત હોય છે. **બીજું ચરણ :** સમજ્યા વગર કામ કરનાર, અણ સમજુ. **ત્રીજું ચરણ :-** નસીબદાન. ભાગ્યવંત. **ચોથું ચરણ :-** સંતુષ્ટ અને લાંબા આયુષ્ય વાળો આનંદ- ઉત્સાહ અને ખુશી માનનાર જાતક હોય છે.

**અશ્વિની નક્ષત્રનું નંગ :-** વૈડુર્યુ (લસણીયું) છે જને તેજ પ્રકાશ સમુહમાં ગણવામાં આવે છે. જે વાયુ પ્રકૃતિ ઊપર રાહત આપે છે. જેને બન્નેવ હાથની મધ્યમાં કે અનામિકા અને કનિષ્કા આગળીએ મંગળવારના દિવસે વહેલી સવારે ધારણ કરવું જોઈએ જેનાથી ફાયદો થાય છે.


**નક્ષત્રનું પળ :-** અશ્વિની નક્ષત્રમાં વાહન ખરીદી કરવાથી ફરીથી પણ વાહન ખરીદવાનો સમય આવે છે. એકથી વધુ વાહન ખરીદી શકાય છે. જેને લગતી નાણાંની પૂર્મ વ્યવસ્થા થઈ જાય છે. ટ્રાન્સપોર્ટનો ધંધો કરનારા લોકોએ અશ્વિની નક્ષત્રમાં વાહનો ખરીદવા જોઈએ જેનાથી ખુબ ફાયદો થાય છે. અશ્વિની નક્ષત્રનું ધાતુ લોખંડ છે.

**કયા કયા કાર્યો કરી શકાય**

પુસવન ક્રિયા, ચૌલ ક્રિયા, સુવાવડ માટે સ્ત્રીને મોકલવી, સુવાવડ પછી સ્ત્રીને ઘરે લાવવી તેને સ્નાન કરાવવુ, સર્વ શાંતિ કરાવવી, નામકરણ (બાળકનું નામ પાડવું), પારણામાં બાળકને સુવાડવુ, કાન વીધાવવા, બાળકને નિશાળે બેસાડવા માટે, બાળકને પ્રથણ વખત ઘરની બહાર લઈ જવું, બાળકને પ્રથમ વખત અન્નપ્રાશન (ખવડાવવુ) નાણાંની આપ-લે કરવી. દરિયાઈ વાહન ખરીદવું યંત્રો ચાલુ કરવા. દિક્ષા કે ગુરૂ મંત્ર માટે, મકાન-જમીન પ્લોટ લેવા કે વેચવા માટે સહીઓ કરવી, દુકાનની મુર્હુત કરવુ, વેપાર શરૂ કરવા કે સોદા કરવા માલ ખરીદવા માટે જમીનમાં બી રોપવા, પ્રયાણ કરવું.

નક્ષત્રના અંશ - ચરણનો મેષ રાશિમાં સમાવેશ થાય છે.

**અશ્વિની નક્ષત્ર ખગોળકીય સ્થિતી**




**મેષ રાશિ :** ૦૦$^{0}$ થી ૩$^{0}$-૨૦' પહેલું ચરણ સ્વામિગ્રહ - મંગળ
૩૦-૨૦' થી ૬૦-૪૦ બીજું ચરણ સ્વામિગ્રહ - શુક્ર
૬૦-૪૦' થી ૧૦૦-૦૦' ત્રીજું ચરણ સ્વામિગ્રહ - બુધ
૧૦૦-૦૦' થી ૧૩૦-૨૦' ચોથું ચરણ સ્વામિગ્રહ - ચંદ્ર
મેષ રાષિમાં સૂર્ય ૧૩-એપ્રિલે પ્રવેશ કરે છે.

ચંદ્ર ૨૭ દિવસે મેષ રાશિમાં અશ્વિની નક્ષત્રમાં આવે છે. અશ્વિની નક્ષત્રનો સમયગાળો લગભગ ૨૪ કલાકથી ૨૫ કલાક સુધીનો હોય છે. અશ્વિની નક્ષત્રના અક્ષરો ચુ, ચે, ચા, લા આવે છે. ૧ થી ૩ ચરણનો વર્ગ - સિંહ છે ૪તા ચરણનો વર્ગ- મૃગ છે. યોનિ-અશ્વ, ગણ-દેવ, યુંજા-પૂર્વ, નાડી-આદ્ય આવે છે. યોગ-વિષ્કુંભ છે, વિશોત્તરી મહા દશા કેતુ ગ્રહની સાત વર્ષની રહે છે.

| વર્ષ | માસ | ચરણ | કુલ મહિના |
|---|---|---|---|
| ૦૧ | ૦૯ | ૧ સુધી | ૨૧ |
| ૦૩ | ૦૬ | ૨ સુધી | ૨૧ |
| ૦૫ | ૦૩ | ૩ સુધી | ૨૧ |
| ૦૭ | ૦૦ | ૪ સુધી | ૨૧ |

જેના પ્રત્યેક ચરણનો ભુકતા (ભોગવવા)નો સમય દર્શાવેલ છે. દરેક ચરણનો સમય ગાળો ૨૧ મહિનાનો એક સરખો હોય છે.

લકી રોજગાર : હેલ્થ અને કોમ્યુનીટી છે વર અને કન્યા ગુણ મેળા પ૬માં બન્નેવનું નક્ષત્ર અશ્વિની હોય તો "૨૮" ગુણ આવે છે. અશ્વિની નક્ષત્રની લોક ઊપયોગી માહિતી આ સમગ્ર લેખ દ્વારા આપેલ છે.



--------------- : સંપર્ક સાધવા માટે : ---------------
બીપીન એસ્ટ્રોલોજર
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits

Davinder Singh Chawla
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
416.320.4614
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# પૌત્રીની સગાઈમાં ભીડ કરનાર કાંતિ ગામિતની ધરપકડ

**• સોનગઢના ડોસવાડામાં લોકોનું ટોળું થઈ જતાં કોરોનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થયું હતું, ચાર આરોપીને બે દિવસના રિમાન્ડ**





સોનગઢ : તાપી જિલ્લાના નિઝરના પૂર્વ ધારાસભ્ય અને ભાજપ સરકારના પૂર્વ રાજ્ય મંત્રી કાંતિ ગામીતની પૌત્રીની સગાઈમાં હજારોની જનમેદની ભેગી થવાના પ્રકરણમાં ગુરુવારે ૧૯ આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસે ૧૦ દિવસના રિમાન્ડ માટે કોર્ટ સમક્ષ દલીલો કરી છે. જો કે કોર્ટે કાંતિ ગામિત, જીતુ ગામિત, પીઆઇ સીકે ચૌધરી તેમજ નિલેશ ગામિતના ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જયારે અન્ય ૧૫ તહોમતદારોએ જામીનની માંગણી કરી છે.

બહુચર્ચિત તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ડોસવાડા ગામે માજી ધારાસભ્ય અને ભાજપ સરકારના માજી મંત્રી કાંતિ ગામિતના પૌત્રીની સગાઈ અને તુલસી વિવાહ પ્રસંગે હજારોની સંખ્યામાં જનમેદની ભેગી કરવાના પ્રકરણમાં વીડિયો વાઈરલ થયા બાદ ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કરી હતી. ત્યારબાદ પોલીસ દોડતી થઈ હતી અને પૂર્વ મંત્રી કાંતિ ગામિત, તેમના સરપંચ પુત્ર જીતુ ગામિત તેમજ સોનગઢ વ્યારા પીઆઈ સી.કે. ચૌધરી, અન્ય બે પોલીસ કર્મચારીઓ સહિત ૧૯ વ્યકિતઓ વિરુદ્ધ નામજોગ ગુનો નોંધ્યો હતો. જેમાં સદોષ માનવવધના પ્રયાસની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે. તમામ આરોપીઓને ગુરુવારે સોનગઢ કોર્ટમાં રજૂ કરી પોલીસે દસ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જેમાં પોલીસે દલીલ કરતાં જણાવ્યુ હતું કે, વાઈરલ થયેલો વીડિયો ઘણો લાંબો છે જેથી ત્યાં ઉપસ્થિત જનમેદનીની ઓળખ કરવી હોય આરોપીને સાથે રાખવા જરૂરી છે. આ ઉપરાંત પી.આઈ. તથા પોલીસકર્મીઓ કઈ રીતે ત્યાં પહોંચ્યા હતા તે અંગે તપાસ કરવાની જરૂર છે. તેમના સીડીઆર મેળવવાની જરૂર છે. આ તમામ મુદ્દા રજૂ કર્યા છે. જો કે સામે પક્ષે પણ પોલીસ અધિકારી તરફે હાજર વકીલે બચાવની દલીલ કરતા જાણવાયુ હતું કે, પોલીસ અધિકારી અને કર્મચારીને કોઈ પણ પ્રકારની નોટિસ કે જાણ કર્યા વગર તેમની ધરપકડ કરી છે. જે કોર્ટના હુકમનો ભંગ છે. બીજી તરફ પોલીસે જે વીડિયોને આધારે ગુનો નોંધ્યો છે તેનું એફએસએલ પરીક્ષણનો રિપોર્ટ પણ આવ્યો નથી. આવી પરિસ્થિતિમાં રિમાન્ડ આપવું યોગ્ય નથી. જે દલીલ સાંભળી કોર્ટે પૂર્વ મંત્રી કાંતિ ગામિત તેમના પુત્ર જીતુ ગામિત અને પીઆઇ સીકે ચૌધરી તેમજ નિલેશ ગામિતના ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જયારે અન્ય ૧૫ તહોમતદારોએ કોર્ટ પાસે જામીનની માંગણી કરી છે જેની સુનાવણી ચાલી રહી છે.

## વાલીઓ ફી ના ભરે તો ઓનલાઇન શિક્ષણ બંધ કરવા શાળાની ચીમકી

અમદાવાદ : ગુજરાત સહિત આખા દેશમાં કોરોના વાયરસ એ કહેર વરસાવાનું શરૂ કર્યું ત્યારથી બાળકોનો જીવ જોખમમાં ના મૂકાય એટલા માટે સરકારે વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણની જાહેરાત કરી હતી. ગુજરાતના બાળકો પણ ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે આજે રાજકોટમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે એક મોટી જાહેરાત કરી છે. તેના અંતર્ગત જે વાલીઓએ વિદ્યાર્થીઓની ફી ભરી નથી તેઓને ઓનલાઈન શિક્ષણ અપાશે નહીં. આ અંગે સંચાલક મંડળના ઉપપ્રમુખ જતીન ભરાડે વિગતે વાત કરતાં જણાવ્યું કે કેટલાંક જ એવા વાલીઓ છે કે જેઓ ફી ભરવા માંગતા નથી, ફોન પણ ઉપાડતા અને ફી કેમ નથી ભરવી તે અંગે પણ જણાવવા માંગતા નથી તેમના બાળકો માટે જ આ નિર્ણય લેવાયો છે. હાલ શાળાઓ પણ અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે. બાળકનું શિક્ષણ ના બગડે એટલા માટે અમે છેલ્લાં ૭ મહિનાથી પ્રયાસ કરી રહ્યા છીએ. કેટલાંક એવા વાલીઓ પણ છે જેમની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સત્રની ફી એપ્રિલ મહિના સુધીમાં ભરી દેવાનું કહ્યું છે તેમના માટે આ નિયમ નથી.

## ગુજરાતમાં એઈડ્સથી વર્ષે ૨,૫૦૦ના મૃત્યુ : કુલ કેસ ૯૧ હજાર કરતાં પણ વધુ

**• એઈડ્સ પણ દર વર્ષે હજારો લોકોને ભરખી રહ્યો છે : સૌથી વધુ કેસમાં મહારાષ્ટ્ર મોખરે, ગુજરાત ૮માં સ્થાને**

અમદાવાદ : ગુજરાતમાં કોરોના ઉપરાંત અન્ય જે બિમારીથી સૌથી વધુ મૃત્યુ થાય છે તેમાં એઈડ્સનો પણ સમાવેશ થાય છે. છેલ્લા પાંચ વર્ષમાં જ ગુજરાતમાંથી એઈડ્સને લીધે ૧૨૬૬૯ના મૃત્યુ થયેલા છે. આમ, વર્ષે સરેરાશ ૨૫૦૦થી વધુ વ્યક્તિને એઈડ્સને લીધે જીવ ગુમાવવો પડે છે. આ ઉપરાંત એઈડ્સના સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાતનો સમગ્ર દેશમાં આઠમો ક્રમ છે. ગુજરાતમાં હાલ ૯૧ હજારથી વધુ વ્યક્તિ એઈડ્સ ધરાવે છે. ૧ ડિસેમ્બરે 'વિશ્વ એઈડ્સ દિવસ' છે ત્યારે આ આંક ચિંતાજનક છે.

એઈડ્સ પ્રત્યે જાગૃતિ ફેલાય તે હેતુથી ૧૯૮૮થી 'વર્લ્ડ એઈડ્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે. જેમાં આ વર્ષની થીમ 'વૈશ્વિક એક્ય, સામૂહિક જવાબદારી' છે. લોકસભામાં નવેમ્બર ૨૦૧૯માં રજૂ થયેલા અહેવાલ અનુસાર સમગ્ર દેશમાં ૨૧.૪૦ લાખથી વધુ એઈડ્સના દર્દીઓ છે. દેશના જે રાજ્યમાં એઈડ્સના સૌથી વધુ દર્દીઓ છે તેમાં મહારાષ્ટ્ર ૩.૨૯ લાખ સાથે ટોચના, કર્ણાટક ૨.૪૭ લાખ સાથે બીજા, તેલંગાણા ૨.૦૩ લાખ સાથે ત્રીજા અને ગુજરાત ચોથા સ્થાને છે.ગુજરાતમાં એઈડ્સના કેસ ઉપરાંત એઈડ્સથી થતો વધુ મૃત્યુઆંક પણ ચિંતાજનક છે. વર્ષ ૨૦૧૩-૧૪થી સતત એઈડ્સથી દર વર્ષે સતત ૨ હજારથી વધુનો મરણાંક નોંધાય છે. ૨૦૦૯-૧૦માં છેલ્લે એઈડ્સથી ૧ હજારથી ઓછી વ્યક્તિના મૃત્યુ થયા હતા.

## બિલ્ડરોને રાહત : ગુજરાત સરકાર હવે ઓનલાઈન ડેવલપમેન્ટ મંજૂરી આપશે

અમદાવાદ : ગુજરાત સરકારે હવે ડેવલપમેન્ટ માટેની એટલે કે બાંધકામ શરૂ કરવા માટેની પરમિશન ઓનલાઈન જ આપી દેવાનો નિર્ણય કર્યો છે. ઓનલાઈન ડેવલપમેન્ટ પરમિશન આપનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. આમ હવે બાંધકામ માટેની પરવાનગી લેવા માટે પણ સરકારી કચેરીઓમાં ધક્કા ખાવા પડશે નહિ.

ભ્રષ્ટાચારને અવકાશ ન રહે તે દિશામાં વધુ એક કદમ ઊઠાવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે પ્રસ્તુત જાહેરાત કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ સમસયની અને લોકોની માંગ છે. આ માગને ધ્યાનમાં લઈને જ હવેથી લો રાઈઝ બિલ્ડીંગ માટે ઓફ લાઈન પ્લાન પાસીંગ સંપૂર્ણ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઓનલાઈન પરમીશન માત્ર ૨૪ કલાકમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આંટીઘૂંટીઓ વાળી જટિલ પ્રક્રિયા ખૂબ સરળ કરી માત્ર ૧૫ મહત્વની જરૂરિયાત વાળી બાબતોને ફોકસ કરીને તેની પૂર્તતાના આધારે પ્લાન પાસ થઈ શકશે.

ભવિષ્યમાં હાઈરાઈઝડ બિલ્ડીંગ માટે પણ ઓનલાઈન પ્લાન પાસ કરવાની સુવિધા ચાલુ કરવાનો સરકારનો ઈરાદો છે. મુખ્યમંત્રીએ પ્રસ્તુત જાહેરાત કરતાં જણાવ્યું હતું કે પ્રજાને સીધા સ્પર્શતા વિભાગોમાં ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી ઓન લાઈન વ્યવસ્થાઓ વિકસાવી સામાન્ય માનવીને કચેરીઓમાં જવું જ ન પડે તેવી સ્થિતી નિર્માણ કરી છે. ગૃહ, મહેસૂલ, શહેરી વિકાસ જેવા પ્રજાને સીધા સ્પર્શતા વિભાગોમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને ઓન લાઈન વ્યવસ્થા વિકસાવી કયાંય કોઈને એક રૂપિયો પણ આપવો ન પડે કે કચેરીના ધક્કા ન ખાવા પડે ઘરે બેઠા જ ઓન લાઈન કામ થઈ જાય તેવી પારદર્શી પરિસ્થિતિ નિર્માણ કરવામાં આવી છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીની થયેલી આવકનું બારોબાર ઉઠામણું

ભરૂચ : વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના પાર્કીંગ ટિકિટ વિગેરેનું કામ ખાનગી એજન્સી પાસે છે. ત્યારે રોજનું કલેકશન આવે બેંકે કલેક્શન એજન્ટ તરીકે ડોર સ્ટેપ બેંકિંગ સર્વિસ માટે ''રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડની'' નિમણૂક કરી હતી. ''રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ'' રોજ સાંજ પડે કલેક્શનની રકમ સ્ટેચ્યુ ઓફ યુનિટીના જવાબદાર અધિકારીઓ પાસેથી લઈ બેંકના ખાતામાં જમા કરાવવાની જવાબદારી હતી. જોકે સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓફિસે આપેલી રોકડ રકમ અને એની સ્લીપ તથા એકાઉન્ટમાં જમા થયેલ રકમ વચ્ચે ઘણો મોટો તફાવત હતો. આ મામલે જીૅ તંત્રએ ૐૅદ્બ઼ઃઞ બેંકને જાણ કરતા બેંકે તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન નવેમ્બર-૨૦૧૮થી માર્ચ-૨૦૨૦ સુધીના સમયગાળા દરમિયાન ''રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ''ના કર્મચારીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી કચેરી ખાતેથી ૫,૨૪,૭૭,૩૭૫ રૂપિયા રોકડ રકમ લઈ બેંક ખાતામાં જમા ના કરાવ્યા હોવાનું બહાર આવતા ખળભળાટ મચ્યો હતો. વડોદરા એચડીએફસી બેંક દ્વારા ''રાઈટર બિઝનેસ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ'' ના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ વિરુદ્ધ આ ભ્રષ્ટાચાર મુદ્દે કાયદેસરની કાર્યવાહી કરવા કેવડિયા પોલિસ મથકમાં ફરિયાદ કરી છે.

## ગુજરાત પોલીસે વિદેશોમાં વપરાતી ઈલેક્ટ્રિક શોક આપતી ટીઝર ગન વસાવી

વડોદરા : ગુજરાત પોલીસે સમગ્ર દેશમાં સૌ પ્રથમ વખત ટીઝર ગનનો ઉપયોગ શરુ કરીને હાઈટેક બની છે. આ ગનની વિશેષતા એ છે કે ટ્રીગર દબાવવાથી ફાયર થતુ નથી પરંતુ કેટલાક મીટરના અંતર સુધી ઈલેકટ્રીક કરંટ લાગે છે અને વ્યકિત મરતો નથી પરંતુ થોડાક સમય માટે બેશુધ્ધ રહે છે. વિદેશમાં યુનાઈટેડ કિંગડમ, ન્યુયોક પોલીસ આ ગનનો યુઝ કરી રહી છે. ભારતમાં હવે એક માત્ર ગુજરાત પોલીસ સેવા દળે આ ગન વિકસાવી છે. ગુજરાત પોલીસ પાસે હાલમાં ૨૫ ટીઝન ગન છે જેનો ઉપયોગ મોબને કંટ્રોલ કરવા માટે તથા વી.આઈ.પી. અને વી.વી.આઈ.પી.ના બંદોબસ્ત માટે ઉપયોગ થઈ શકે છે તેમ રાજયના પોલીસ મહા નિર્દેશક આશિષ ભાટિયાએ જણાવ્યું છે. ગુજરાત પોલીસે ૩૦૩ રાયફલનો ઉપયોગ કર્યો હતો. આ રાયફલે વિદાય લીધી છે.

## ગુજરાતમાં ગંભીર ગુના ધરાવતા ૯૭ સામે ગુજસીટોક ગુનો દાખલ

**• અમદાવાદમાં ખંડણીખોર વિશાલ ગોસ્વામી સહિત ૧૧, રાજકોટ -સુરતના ૨૬ આરોપીઓનો સમાવેશ**

અમદાવાદ : આતંકવાદી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અને લોકોને ધાક ધમકી આપીને રૂપિયા તથા જમીનો પડાવી લેવા જેવી પ્રવૃત્તિ ધરાવતી કુખ્યાત ગેંગ, ગુંડા ટોળકીને સકંજામાં લેવા માટે સરકાર દ્વારા ગુજસીટોક કાયદાને મંજૂરી આપવામાં આવી હતી, આ કાયદા હેઠળ ગુજરાતમાં આજદિન સુધીમાં ખૂન, અપહરણ, ખંડણી, લેન્ડ ગ્રેબીંગ સહિતના ગંભીર ગુના આચરનારા ૯૭ આરોપીઓ સામે ગુના નોધીને જેલના હવાલે કર્યા છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને બદલાતી ગુનાખોરી પ્રમાણે નવા કડક કાયદાઓ બને તે હેતુસર ચાલુ વર્ષમાં સરકાર દ્વારા ગુજસીટોક કાયદો અમલમાં લાવવામાં આવ્યો હતો આ કાયદા હેઠળ પ્રથમ અમદાવાદમાં લૂંટ, હત્યા અને ખંડણી સહિતના સંખ્યાબંધ ગુના આચરનારી કુખ્યાત વિશાલ ગોસ્વામી ગેંગના પાંચ આરોપીઓ સામે ગુનો નોધવામાં આવ્યો હતો, ત્યારબાદ ગત મહિને વેજલપુર પોલીસે સુલતાનખાન પઠાણ સહિત ૧૧ આરોપી સામે ગુનો નોધવામાં આવ્યો હતો.

## મોદી ફરી એકવાર ગુજરાત આવી શકે, કચ્છમાં બે પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે!

કચ્છ : ગુજરાતના પનોતા પુત્ર વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવી શકે છે. કચ્છમાં બે અલગ-અલગ કાર્યક્રમોના ખાતમુહૂર્ત માટે ગુજરાત સરકાર દ્વારા વડા પ્રધાન મોદીને આમંત્રણ આપવાની સાથે તેઓનો સમય માગ્યો છે. જો કે, હજુ સુધી આ પ્રવાસ અંગે વડા પ્રધાન કાર્યાલય તરફથી કાર્યક્રમને અંતિમ ઓપ આપવામાં આવશે. હાલમાં જ પીએમ નરેન્દ્ર મોદી સી પ્લેનના ઉદઘાટન અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિવિધ યોજનાઓનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહ્યા હતા. તેવામાં આ મહિને પણ પીએમ નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવી શકે છે. ૧૫ ડિસેમ્બરે કચ્છમાં બે અલગ-અલગ કાર્યક્રમોના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં પીએમ મોદી હાજર રહેશે તેવી સંભાવના છે. રાજ્ય સરકારે ખાતમુહૂર્ત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સમય માગ્યો છે.

# બરોડામાં કોરોના બેકાબૂ : ૧૭ સ્થળેથી લેવાયેલા સેમ્પલોમાં ૧૧૧ પોઝિટિવ

વડોદરા : ૬૧ દર્દીઓ વેન્ટિલેટર પર અને ૧૬૬ દર્દીઓ ઓક્સિજન પર સારવાર હેઠળ વધુ ૧૦૦ દર્દીઓ સ્વસ્થ થતા તેમને રજા અપાઈ પાલિકા દ્વારા સત્તાવાર રીતે ૧ મોત, કુલ આંક ૨૨૪ કોરોનાનો બીજો તબક્કો શહેરમા શરૃ થઈ ગયો છે. જેને કારણે હવે શહેરીજનો વધુ સાવચેત બનતા જઈ રહ્યા છે. જેની સામે પાલિકા દ્વારા કડક કાયદાઓ બનાવવામાં આવી રહ્યા છે. તેમ છત્તા પણ દિવસે ને દિવસે કોરોનાના કેસમા ધીમી ગતિએ વધારો નોંધાઈ રહ્યો છે. તેવામાં આજે શહેરમા વધુ ૧૧૧ કેસ પોઝિટિવ નોંધાતા કુલ આંક ૧૮૨૪૮ પર પહોંચ્યો છે.

પાલિકા દ્વારા શહેરના ૧૭ વિસ્તારમાથી આજે કુલ ૩૯૯૭ સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાંથી ૧૧૧ કેસ પોઝિટિવ નોંધાયા હતા અને બાકીના ૩૮૮૬ સેમ્પલ નેગેટિવ નોંધાયા છે. પાલિદા દ્વારા ડેથ ઓડિટ કર્યા બાદ સત્તાવાર રીતે આજે વધુ ૧ મોત જાહેર કર્યુ છે. જેને લઈને અત્યાર સુધી કુલ મૃત્યુ આંક ૨૨૪ પર પહોંચ્યો છે.

અત્યારે શહેરની વિવિધ ખાનગી તથા સરકારી હોસ્પિટલમા ૧૨૧૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમા ૯૮૩ દર્દીઓ સ્ટેબલ, ૧૬૬ દર્દીઓ ઓક્સિજન પર અને ૬૧ દર્દીઓ વેન્ટીલેટર પર હોવાનુ પાલિકાએ મેડિકલ બુલેટિનમા જાહેર કર્યુ છે. જ્યારે બીજી તરફ ખાનગી તથા સરકારી હોમ આઈસોલેશનમા સારવાર લઈ રહેલા ૧૦૦ દર્દીઓ સ્વસ્થ થતા તેમને રજા આપવામાં આવી છે. જેમા ૩ દર્દીઓને સરકારી હોસ્પિટલમાથી, ૭ દર્દીઓને ખાનગી હોસ્પિટલમાથી અને ૯૦ દર્દીઓને હોમ આઈસોલેશન ખાતેથી રજા આપવામા આવી છે. કોરોના પોઝિટિવ દર્દીઓના સંપર્કમા આવેલા કુલ ૩૯૯૭ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. કોરોના વાઈરસને નિયંત્રણને લાવવા માટે વડોદરા શહેરમાં રાતે ૯ થી વહેલી સવારે ૬ વાગ્યા સુધી પોલીસ દ્વારા નાઈટ કર્ફ્યૂનો અમલ થઈ રહ્યો છે.

# વડોદરામાં ૧૪ વર્ષીય પુત્રી પર સગા પિતાનો નવ મહિના સુધી બળાત્કાર

વડોદરા : વડોદરામાં ૧૪ વર્ષની સગી દીકરી પર સગા બાપે બળાત્કાર ગુજારતા સમગ્ર શહેરમાં નરાધમ પિતા પર લોકો ફિટકાર વરસાવી રહ્યા છે.

વડોદરામાં ફારૂકશાહ દીવાન છકડો ચલાવી પોતાના ઘરનું ગુજરાન ચલાવતો હતો. આ દરમિયાન તેની નજર પોતાની જ ૧૪ વર્ષીય દીકરી પર બગડી હતી અને માતા ઘરે ન હોવાથી તકનો લાભ લઈ આ નરાધમ પિતાએ ૧૪ વર્ષીય દીકરીને ૯ મહિના સુધી પોતાની હવસનો શિકાર બનાવી હતી. સગો પિતા ૯ મહિના સુધી સગીરાને પિંખતો રહ્યો છતા સગીરા આ મામલે ડરી જતા મૌન રહેતી હતી. પરંતુ દીકરી ગુમસુમ રહેતા માતાએ તેને પ્રેમથી પૂંછતા સગીર દીકરીએ પોતાના પિતાની તમામ કરતૂતોનો ખુલાસો કર્યો હતો. જેને સાંભળી માતા સહેમી ગઈ હતી અને તેના પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ હોય તેમ આવાક રહી ગઈ હતી.

સગીર દીકરીએ પોતાની માતા સમક્ષ ખુલાસો કર્યો કે તેનો નરાધમ પિતા નવ મહિનાથી તેને મારી નાંખવાની ધમકી આપી તેના પર દુષ્કર્મ આચરતો હતો. બાદમાં આ મામલે દીકરીએ માતાની મદદથી પિતા વિરુદ્ધ ભાદરવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ભાદરવા પોલીસે પણ હવસખોર પિતાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રતનમહાલ જંગલમાંથી બહાર કાઢવા સામે આદિવાસીઓમાં રોષ

ગાંધીનગર: મધ્ય ગુજરાતના દાહોદના રતનમહાલ રીંછ અભયારણ્યમાંથી વર્ષોથી રહેતા આદિવાસી પરીવારોને જંગલમાંથી બહાર વિસ્થાપિત કરવાની નોટિસો મળતા સખત રોષ ફાટી નિકળ્યો છે. રાજ્યસભાના સાંસદ મધુસુદન મિસ્ત્રીના કહેવા મુજબ આ જંગલમાં આદિવાસીઓની રીંછ વચ્ચે સંઘર્ષની કોઈ ઘટના જ ઘટી નથી તેમ છતાંયે મધ્યપ્રદેશને અડીને આવેલા ગુજરાતના પીપરગોટા, ભુવેરા, અલિન્દ્રા તથા પાનમના ઉપરના ફળીયા એમ ચારેક ગામોના ૫૦૦થી વધુ આદિવાસીઓને જંગલ બહાર જવા કહેવામાં આવી રહ્યુ છે. સ્થાનિક સ્તરેથી ''હમણા આ ગામોના રહિશો અને રીંછ વચ્ચે સંઘર્ષ છે તેથી ગામોના નાગરીકોને ખસેડવાની દરખાસ્ત સરકારમાં થઈ છે. તેના માટે ગામોને ખાલી કરાવવા સાદા કાગળ ઉપર અપાતી નોટીસમાં વિસ્થાપિતોને બીજી જગ્યાએ પાંચ એકર જમીન આપવાનો દાવો થઈ રહ્યો છે.

## ખેડા નગર પાલિકામાં નવા બોર્ડના શાસકો ત્રાસ આપતા હોવાનો આક્ષેપ

**• એટ્રોસિટીના નામે હેરાન કરાતા હોવાની રજૂઆત**

નડિયાદ : શ્રી ગુજરાત રાજપૂત સેવા સમાજ ખેડા દ્વારા જિલ્લા અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ છે. શ્રી ગુજરાત રાજપૂત સેવા સમાજ ખેડા દ્વારા જિલ્લા અધિક કલેકટરને આપેલ આવેદનપત્રમાં જણાવ્યુ છે કે ખેડાનગરપાલિકામાં પ્રથમ બોર્ડની ટર્મ પૂરી થવાની નવેસરથી ચૂટણી કરી નવુ બોર્ડ બનાવવાનુ હતુ. તે સમયે જૂના બોર્ડના ત્રણેય સભ્યોને આંટી ઘૂંટીમાં લઈ પ્રથમ બોર્ડના બદલે નવુ બોર્ડ અમલી બન્યુ હતુ.

ત્યારથી નવા બોર્ડના સક્ષમ નેતાઓ જૂના બોર્ડના સભ્યોને એક યા બીજા બહાને હેરાન કરવા લાગ્યા હોય તેવો માહોલ ઉભો કરવામાં આવ્યો છે. વધુમાં જણાવ્યુ છે કે જૂના બોર્ડના પ્રમુખ ક્ષત્રિય તરીકે ક્ષત્રિય ઉમેદવાર હતા તેમના પતિ ધર્મેન્દ્રસિંહ મહીડા છે ખેડા વાંટાના રહીશો રાજપૂત સમાજના રહીશો તથા રાજપૂત સેવા સમાજના રહીશો તથા રાજપૂત સેવા સમાજ ખેડાના અગ્રણીઓ છે. તાજેતરમાં ખેડા પાલિકા પ્રમુખ પ્રિયંકાબેન સોલંકી દ્વારા રાજકીય કિન્નાખોરી રાખી બિલકુલ ખોટી એટ્રોસીટીની ફરિયાદ ખેડા પોલીસ સ્ટેશને કરવામાં આવી છે. તેમને દબાવવા માટે આ એટ્રોસિટીનુ હથીયાર ઉગામેલ હોવાનુ આવેદનપત્રમાં જણાવ્યુ છે.

## વડોદરામાં વર્ચ્યુઅલ સેકસ રેકેટમાં ઓફિસની ૨૦ યુવતીના નિવેદન લેવાયા

વડોદરા : વર્ચ્યુઅલ એકસ રેકેટમાં પકડાયેલા મુખ્ય સૂત્રધારની ઓફિસમાં કામ કરતી ૨૦ યુવતીઓમાં જે.પી.રોડ પોલીસે નિવેદન લીધા છે. વડોદરામાં જે.પી.રોડ પોલીસે અકોટા હાર્દિક ચેમ્બર્સમાં રહેતા નિલેશ ઈન્દ્રચંદ્ર ગુપ્તા દ્વારા ચલાવવામાં આવતા વર્ચ્યુઅલ સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે તેની ઓફિસમાંથી ૧૧ લેપટોપ, મોબાઈલફોન, ટીવી, રાઉટર સેક્સટોયઝ સહિત ૬.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જે.પી. રોડ પોલીસે નિલેશ ગુપ્તાની ઓફિસમાં નોકરી કરતી ૨૦ યુવતીઓના નિવેદન અત્યાર સુધી લીધા છે. નિલેશ દ્વારા તેઓનું શોષણ થતુ હોવાનું યુવતીઓએ પોલીસને જણાવ્યું છે. વધુમાં હાલમાં નિલેશ જ્યુડીશયલ કસ્ટડીમાં છે. બળાત્કારના અન્ય ગુનામાં તેનો કબ્જો મેળવવાની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે. જ્યારે હજી અમી પરમાર અને નેહા પોલીસના હાથમાં આવી નથી.

# કુડાસણના પાસે રાંદેસણની યુવાનની હત્યા કરનાર પાંચ આરોપી ઝડપાયા

ગાંધીનગર : કુડાસણના અપના અડ્ડા પાસે રાંદેસણ ગામના યુવાન કેતનસિંહ પૃથ્વીસિંહ ગોહીલની છ જેટલા શખ્સોએ હત્યા કરી હોવા સંદર્ભે તેના મિત્ર દિપકસિંહ વિક્રમસિંહ ગોહિલે ઈન્ફોસીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને એલસીબી અને ઈન્ફોસીટી પોલીસની ટીમોએ આરોપીઓને શોધવા દોડધામ શરૂ કરી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે આરોપીઓ મુંબઈ ભાગવાની કોશિષ કરી રહયા છે જેના પગલે વૈષ્ણોદેવી સર્કલ પાસે વોચ ગોઠવી હતી અને અને પાંચ આરોપીઓને ઝડપી પાડયા હતા જેમાં શક્તિસિંહ ઘનશ્યામસિંહ ડોડીયા (રહે.મકાન નં.૧૫, શરણમ્ વિલા બંગલોઝ, સાણંદ), શકિતસિંહ શૈલેન્દ્રસિંહ ચૌહાણ (રહે. આલોક બંગલોઝ, સરકારી સિવિલ પાછળ સાણંદ), ચેતનસિંહ હિંમતસિંહ વાઘેલા (રહે.રજોડા ગામ-બાવળા), હાર્દિક બિજલભાઈ પરમાર (રહે. મકાન નં. એફ-૩૦૩, શ્રીનંદ નગર વિભાગ-૪ વેજલપુર), પ્રણવ ભુપેન્દ્રભાઈ ગીલકર (રહે. મકાન નં.૮, શ્રીનંદનગર વિભાગ-૨, વેજલપુર)નો સમાવેશ થાય છે. જેમની પુછપરછમાં બહાર આવ્યું હતું કે તેમણે યશપાલસિંહ કીરીટસિંહ વાળા રહે.પાર્વતીકુંજ વેજલપુર અમદાવાદ તથા જયરાજસિંહ સોલંકી સાથે આ ગુનાને અંજામ આપ્યો હતો. અભિમન્યુસિંહ ઉર્ફે રીશી રાઠોડ દ્વારા કારનો પીછો કરવામાં આવતા આ શખ્સો કાર લઈને પરત ફર્યા હતા. જેમાં શક્તિ ડોડીયાએ હાથમાં છરો તેમજ યશપાલ વાળાએ હાથમાં બેટ તથા શક્તિ ચૌહાણ તથા ચેતનસિંહ વાઘેલાએ ધોકા વડે અભિમન્યુ તેમજ મૃતક કેતન ઉપર હુમલો કર્યો હતો.

# વાઘોડિયામાં મહિના પહેલા સગાઈ કરનાર બે સહેલીના મોતથી ચકચાર

વાઘોડિયા તાલુકાના તવરા ગામે રહેતી રીટા પ્રવીણભાઈ પરમાર (ઉ.૧૯) અને અંજના મહેશભાઈ પરમાર (ઉ.૧૯) આ બંને ખાસ બહેનપણીઓ છે. આ બંને સાથે ભણતી સાથે ફરતી અને બંને બહેનપણીની સગાઈ પણ મહિના પહેલા થઈ હતી. મંગળવારે આ બંને બહેનપણી સાથે તવરાની સીમમાં આવેલ નર્મદા કેનાલમાં કપડા ધોવા ગઈ હતી. તે દરમિયાન તેઓનો પગ લપસી જતાં તે કેનાલના પાણીમાં પડયા અને પાણીમાં ડૂબી ગઈ હતી. આ બાબની જાણ ગામના તેમના પરિવારજનો તેમજ ગ્રામજનોને થતાં તેઓ સ્થળ ઉપર પહોંચી ગયા હતાં ત્યા સ્થાનિક તરવૈયાઓએ કેનાલના પાણીમાં રીટા અને અંજનાની તપાસ હાથ ધરી. લગભગ ૧૦૦ મીટર દૂર કેનાલમાંપાણીમાં બંને બહેનપણી રીટા અને અંજનાની લાશ મળી આવી હતી.

વાઘોડિયા પોલીસને આ બાબતની જાણ થતાં તેઓ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતાં ત્યારબાદ પોલીસે સ્થળ ઉપર કેવી રીતે ઘટના બની તેની પૂછપરછ કરી રીટા અને અંજનાની લાશને પોસ્ટમોર્ટમ માટે જરોદ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મોકલી આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોધરા હાઈવે પર કારનું ટાયર ફાટતાં કારના ટુકડા થયા, બેના મોત

મોડાસાઃ માલપુરની ચોરીવાડ ચોકડી નજીક રવિવારે સવારે લુણાવાડા તરફથી આવી રહેલી કારનું ટાયર ફાટી ગયું હતું. જેના પગલે કાર ચાલકે સ્ટીયરીંગ ઉપરથી કાબુ ગુમાવી દીધો હતો અને કાર ડીવાઈડર કુદી રોંગ સાઈડ જતી એક કાર સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માતમાં જે કારનું ટાયર ફાટી ગયું હતું તેના રીતસર બે ટુકડા થઈ ગયા હતા. કારમાં બેઠેલા જાદરના જગદીશભાઈ પટેલનું તેમજ તેમની સાથેના વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. લુણાવાડાથી કાર મોડાસા તરફ આવી રહી હતી તે સમયે આ અકસ્માત સર્જાયો હતો.

# ગુજરાતી દંપતિની હત્યા બાદ UAEએ પરિવારના સભ્યોને ગોલ્ડન વીઝા આપ્યા

દુબઈઃ દુબઈમાં પ્રથમવાર ૧૮ અને ૧૩ વર્ષની બે બહેનો તથા તેમના દાદા-દાદીને UAEમાં ૧૦ વર્ષના ગોલ્ડન વીઝા આપવામાં આવ્યા છે. વડોદરાના મૂળ નિવાસી હિરેન અને વિધિ અધિઆના દુબઈમાં આવેલા તેમા વિલામાં ૧૮મી જૂને એક પાકિસ્તાની ચોર દ્વારા હત્યા કરવામાં આવી હતી. જે બાદ તેમની દીકરીઓ તથા માતા-પિતાને માનવતાના ધોરણે દૂબઈમાં ગોલ્ડન વીઝા આપવામાં આવ્યા છે. ભારતીય કોમ્યુનિટી મેમ્બર્સનું કહેવું છે કે દુબઈમાં આ પ્રકારે પહેલીવાર કોઈ ભારતીયને વીઝા અપાયા છે.

મૂળ વડોદરાના નિવાસી હિરેન અને વિધિ અધિઆનાની દુબઈમાં આવેલા પોતાના વિલામાં ૧૮મી જૂને એક પાકિસ્તાની ચોર દ્વારા હત્યા કરવામાં આવી હતી. જે બાદ તેમની દીકરીઓ તથા માતા-પિતાને માનવતાના ધોરણે વીઝા અપાયા છે. હિરેન આધિયા અને તેમની પત્ની વિધિ બંને પોતાના દુબઈના અરેબિયન રાંચેસ નામના વિલામાં ઊંઘી રહ્યા હતા, તે દરમિયાન પાકિસ્તાની ચોરે ૨૦૦૦ દિરહમની કિંમતની મતા ચોરી હતી. આ દરમિયાન હિરેન ચોરને જોઈ ગયો હતો અને તેને ચોરનો રોકવાનો પ્રયાસ કર્યો હતું આ દરમિયાન ચોરે ચાકૂના ઘા મારીને ઈજાગ્રસ્ત કરી દીધા હતા. પતિને બચાવવા વચ્ચે આવેલા વિધિને પણ ચોરે ચાકૂના ઘા માર્યા હતા. જેથી બંનેનું સ્થળ પર જ મોત થઈ ગયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ૨૩ નવેમ્બરે મૃતક દંપતીની બંને દીકરીઓ તથા માતા-પિતાનો ગોલ્ડન વીઝા આપવામાં આવ્યા હતા. બંને બહેનોને દુબઈમાં અભ્યાસ કરવા માટે સ્કોલરશીપ પણ આપવામાં આવી છે.

## ડાકોર મંદિરના ૨૮ કિલો સોનાનું ગોલ્ડ બોન્ડમાં રોકાણ કરાયું

અમદાવાદઃ યાત્રાધામ ડાકોર રણછોડરાય મંદિર ટેમ્પલ કમિટી દ્વારા દાનમાં મળેલું ૨૮ કિલો સોનાનું કેન્દ્ર સરકારના ગોલ્ડ બોન્ડમાં રોકાણ કરવામાં આવ્યું છે. રણછોડરાયજી મંદિરમાં વૈષ્ણવોએ પ્રભુને અર્પણ કરેલી સોનાની લગડીઓ અને સચવાયેલું સોનાનું કેન્દ્ર સરકારની ગોલ્ડ બોન્ડ યોજનામાં મોટા પાયે રોકાણ કરવામાં આવ્યું છે. આ રોકાણ થકી મંદિરને વાર્ષિક ધોરણે લાખોની વ્યાજની આવક થશે. જે આવકની રકમથી મંદિરના વિવિધ ખર્ચાઓમાં મોટી રાહત રહેશે.મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૮.૧૮૬ કિલો સોનાનું ગોલ્ડ બોન્ડ યોજનામાં રોકાણ કરવામાં આવ્યું છે.

# ૧૫ લાખ દિવડાઓથી ઝગમગી ઉઠી શિવનગરી કાશી



કાશીનગરીમાં દેવદિવાળી ગંગા નદીના કિનારે દિપ પ્રગટાવીને મનાવવામાં આવી હતી. જેના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસ્થાના રંગમાં રંગાયેલી કાશીમાં દિપ પ્રજ્વલિત કરી દેવદિવાળી મહોત્સવનો પ્રારંભ કર્યો હતો. આ તકે વડાપ્રધાને મંદિરોની વેબસાઈટનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. આ અવસરે ૮૪ ઘાટ પર લગભગ ૧૫ લાખ દિવાઓથી શિવનગરી કાશી ઝગમગી ઉઠી હતી.

# ભારતમાં જાન્યુઆરી માસ સુધીમાં વેક્સિન આવી જવાની સંભાવના

નવીદિલ્હી : ડિસેમ્બરના અંત અથવા જાન્યુઆરીની શરૂઆતમાં કોરોના વેક્સિનને તાત્કાલિક ધોરણે પરવાનગી મળી શકે છે. દિલ્હી એમ્સના ડાયરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ આ અંગે ખુલાસો કર્યો હતો.

ડૉ. ગુલેરિયાએ જણાવ્યું કે, અત્યારે ભારતમાં કેટલીક વેક્સિન અંતિમ તબક્કાની ટ્રાયલ્સમાં છે. આશા છે કે, ડિસેમ્બરના અંત અથવા જાન્યુઆરીની શરૂઆત સુધીમાં આમાંથી કોઈને ડ્રગ રેગ્યુલેટર પાસેથી ઈમરજન્સી પરવાનગી મળી જશે. તે બાદ વેકિસનેશન શરૂ થઈ શકશે. હાલ ભારતમાં છ વેક્સિન પર કામ ચાલી રહ્યું છે. આમાંથી ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકા અને ભારત બાયોટેકની વેક્સિન ફેઝ-૩ ટ્રાયલ્સમાં છે. ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકાની વેક્સિન-કોવીશીલ્ડના ફેઝ-૩ના ક્લિનિકલ ટ્રાયલ્સના પરિણામો આંતરરાષ્ટ્રીય સ્તરે આવી ચૂક્યા છે. તેને ભારતમાં બનાવી રહેલ સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ)ના સીઈઓ અદર પૂનાવાલાએ ગત સપ્તાહે કહ્યું હતું કે, ટૂંક સમયમાં ઈમરજન્સી યૂઝ માટે એપ્રુવલ લેવા માટે અરજી કરાશે. ડૉ. ગુલેરિયાએ જણાવ્યું કે, અત્યાર સુધી જે ડેટા સામે આવ્યો છે તેના આધારે કહી શકાય કે વેક્સિન સુરક્ષિત અને અસરકારક છે. વેક્સિનની સુરક્ષા અને અસરકારકતા સાથે કોઈ સમાધાન નહીં થાય. ૭૦થી ૮૦ હજાર વોલન્ટિયર્સને વેક્સિન લગાવવામાં આવી છે.



## યુપી સરકારે ખાનગી લેબમાં RT-PCR ટેસ્ટની કિંમતમાં કર્યો ઘટાડો, હવે ૭૦૦માં થશે ટેસ્ટ

ઉત્તરપ્રદેશ સરકારે કોરોનાના વધતા સંક્રમણને જોતા કોરોના ટેસ્ટની કિંમતમાં મોટો ઘટાડો કર્યો છે. રાજ્ય સરકારે ખાનગી હોસ્પિટલોમાં કે ખાનગી લેબ માટે કોરોનાના નવા ટેસ્ટીંગ દરો લાગૂ કરી છે. નવા દરો હેઠળ ૭૦૦ રૂપિયામા કોરોના ટેસ્ટ કરી શકશે. આ દરમિયાન જો કોઈ પણ ઘરેથી સેમ્પલ લેવાડાવી ટેસ્ટ કરાવશે તો તેના ૯૦૦ રૂપિયા ચૂકવવા પડશે. કોરોના વાઈરસના સંક્રમણે ફરીથી ગતિ પકડવા પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આ પગલાંને લોકો યોગ્ય ગણાવી રહ્યાં છે. જે મુજબ ગુજરાતમાં ૮૦૦ રૂપિયામાં ખાનગી લેબોરેટરીમાં આરટી–પીસીઆર ટેસ્ટ થઇ શકશે.

## રાજસ્થાનને ચૂંટણી ભારે પડી, કેબિનેટના ૫૦ ટકા મંત્રીઓ પોઝિટિવ, બે ધારાસભ્યોના મોત

જયપુર : ગુજરાતે તો કોરોનાને જોતા કોર્પોરેશનની ચૂંટણીઓ પાછી ઠેલી દીધી છે પણ પાડોશી રાજ્ય રાજસ્થાનને કોરોના કાળમાં ચૂંટણીઓ યોજવાનુ ભારે પડી રહ્યુ છે. નગર નિગમ અને પંચાયતની ચૂંટણીઓનુ આવા સમયે આયોજન કરવાનુ અને તેમાં પ્રચાર કરવાનુ નેતાઓને મોંઘુ પડ્યુ છે.રાજસ્થાન સરકારના ૫૦ ટકા મંત્રીઓ કોરોનાના સપાટામાં આવી ચુક્યા છે અને બે ધારાસભ્યોના મોત થઈ ચુક્યા છે. જેને પગલે ૩૧ ડિસેમ્બર સુધીમાં, કન્ટેનમેન્ટ ઝોનમાં ફરીથી લોકડાઉન લગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વધુ પાંચ જિલ્લા નાગૌર, પાલી, ટોંક, સીકર અને ગંગાનગરમાં નાઇટ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે.

# દિલ્હીમાં બીજા દિવસે કોરોનાના ૪ હજારથી ઓછા કેસ, ૮૨ મોત

નવી દિલ્હી : દિલ્હીમાં સતત બીજે દિવસે કોરોના વાઈરસને લઈને સૌથી વધારે સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા એક દિવસમાં ૭૦ હજારથી વધારે સેમ્પલની તપાસમાં ૪ હજારથી ઓછા દર્દીઓ સામે આવ્યા છે. ગત બુધવારે દિલ્હીમાં ૭૮ હજારથી વધારે સેમ્પલની તપાસ થઈ હતી અને માત્ર ૫% સેમ્પલ સંક્રમિત મળ્યાહ હતા. જ્યારે ગુરુવારે દિલ્હી આરોગ્ય વિભાગે છેલ્લા ૨૪ કલાકમાં ૭૫,૨૩૦ સેમ્પલની તપાસમાં ૪.૯૬% કોરોના સંક્રમિત મળ્યા છે.

છેલ્લા એક દિવસમાં દિલ્હીમાં ૩૭૩૪ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૪૮૩૪ દર્દીઓ સ્વસ્થ થયાં છે. આ સાથે જ કોરોના વાઈરસથી ૮૨ લોકોના મોત પણ થયાં છે. આ સાથે જ દિલ્હીમાં કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૫,૮૨,૦૫૮ થઈ ચુકી છે. જેમાં અત્યાર સુધીમાં ૫,૪૩,૫૧૪ દર્દીઓ સ્વસ્થ થઈ ચુક્યાં છે. જ્યારે ૯૪૨૪ લોકોના સંક્રમણના કારણે મોત થઈ ચુક્યાં છે. દિલ્હીમાં લાંબા સમય બાદ એક્ટિવ કેસોની સંખ્યા ૩૦ હજારથી ઓછી આવી છે. દિલ્હીમાં કુલ એક્ટિવ દર્દી ૨૯૧૨૦ છે. જેમાંથી ૧૭,૭૯૦ હોમ આઈસોલેશનમાં છે. એ સિવાય દિલ્હીમાં કંટેન્ટમેન્ટ ઝોનની સંખ્યા ઘટીને ૫૭૫૯ થઈ ચુકી છે.

# કોલકાતામાં કોવેક્સિન વેક્સિનની ટ્રાયલના ત્રીજા તબક્કાને મંજૂરી

કોલકાતા : હાલ રસીની ટ્રાયલ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે ત્યારે હવે કોવેક્સિન નામની વેક્સિનની કોલકાતામાં ટ્રાયલના ત્રીજા તબક્કાને પણ મંજૂરી આપી દેવામાં આવી છે. બીજી તરફ પંજાબમાં કોરોનાની રસી આપવાનું શરૂ કરી દેવામાં આવશે. પંજાબના મુખ્ય પ્રધાન કેપ્ટન અમરિંદરસિંહ એન્ટિ કોવિડ વેક્સીનનો પહેલો શોટ લેશે, જે બાદ તેને ૧.૨૫ લાખ હેલ્થ વર્કરને પણ આપવામાં આવશે. આઈસીએમઆર દ્વારા આ રસીને મંજૂરી આપી દેવામાં આવી છે તે બાદ તેનો પંજાબમાં અમલ કરવામાં આવી રહ્યો છે. એક કેબિનેટ બેઠકમાં કેપ્ટન અમરિંદરસિંહે જાહેરાત કરતા કહ્યું હતું કે પંજાબની વસતીના ૨૩ ટકા લોકોને આ રસી પહોંચતી કરવામાં આવશે. જેમાં એવા લોકોને પ્રાથમિક્તા આપવામાં આવશે કે જેઓ મેડિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય જેમ કે કોરોનાના દર્દીઓની સારવાર કરી રહેલા ડોક્ટર્સ, નર્સ, હેલ્થકેર વર્કર વગેરે. બંગાળના મંત્રી ફરિહાદ હકીમ કોરોનાની રસી કોવેક્સિન લેનારા પ્રથમ વ્યક્તિ બની ગયા છે. કોલકાતામાં ચાલી રહેલી કોવેક્સિનની ટ્રાયલના ત્રીજા તબક્કામાં પ્રવેશ કરી લેવાયો છે.

## ઘર-ઘરમાં જાણીતા MDH મસાલાવાળા ધર્મપાલ ગુલાટીનું હાર્ટ એટેકથી નિધન

નવી દિલ્હી : દેશની અગ્રણી મસાલા કંપની મહાશિયા દી હટ્ટીના માલિક મહાશય ધર્મપાલજી ગુલાટીનું નિધન થયું છે. આજે સવારે ૫.૩૮ વાગ્યે તેમણે છેલ્લાં શ્વાસ લીધા. તેઓ ૯૮ વર્ષના હતા. કોરોનાથી સ્વસ્થ થયા બાદ હાર્ટ એટેકથી નિધન થયું. વેપાર અને ઉદ્યોગજગતમાં ઉલ્લેખનીય યોગદાન આપવા માટે ગયા વર્ષે જ તેમને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદએ પદ્મ ભૂષણથી સમ્માનિત કર્યા હતા. ધર્મપાલ ગુલાટીનો જન્મ પાકિસ્તાનના સિયાલકોટમાં ૨૩મી માર્ચ, ૧૯૨૨માં થયો હતો. દેશના ભાગલા બાદ તેમના પિતા મહાશય ચુન્ની લાલ ગુલાટી ૧૯૪૭મા દેશની વહેંચણી બાદથી દિલ્હી આવીને વસ્યા હતા. શરૂઆતમાં ભરણ-પોષણ માટે તાંગા ચલાવાનું શરૂઆત કરી. પછી ટૂંક સમયમાં જ તેમના પરિવારની એટલી સંપત્તિ ભેગી થઈ ગઈ કે દિલ્હીના કરોલ બાગ સ્થિત અજમલ ખાં રોડ પર મસાલાની એક દુકાન ખોલી હતી.

## ભારતમાં ૨૦૨૬ સુધી ૩૫ કરોડ, વિશ્વમાં ૩.૫ અબજ 5G કનેક્શન હશેઃ રિપોર્ટ

- ભારતમાં મહિને ફોન વપરાશકાર સરેરાશ ટ્રાફિક ૧૫.૭ જીબી છે, જે વિશ્વમાં સૌથી વધુ છે

નવી દિલ્હી : અગ્રણી ટેલિકોમ કંપની એરિક્સનના એક અહેવાલ મુજબ, ૨૦૧૬ સુધીમાં વિશ્વભરમાં ૩.૫ અબજ 5G કનેક્શન હશે, જ્યારે ભારતમાં તે લગભગ ૩૫ કરોડ હોઈ શકે. એરિક્સનના નેટવર્ક સોલ્યુશન્સ (દક્ષિણ પૂર્વ એશિયા, ઓશિનિયા અને ભારત)ના વડા, નીતિન બંસલે જણાવ્યું કે જો સ્પેક્ટ્રમની હરાજી આવતા વર્ષની શરૂઆતમાં કરવામાં આવે તો ૨૦૨૧માં ભારતને પોતાનું પ્રથમ 5G કનેક્શન મળી શકે છે.

એરિક્સન મોબિલીટી રિપોર્ટ -૨૦૨૦ મુજબ, વિશ્વભરમાં એક અબજ લોકો, જે વૈશ્વિક વસ્તીના ૧૫ ટકાનો ભાગ છે, 5G કવરેજ સુધી પહોંચે છે. રિપોર્ટ અનુસાર, વિશ્વની ૬૦ ટકા વસ્તી ૨૦૨૬ સુધીમાં 5G સેવાઓનો વપરાશ કરશે અને તે સમય સુધીમાં 5G ગ્રાહકોની સંખ્યા વધીને ૩.૫ અબજ થવાનું અનુમાન છે.

ભારતમાં 5G સબ્સ્ક્રાઈબર્સની સંખ્યા તે સમય સુધીમાં ૩૫ કરોડનો આંકડો પાર કરી જશે, જે કુલ મોબાઈલ વપરાશકારોના ૨૭ ટકા જેટલો હશે. બંસલે જણાવ્યું કે, 5G સેવાઓ માટે સ્પેક્ટ્રમ હરાજીની ઘોષણાની સમયસીમા મુજબ ૨૦૨૧માં ભારત પોતાનું પ્રથમ 5G કનેક્શન મેળવી શકે છે.

## પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય મહેમાન તરીકે બોરિસ જોન્સનને આમંત્રણ અપાયું

નવી દિલ્હી : ભારતે આગામી ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની ઉજવણીના મુખ્ય મહેમાન તરીકે બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોન્સનને આમંત્રણ આપ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટેલિફોન કરીને યુકેના વડા પ્રધાનને આમંત્રણ પાઠવ્યું હતું. આ મુદ્દે અધિકારિક રીતે જાહેરાત થઈ નથી.

સૂત્રે એમ પણ જણાવ્યું હતું કે બન્ને નેતાઓએ પોતાની એ ઈચ્છાનો પુનરોચ્ચાર કર્યો હતો કે કોવિડ-૧૯ રોગચાળા બાદ, પોસ્ટ-બ્રેક્ઝિટ એરામાં ભારત અને યુકે વચ્ચેની ભાગીદારીમાં વધારો કરવામાં આવશે અને સહમત થયા હતા કે વ્યાપાર અને રોકાણના મોરચે, વૈજ્ઞાનિક સંશોધનો, સ્ટુડન્ટ્સ અને પ્રોફેશનલ્સની મોબિલિટી અને સંરક્ષણ તથા સુરક્ષા જેવા ક્ષેત્રમાં જોડાણ વધારવા બાબતે જોરદાર સંભાવનાઓ છે.











# ઉગ્ર બનતું ખેડૂત આંદોલન : ૮મીથી ટ્રકો થંભી જશે

## સંસદનું વિશેષ સત્ર બોલાવી કૃષિ કાયદા રદ કરો નહીં તો દિલ્હીમાં સંપૂર્ણ ચક્કાજામ કરીશું : ખેડૂતોની ચીમકી અન્ય રાજ્યોમાં આંદોલન ફેલાવાની શક્યતા, રાજસ્થાનમાં ખેડૂતોએ રણનીતિ તૈયાર કરવા મહાપંચાયત બોલાવી

નવી દિલ્હી : કેન્દ્રના નવા કૃષિ કાયદાઓના વિરોધમાં દિલ્હીમાં ચાલી રહેલું ખેડૂતોનું આંદોલન વધુ ઉગ્ર બનતું જાય છે. ખેડૂતોએ માગણી કરી છે કે તાત્કાલીક ધોરણે સરકાર સંસદનું સત્ર બોલાવે અને આ ત્રણેય કૃષિ કાયદાઓને રદ કરે. જો આ માગણી ન સ્વીકારાઈ તો વધુને વધુ પ્રમાણમાં દિલ્હીના રસ્તાઓને બ્લોક કરી દેવામાં આવશે તેવી ચીમકી પણ આપી છે. જ્યારે હવે ટ્રાન્સપોર્ટર્સે પણ ખેડૂતોના સમર્થનમાં આઠમીએ સ્ટ્રાઈક કરવાની જાહેરાત કરી દીધી છે, જેનાથી જીવન જરૂરિયાતની વસ્તુઓનો સપ્લાય પૂર્વઠો જ ઠપ થઈ જશે. ખેડૂતોના આંદોલનને તોડવા માટે સંગઠનોમાં ભાગલા પડાવવાનો પણ આરોપ ખેડૂતોએ સરકાર પર લગાવ્યો છે.

એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ખેડૂતોના નેતા દર્શન પાલે જણાવ્યું હતું કે સરકાર ખેડૂત સંગઠનો વચ્ચે ભાગલા પડાવવા માગે છે પણ અમે એમ નહીં થવા દઈએ, બધા જ સંગઠનો હાલ એક થઈને આંદોલન કરી રહ્યા છે અને તે કરતા રહેશે. પાલે સાથે એમ પણ કહ્યું હતું કે જ્યાં સુધી કાયદાઓને રદ નહીં કરાય ત્યાં સુધી આ આંદોલન શરૂ રહેશે, જો માગણીઓ ન સ્વીકારાઇ તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર પગલા ખેડૂતો લેશે.

બીજી તરફ ખેડૂતોને હવે ટ્રાન્સપોર્ટ સંગઠનોનું પણ સમર્થન મળી રહ્યું છે. ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ (એઆઈએમટીસી) દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ખેડૂતોની માગણી વ્યાજબી છે અને તેના સમર્થનમાં આગામી આઠમી ડિસેમ્બરથી સમગ્ર ઉત્તર ભારતમાં ટ્રાન્સપોર્ટર્સ દ્વારા સ્ટ્રાઈક કરવામાં આવશે. જેને પગલે આગામી આઠમી તારીખથી સમગ્ર ઉત્તર ભારતમાં ટ્રકોના પૈડા થંભી જશે. આ સ્ટ્રાઈકની જાહેરાત કરનારા સંગઠન સાથે ૯૫ લાખ ટ્રકર્સ સંકળાયેલા છે. એઆઈએમટીસીના પ્રમુખ કુલતરણસિંહે કહ્યું હતું કે ખેડૂતોની માગણી સ્વીકારી લેવામાં આવે, જો એમ ન થયું તો આગામી આઠમીથી સમગ્ર ઉત્તર ભારતમાં અને બાદમાં આખા ભારતમાં ટ્રાન્સપોર્ટ સ્ટ્રાઈક કરવામાં આવશે.

## દિલ્હીના રસ્તા અને પાણી બંધ કરવા યોગ્ય નથી : જેપી દલાલ

નવી દિલ્હી : હરિયાણાના કૃષિ મંત્રી જેપી દલાલે કહ્યું હતું કે હું દરેક ખેડૂતોને વિનંતી કરૂ છું કે તેઓ સદબુદ્ધીથી કામ લે, વાતચીત કરે, આ સારી બાબત નથી કે તમે દિલ્હીનું પાણી જ બંધ કરી દો. દિલ્હીના રસ્તા બંધ કરી દો તે પણ યોગ્ય નથી. દિલ્હીને આ રીતે ઘેરીને બેસી જવું તે પણ યોગ્ય નથી. દિલ્હી દેશની રાજધાની છે લાહોર કે કરાચી નથી.

## શાંતિપૂર્વક આંદોલન એ દરેકનો અધિકાર, ભારતના ખેડૂતોને અમારૂં સમર્થન : કેનેડા

દિલ્હીમાં ખેડૂતો દ્વારા ત્રણ કૃષિ કાયદાના વિરોધમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે. તેની અસર આંતરરાષ્ટ્રીય સ્તરે પણ જોવા મળી રહી છે. કેનેડાએ ખેડૂતોના આ આંદોલનને સમર્થન આપ્યું છે અને કહ્યું છે કે શાંતિ પૂર્વક ધરણા પ્રદર્શન દરેક વ્યક્તિનો અધિકાર છે. કેનેડામાં મોટી સંખ્યામાં પંજાબના શીખ રહે છે, જ્યારે હાલ ખેડૂતોનું જે આંદોલન ચાલી રહ્યું છે તેમાં અન્ય રાજ્યોની સાથે પંજાબના ખેડૂતો પણ જોડાયા છે. જસ્ટિન ટ્રૂડીઅસે કહ્યું હતું કે કોઇ પણને શાંતિ પૂર્વક વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છે અને કેનેડા હંમેશા આ અધિકારોના રક્ષણ માટે અવાજ ઉઠાવતું રહેશે. કેનેડાના વડા પ્રધાનનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે દિલ્હીમાં ખેડૂતો પર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરાયો હતો. અને આંસુ ગેસના શેલ પણ છોડાયા હતા, પોલીસ દ્વારા ગુજારાયેલા દમનમાં અનેક ખેડૂતો ઘાયલ પણ થયા હતા. કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડીઅસે કેનેડામાં ગુરૂનાનક જયંતી નિમિત્તે ભારતીય સમુદાયના લોકોને સંબોધ્યા હતા. જે દરમિયાન તેમણે આ નિવેદન કર્યું હતું. બીજી તરફ કેનેડાના વડા પ્રધાનના આ નિવેદનને લઇને કેન્દ્ર સરકાર દ્વારા જારી નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે કેનેડાના વડા પ્રધાન દ્વારા જે નિવેદન આપવામાં આવ્યું તે ભ્રામક અને વાંધાજનક છે.

## ગુજરાતના ૫૦૦થી ખેડૂતો કૂચમાં ગયા

અમદાવાદ: ખેત કાયદાઓ અન્યાયી હોવાના મુદ્દે પંજાબ અને હરિયાણા સહિતના ખેડૂતો એ નવી દિલ્હીમાં વિરોધ મોરચો ખોલ્યો છે એમાં ભાગ લેવા ગુજરાતના પણ ૧૦૦૦ જેટલા ખેડૂતો નવી દિલ્હી પહોંચી ગયા હોવાનું જાણવા મળે છે. કિસાન અધિકાર મંચના ભરતસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ગુજરાતનો ખેડૂત અંદરખાને દુ:ખી છે પરંતુ ૨૦૧૬ પછી ગુજરાત સરકારે આંદોલનકારીઓને મેનેજ કર્યા, ખોટા કેસ કર્યા અને બદનામ કરવાનું કાવતરું કર્યું છે. ભાવનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા અને જૂનાગઢમાંથી યુવા ખેડૂતો દિલ્હી જવા નીકળી ગયા છે. ગુજરાત ખેડૂત સમાજે પણ આંદોલનને ટેકો આપ્યો છે.

## કેનેડાના પીએમને ભારતનો સખ્ત જવાબ, શિવસેનાએ પણ ઠપકાર્યા

નવી દિલ્હી : કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો એ ભારતમાં ખેડૂત આંદોલને લઇને ટિપ્પણી કરી છે. આના પર ભારતીય વિદેશ મંત્રાલયે સખ્ત પ્રતિક્રિયા આપતા ટ્રૂડોને શિખામણ આપી છે કે તેઓ ભારતના આંતરિક મુદ્દામાં દખલ કરવાનો પ્રયત્ન ના કરે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે ટ્રૂડોની ટિપ્પણીને લઇને મીડિયાના પ્રશ્નો અંગે કહ્યું હતું કે, “અમે ભારતીય ખેડૂતોથી સંબંધિત કેનાડાના નેતાઓની ટિપ્પણીઓ જોઇ જે ખોટી સૂચના પર આધારિત છે. આ પ્રકારની ટિપ્પણીઓ કારણ વગરની અને બેકાર છે, ખાસ કરીને વાત એક લોકશાહી દેશના આંતરિક મુદ્દાની છે. સારું તો એ જ રહેશે કે કૂટનીતિક સ્તરની વાતચીતને રાજકીય ઉદ્દેશથી ખોટી રીતે રજૂ ના કરવામાં આવે.” તો બીજેપીના નેતા રામ માધવે સખ્ત વાંધો ઊઠાવ્યો તો શિવસેનાની પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે, ટ્રૂડો ભારતના આંતરિક મુદ્દાઓ પર પોતાની રાજનૈતિક રોટલી ના શેકે. માધવે` ટ્વીટ કરીને કહ્યું કે, “તેની હૈસિયત શું છે? શું આ ભારતના આંતરિક મુદ્દાઓમાં હસ્તક્ષેપ કરવા જેવું નથી?” તો પ્રિયંકા ચતુર્વેદીએ જસ્ટિન ટ્રૂડોને ટેગ કરતા લખ્યું કે, ‘પ્રિય જસ્ટિન ટ્રૂડો, તમારી ચિંતાઓથી ઘણી પ્રભાવિત છું, પરંતુ ભારતના આંતરિક મુદ્દાઓ કોઈ બીજા દેશની રાજનીતિનો રસ્તો ના બની શકે.

## મોદી અહંકારની ખુરશી પરથી ઉતરીને ખેડૂતોને તેમનો હક આપેઃ રાહુલ ગાંધી

પંજાબ અને હરિયાણાના ખેડૂતો દ્વારા થઈ રહેલા આંદોલનને લઈને રાહુલ ગાંધી મોદી સરકારને સતત ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ફરી એક વખત સરકાર પર નિશાન સાધીને કહ્યુ હતુ કે, મોદી સરકારે પોતાનો અહંકાર છોડીને ખેડૂતોને તેમનો અધિકાર આપી દેવો જોઈએ.ખેડૂતો દિલ્હીની બોર્ડર પર છેલ્લા ૬ દિવસથી મોરચો માંડીને બેઠા છે ત્યારે રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, અન્નદાતા રસ્તા પર ધરણા કરી રહ્યા છે ત્યારે ટીવી પર જુઠ્ઠાણા ચાલી રહ્યા છે. ખેડૂતોની મહેનતનુ આપણા પર ઋણ છે.આ ઋણ તેમને ન્યાય અપાવને જ ઉતરશે, તેમને લાઠીઓ મારીને કે તેમને ધુત્કારીને તેમનુ ઋણ ચુકવી નહીં શકાય. રાહુલ ગાંધીએ મોદીનુ નામ લીધા વગર કહ્યુ કે, જાગો અને અને અહંકારની ખુરશી પરથી નીચે ઉતરીને વિચારો અને ખેડૂતોને તેમનો અધિકાર આપો.

## રાહુલ સૌથી ગૂંચવાયેલા નેતા, કૃષિ કાયદા અંગે કશું ખબર નથી : મનોજ તિવારી

ભાજપ સાંસદ મનોજ તિવારીએ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર ખેડૂતોના ચાલી રહેલા આંદોલનના મુદ્દે આકરા પ્રહારો કર્યા છે. દિલ્હીના સાંસદ મનોજ તિવારીએ રાહુલ ગાધી માટે કહ્યુ છે કે, રાહુલ ગાંધી દુનિયાના સૌથી ગૂંચવાયેલા નેતા છે.તેમને કૃષિ કાયદા અંગે કોઈ જાણકારી નથી.દેશના તમામ રાજયોએ આ કાયદો સ્વીકાર્યો છે.માત્ર કોંગ્રેસની પંજાબ સરકાર તેને સ્વીકારવા માટે તૈયાર નથી પણ કેન્દ્ર સરકાર તમામની વાત સાંભળવા માટે તૈયાર છે. તિવારીએ કહ્યુ હતુ કે, કોંગ્રેસ અને વિપક્ષી પાર્ટીઓ ખેડૂતોમાં ભ્રમ ફેલાવીને તેમને ભડકાવવાનુ કામ કરી રહી છે.પીએમ મોદી ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવીને તેમની આવક બમણી કરવા માંગે છે.પંજાબના ખેડૂતોના નામ પર જે લોકો આંદોલન કરીરહ્યા છે તેઓ વાત કરવા તૈયાર નથી.

## અમરિંદર ભાજપ સાથે મળેલા છે, અગાઉ કાયદાને સમર્થન આપ્યું હતું : કેજરીવાલ

દિલ્હીમાં હાલ હજારોની સંખ્યામાં ખેડૂતો કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં ધરણા પર બેઠા છે. આવી સ્થિતિમાં વચ્ચે અગાઉ ખેડૂત આંદોલનને સમર્થન આપનારા અરવિંદ કેજરીવાલે હવે પંજાબના મુખ્ય પ્રધાન અમરિંદરસિંહ પર આરોપો લગાવ્યા છે. કેજરીવાલે દાવો કર્યો છે કે કેપ્ટન અમરિંદરસિંહ આરોપો લગાવી રહ્યા છે કે દિલ્હીમાં અમે કેન્દ્રના આ કૃષિ કાયદાનો અમલ કરવા જઇ રહ્યા છીએ, અમરિંદરસિંહ આ નિવેદન ભાજપ સાથે મળીને કરી રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે દિલ્હીમાં અમે કેન્દ્રની માગ ઠુકરાવી અને સ્ટેડિયમને જેલ બનાવવાની મંજૂરી ન આપી. ખેડૂતોને જેલમાં નાખવાનો પ્લાન નિષ્ફળ જતા હવે અમરિંદરસિંહ ભાજપ સાથે મળીને ગંદી રાજનીતિ કરી રહ્યા છે અને અમારા પર આ કૃષિ કાયદા લાગુ કરીશું તેવા જુઠા આરોપો લગાવી રહ્યા છે.

## ભાજપની સંયુક્ત પંજાબ સરકારના પૂર્વ સીએમ બાદલે પદ્મવિભૂષણ પરત કર્યો

એક તરફ ખેડૂતો પોતાની માગણીઓ ઉપર મક્કમ છે ત્યારે બીજી તરફ ભાજપના પૂર્વ સાથી પક્ષો અને વર્તમાન સાથી પક્ષો દ્વારા કેન્દ્ર સરકાર ઉપર દબાણ વધારવામાં આવી રહ્યું છે. આ બધા વચ્ચે એવોર્ડ વાપસીનો પણ સિલસિલો શરૂ થઈ ગયો છે. ખેડૂતોને થતા અન્યાય અને કૃષિ કાયદા મુદ્દે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે પદ્મ વિભૂષણનું સન્માન પરત કરી દીધું છે. બીજી તરફ અકાલીદળના નેતા સુખદેવસિંહ ઢિંડસાએ પણ પદ્મ ભૂષણ પરત કરવાની જાહેરાત કરી દીધી છે. અન્ય પૂર્વ ખેલાડીઓ પણ એવોર્ડ પરત આપવાની તૈયારીમાં છે. ઉલ્લેખનીય છે કે, પંજાબમાં ત્રણ વખત સીએમ પદે રહેલા પ્રકાશસિંહ બાદલે ત્યાં ભાજપની સાથે જોડાણ કરીને જ સરકાર બનાવી હતી. આ ઉપરાંત અકાલીદળ એનડીએનો પણ સાથી પક્ષ હતો જેણે કૃષિ કાયદા મુદ્દે જ કેન્દ્રમાં ભાજપ સાથે છેડો ફાડયો હતો.

# તમિલનાડુ-કેરળમાં વાવાઝોડું ત્રાટકવાનો ભય

**• તિરૂવનંતપુરમમાં ૪૮ ગામમાં એલર્ટ : કેરળના ૪ જિલ્લાઓમાં એલર્ટ જાહેર**

બેંગ્લુરુ : વાવાઝોડું નિવારના એક સપ્તાહની અંદર ફરીથી વધુ એક વાવાઝોડું ત્રાટકવાની સંભાવના છે. દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર સર્જાયેલું દબાણ મજબૂત થઈને વાવાઝોડું 'બુરેવી' પરિવર્તિત થયું છે. શ્રીલંકાના દરિયાકાંઠે આ વાવાઝોડું ત્રાટકે તેવી શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ(આઈએમડી)એ પણ બુરેવી વાવાઝોડા અંગે એલર્ટ જારી કરી છે. હવામાન વિભાગે કેરળના ચાર જિલ્લાઓ તિરૂવનંતપુરમ, કોલ્લમ, પઠાનમિથટ્ટા અને અલાપ્પુઝામાં ૩ ડિસેમ્બર માટે રેડ એલર્ટ જારી કરી છે.

આઈએમડીએ એક બુલેટિનમાં જણાવ્યું છે કે શ્રીલંકાના ત્રિકોમાલીમાં ત્રાટક્યા પછી વાવાઝોડું બુરેવી મન્નારની ખાડી તથા તમિલનાડુમાં કન્યાકુમારીની આસપાસ કોમરિન વિસ્તારની તરફ આગળ વધશે તેવી શક્યતા છે. ત્યારબાદ તે ચોથી ડિસેમ્બર સવારે કન્યાકુમારી અને પમ્બનની વચ્ચ દક્ષિણ તમિલનાડુના દરિયાકાંઠાને પાર કરશે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું હતું કે બુધવાર બપોરે ૨.૩૦ વાગ્યે વાવાઝોડું બુરેવી શ્રીલંકાથી ૧૧૦ કિમી ઉત્તર પૂર્વ, તમિલનાડુના પમ્બનથી ૩૩૦ કિમી દક્ષિણ-પૂર્વ અને કન્યાકુમારીથી ૫૨૦ કિમી ઉત્તર પૂર્વમાં હતું. આઈએમડીના જણાવ્યા અનુસાર ૩ ડિસેમ્બરે બપોરે વાવાઝોડાની ગતિ ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની રહેશે અને તે પમ્બનની ખૂબ જ નજીક હશે. ત્યારબાદ તે બપોર સુધી પમ્બનમાં લગભગ પશ્ચિમ દિલ્હીની તરફ વધશે. તમિલનાડુના કન્યાકુમારી, તિરૂનેલવેલી,થુથુકુડી, તેનકાસી, રામનાથપુરમ અને સિવાગંગઈમા ભારે વરસાદ પડવાની શક્યતા છે.

## પહેલાં જ દિવસે બર્ગર કિંગનો આઈપીઓ કુલ ૩.૧૩ ગણો છલકાઈ ગયો

મુંબઈ : બર્ગર કિંગનો આઈપીઓ પહેલાં જ દિવસે કુલ ૩.૧૩ ગણો છલકાઈ ગયો હતો. તે પૈકી રિટેલ ભાગ ૧૫.૫૪ ગણો, ક્યુઆઈબી ૦.૧૬૭ અને એનઆઈઆઈ ભાગ ૦.૭૧ ગણો ભરાયો હતો. બર્ગર કિંગ ઈન્ડિયા લિમિટેડ શેરદીઠ રૂ. ૧૦ની ફેસવેલ્યુ અને રૂ. ૫૯-૬૦ની પ્રાઈસબેન્ડ ધરાવતાં ૬ કરોડ શેર્સના આઈપીઓ સાથે તા. ૨જી ડિસેમ્બર મૂડીબજારમાં પ્રવેશી હતી. કંપનીનો ઈસ્યુ ૪થી ડિસેમ્બરે બંધ થશે. આઈપીઓ ખૂલ્યાના પહેલાં જ દિવસે રિટેલ રોકાણકારો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડવા સાથે રિટેલ રોકાણકારોનો ભાગ ૧૫.૫૪ ગણો છલકાઈ ગયો હતો. રેસ્ટોરાંની સંખ્યાને આધારે ભારતમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતી ઈન્ટરનેશનલ ક્યુએસઆર ચેઈન પૈકીની એક ગણાતી કંપની કુલ રૂ. ૮૧૦ કરોડનો ઈશ્યૂ યોજી રહી છે. તેમાંથી ક્યુએસઆર એશિયા પ્રાઈવેટ લિમિટેડનાં ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. ન્યૂનતમ ૨૫૦ અને ત્યારપછી ૨૫૦ શેર્સના ગુણાંકમાં અરજી કરવાની રહેશે. કુલ ઈશ્યૂ સાઈઝ રૂ. ૮૧૦ કરોડ (૧૩.૫૦ કરોડ શેર્સ)ની છે. તેમાંથી રૂ. ૪૫૦ કરોડ (૭.૫ કરોડ શેર્સ)નો ફ્રેશ ઈશ્યૂ તેમજ ઓફર ફોર સેલ રૂ. ૩૬૦ કરોડ (૬ કરોડ શેર્સ)ની છે.

## સરકારને બખ્ખા : સળંગ બીજા મહિને GSTની આવક ૧ લાખ કરોડને પાર

**• નવેમ્બર, ૨૦૨૦નું જીએસટી કલેક્શન રૂ.૧.૦૪ લાખ કરોડ નવેમ્બર, ૨૦૧૯ની સરખામણીમાં ૧.૪ ટકા વધારે નોંધાયું**

નવી દિલ્હી : સળંગ ત્રીજા મહિને ગયા વર્ષની સરખામણીમાં જીએસટી કલેક્શનમાં વૃદ્ધિ જોવા મળી છે. જે દર્શાવે છે કે લોકડાઉન પછી ભારતીય આૃર્થતંત્ર ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે નવેમ્બર, ૨૦૨૦માં જીએસટી કલેક્શન ૧,૦૪,૯૬૩ કરોડ રૂપિયા રહ્યું છે.

આ કલેક્શન ગયા વર્ષના નવેમ્બરના જીએસટી કલેકશન કરતાં વધારે છે. નવેમ્બર, ૨૦૧૯માં જીએસટી કલેકશન ૧.૦૩ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. જો કે ઓક્ટોબર, ૨૦૨૦ કરતા નવેમ્બર, ૨૦૨૦નું જીએસટી કલેકશન ૧૯૨ કરોડ રૂપિયા ઓછું છે.

કોરોના વાઈરસને અંકુશમાં લેવા માટે સરકારે જાહેર કરેલા લોકડાઉનને પગલે એપ્રિલ, ૨૦૨૦માં જીએસટી કલેક્શન વિક્રમજનક નીચલી સપાટીએ રહ્યું હતું. એપ્રિલ, ૨૦૨૦માં જીએસટી કલેક્શન માત્ર ૩૨,૧૭૨ કરોડ રૂપિયા રહ્યું હતું. જો કે ત્યારબાદ લોકડાઉન હટાવી લેવામાં આવ્યા પછી જીએસટી કલેક્શનમાં પણ વૃદ્ધિ જોવા મળી હતી. સળંગ બીજા મહિને જીએસટી કલેક્શન ૧ લાખ કરોડ રૂપિયાથી વધારે રહ્યું છે. નવેમ્બર, ૨૦૨૦નું જીએસટી કલેક્શન નવેમ્બર, ૨૦૧૯ની સરખામણીમાં ૧.૪ ટકા વધારે રહ્યું છે. નવેમ્બર, ૨૦૨૦માં જીએસટી કલેક્શન ૧,૦૪,૯૬૩ કરોડ રૂપિયા રહ્યું છે. જે પૈકી સેન્ટ્રલ જીએસટી ૧૯,૧૮૯ કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી ૨૫,૫૪૦ કરોડ રૂપિયા, આઈજીએસટી ૫૧,૯૯૨ કરોડ રૂપિયા રહ્યું છે. ગયા સપ્તાહમં નાણા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે જીએસટી અધિકારીઓએ એવા ૨૫,૦૦૦ કરદાતાઓને શોધી કાઢ્યા છે જેમણે ઓક્ટોબરમાં રિટર્ન ફાઈલ કર્યુ હતું પણ નવેમ્બરમાં રિટર્ન ફાઈલ કર્યુ ન હતું.

કલાસીફાઈડ / Classified

STUDENTS PART TIME OR FULL TIME
REQUIRED FOR THE PACKAGING INDUSTRY IN SCARBOROUGH
- :: CONTACT ::-
ttparikh@hotmail.com

## ઉત્તર પ્રદેશમાં એક જ દિવસમાં ૫ અકસ્માત કુલ ૧૮નાં કરુણ મોત

લખનઉ : ઉત્તર પ્રદેશમાં વિભિન્ન સ્થળોએ થયેલા અલગ અલગ અકસ્માતોમાં કુલ ૧૮ લોકોનાં મોત થયા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અકસ્માતોને કારણે કૌશંબીમાં આઠ, શ્રાવસ્તીમાં ત્રણ, ચિત્રકૂટમાં ત્રણ ઉન્નાવમાં બે અને જલાઉનમાં બે લોકોનાં મોત થયા છે. કૌશંબીના કડા ધામ વિસ્તારમાં રેતીથી ભરેલુ ટ્રક રસ્તામાં ઉભેલી એસયુવી કાર સાથે ટકરાતા આઠ લોકોનાં મોત થયા હતાં. આ આઠ લોકો લગ્નમાંથી હાજરી આપી પરત આવી રહ્યાં હતાં. આ આઠ લોકો દેવીગંજમાં લગ્ન સમારંભમાં હાજરી આપી શહાજદપુર પરત જઈ રહ્યાં હતાં. સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસના જણાવ્યા અનુસાર ગેસ કટરની મદદથી વાહનમાંથી મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતાં અને ત્યારબાદ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી દેવામાં આવ્યા હતાં. આ કારમા સવાર બે છોકરીઓ કારની બારીમાંથી બહાર નીકળી જવામાં સફળ રહેતા તેઓ બચી ગઈ હતી. તેમને સામાન્ય ઈજા થઈ છે.

ટ્રક ડ્રાઈવર ફરાર થઈ ગયો છે અને પોલીસ તેને શોધી રહી છે. આ અકસ્માત અંગે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે દુ:ખ વ્યક્ત કર્યુ છે અને પીડિતોના પરિવારજનોને શક્ય તમામ મદદ કરવા સ્થાનિક વહીવટી તંત્રને સૂચના આપી છે.

# માનવી પર સંકટ, આપત્તિ તથા માઠા દિવસો શા માટે આવે છે?



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ભાગ-૧

આ જગતમાં પામર માનવી એક વટેમાર્ગુની જેમ ટુંકુ જીવન જીવવા માટે આવે છે. જગત તેના માટે એક ધર્મશાળા સમાન લેખાય છે, જ્યાં તે જીવનનો સમય પસાર કરે છે અને તે સમય પુરો થઈ ગયા પછી તે આ જગતથી વિદાય લે છે. તેના આ ટૂંકા જીવન દરમ્યાન તેને સુખ અને દુ:ખનો સામનો કરવો પડે છે. ક્યારેક સારા દિવસો તો ક્યારેક માઠા દિવસો. આ રીતે માનવીનું જીવન પસાર થઈ જાય છે. જીવન એક સરળ માર્ગની જેમ નથી હોતું કે જીવન સમય એક સરખો પસાર થઈ જાય. જીવનમાં માઠા દિવસો પણ આવે છે.

માનવ જીવનમાં સંકટ, આપત્તિ તથા માઠા દિવસો આવવાનું કારણ શું ? કારણ ઘણા હોય શકે, પરંતુ એકંદરે કહી શકાય કે માનવી તેના માઠા દિવસો માટે પોતે જ જવાબદાર છે. આ વિષે ગુજરાતી ભાષામાં અમુક કહેવતો પણ છે, જે આ વાતને પુષ્ટિ આપે છે કે માનવજીવનમાં તેના માઠા દિવસો માટે તે પોતે જ જવાબદાર છે. આ કહેવતો આ પ્રમાણે છે.

- જેવું વાવો, તેવું લણો.
- જેવી કરણી, તેવી ભરણી
- હાથના કર્યા હય્યે વાગે.
- ખાડો ખોદે તે પડે.

ઉપરની કહેવતોનો સારાંશ એજ છે કે એકંદરે માનવીનું જીવન જેવી રીતે પસાર થાય છે, તે પોતાના કાર્યો થકી જ પસાર થાય છે. ઉપરની ચાર કહેવતોના અનુસાર માનવી જેવું વાવશે, સારૂં કે નઠારૂં, તેવું જ તે લણશે, જેવું તે કરશે, સારૂ કે નઠારૂં, તેવું જ ભરશે, તેના હાથ થકી જે કાર્યો સારા કે નઠારા થશે, તેજ કાર્યો તેના હય્યે વાગશે એટલે કે તેને અસર કરશે, તથા જો તે માનવી કોઈ માટે ખોટા આશયથી ખાડો ખોદશે એટલે કે કોઈના વિરુદ્ધ કોઈ યોજના ઘડશે, તો તે ખાડામાં પોતે જ પડશે એટલે કે તે યોજનાનો શિકાર પોતે જ બની જશે.

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પણ એ વાતને પુષ્ટિ આપે છે કે માનવી પર જે સંકટ, આપત્તિ તથા માઠા દિવસો એટલે કે મુસીબતો, મુશ્કેલીઓ તથા મુંઝવણો આવે છે, તે તેના પોતાના કૃત્યો થકી જ આવે છે, અને પાલનહાર અલ્લાહની મરજીથી જ આવે છે. આ વિષે કુરાન મજીદ માંથી અમુક બોધવચનો નીચે આપવામાં આવે છે :-

"તમારા પર જે સંકટ (મુસીબત) આવે છે, તે તમારા પોતાના હાથોની કમાણી (કરણી)થી આવે છે." (પ્રકરણ ૪૨, શ્લોક ૩૦)

"કોઈ આપત્તિ (સંકટ-મુસીબત) ક્યારેય નથી આવતી, પરંતુ આવે છે, તો તે પાલનહાર અલ્લાહના આદેશ(હુકમ)થી જ આવે છે. જે કોઈ પાલનહાર અલ્લાહ પર શ્રધ્ધા(ઈમાન) રાખતો હોય, તેને માર્ગદર્શન મળે છે. અને પાલનહાર અલ્લાહ દરેક વસ્તુથી સંપૂર્ણ જાણકાર છે." (પ્રકરણ ૬૪, શ્લોક ૧૧)

"કોઈ આપત્તિ (સંકટ-મુસીબત) એવી નથી, જે ધરતી પર અથવા તમારી પોતાની ઉપર આવતી હોય, અને અમે તે આપત્તિ આવવા પહેલાં એક પુસ્તક (લખ્યા લેખ-નસીબ)માં ન લખી રાખી હોય. આવું કરવું પાલનહાર અલ્લાહ માટે ઘણું સહેલું છે." (પ્રકરણ ૫૭, શ્લોક ૨૨)

કુરાન મજીદના ઉપરના ત્રણે બોધવચનોથી એ વાત જાણવા મળે છે કે માનવીના માઠા દિવસો માટે એટલે કે તેના પર આવી પડેલ સંકટ અને આપત્તિ તે માનવીની પોતાની કરણી થકી જ આવે છે, અને પાલનહાર અલ્લાહના આદેશ અનુસાર જ આવે છે.

આ ઉપરાંત નીચેના ત્રણ બોધવચનોમાં પણ એ વાત કહેવામાં આવેલ છે કે માનવી પર આવતી આપત્તિ પાલનહાર અલ્લાહના આદેશથી જ આવે છે, અને તે આપત્તિને હઠાવનાર પાલનહાર અલ્લાહ સિવાય બીજો કોઈ નથી. આ ત્રણ બોધવચનો આ પ્રમાણે છે :-

"જો પાલનહાર અલ્લાહ તમોને કોઈ આપત્તિમાં નાખે, તો તેના સિવાય બીજો કોઈ નથી, જે એ આપત્તિને ટાળી દે. અને જો તે તમારા હિતમાં કોઈ ભલાઈનો ઈરાદો કરે, તો તેની કૃપાને બદલનાર બીજો કોઈ નથી, તે અલ્લાહ પોતાના ભક્તો(બંદાઓ) પૈકી જેને ચાહે તેને પોતાની કૃપાથી નવાજે છે. અને તે અલ્લાહ દરગુજર કરનાર અને દયાળુ છે." (પ્રકરણ ૧૦, શ્લોક ૧૦૭)

"જો પાલનહાર અલ્લાહ તમોને કોઈ પીડા કે વેદના પહોંચાડે, તો તેના સિવાય બીજો કોઈ નથી, જે તમોને આ વેદનાથી બચાવી શકે. અને જો તે તમોને કોઈ ભલાઈથી નવાજે, તો તે દરેક વસ્તુ પર શક્તિમાન છે." (પ્રકરણ ૬, શ્લોક ૧૭)

ક્રમશઃ

# અમરેલીમાં ભ્રષ્ટ અધિકારીઓ પાસે કરોડોની બેનામી મિલકતો

**• જમીન વિકાસ નિગમના આઠ અધિકારી સહિત ૨૯ સરકારી બાબુઓ કરોડપતિ**

અમદાવાદ- એક તરફ ગુજરાતમાં ભ્રષ્ટાચાર નાબુદ કરવાની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે, તો બીજી તરફ ભ્રષ્ટાચાર નાથવામાં સરકાર નિષ્ફળ નીવડી રહી છે. સરકારી કચેરીઓ કે પોલીસ સ્ટેશનોમાં કામ કરાવવું હોય તો રૂપિયા આપ્યા વગર કામ થતું નથી તે વાત નક્કી છે, ભ્રષ્ટાચાર વકર્યો હોવાથી સરકારી અધિકારીઓ કરોડોના આસામી બન્યા છે, એસીબીએ સિંચાઇ યોજનાના અમરેલી જિલ્લાના રાજુલાના અધિક મદદનીશ ઇજનેર કાળુભાઇ રામ તથા જમીન વિકાસ નિગમના આઠ અધિકારીઓ સહિત ૨૯ સરકારી બાબુઓ પાસેથી ચાલુ વર્ષમાં જ રૂા. ૪૦.૪૭ કરોડની બેનામી જંગમ મિકલતો પકડી પાડી છે તે આંકડા જ દર્શાવે છે કે ભ્રષ્ટાચાર કેટલી હદે ફાલ્યો ફૂલ્યો છે.

એસીબીએ અમરેલી જિલ્લાના રાજુલાના ધાતરડી ખાતે સિંચાઇ યોજનામાં અધિક મદદનીશ ઇજનેર તરીકે ફરજ બજાવી ચૂકેલા કાળુભાઇ શાર્દુળભાઇ રામની અપ્રાણસર મિકલતોની તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં કાળુભાઈએ તેમના પરિવારના સભ્યોના મિલકત સબંધી દસ્તાવેજી પુરાવાઓ તથા બેન્ક ખાતાઓ અને વિવિધ સરકારી કચેરીઓમાંથી નાણાંકીય વ્યવહારોની વિગતો મેળવી હતી જેમાં ખાસ કરીને ફરજ દરમિયાન કાયદેસરની આવકના દેખીતા સાધનોમાંથી થયેલ કુલ આવક રૂા. ૭૧, ૪૪,૫૧૬ની સામે તેઓએ રૂા. ૧, ૩૮, ૭૮, ૨૯૧ નું રોકાણ કર્યું હતું. જેથી તેઓ દ્વારા રૂા. ૬૭,૩૩,૭૭૫ની વધુ અપ્રમાણસર મિલકતો વસાવી હતી, તે જોતા તેઓની કાયદેસરની આવકની સરખામણીમાં ૯૭.૭૧ ટકા જેટલી વધુ છે. ઉપરાંત અગાઉ સપ્ટેમ્બર માસમાં એસીબીએ ભરુચમાં ફરજ બજાવી ચૂકેલા નિવૃત્ત ફિલ્ડ આસિસ્ટન્ટ શીબાભાઇ,જી. વળીયાની તપાસ કરતાં તેમની પાસેથી રૂા. ૧,૧૫,૧૮,૩૫૦ની બેનામી મિલકતો મળી આવી છે. તેમજ અમરેલી જિલ્લાના બાલાનીવાવ ગામમાં નોકરી કરતા સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક ભાભલુભાઇ. એન. વરુ પાસેથી પણ રૂા. ૧,૨૬,૬૨,૨૨૩ની બેનામી મિલકતો મળી આવી હતી. એસીબીએ ૨૦૨૦માં ૨૯ અધિકારીઓ પાસેથી કુલ રૂા.૪૦, ૪૭,૩૬,૪૦૦ની અપ્રાણસર મિલકતો મળી આવતાં તેઆની સામે ગુના નોધી વધુ તપાસ હાથ ધરવામાં આવી ર હી છે. આમ એસીબીએ જાહેર કરેલા આંકડા જોતામાં ગુજરાતમાં ભ્રષ્ટાચાર નાબુદ કરવાના દાવાનો ફુગ્ગો ફૂટી ગયો છે.

# કોરોના વચ્ચે યોજાયા અનોખા લગ્ન, પત્ની ૫.૫ ફૂટની ને પતિ માત્ર ૩ ફૂટનો



જૂનાગઢમાં શહેરમાં એક અનોખા લગ્ન યોજાયા હતાં. ૫.૫ ફૂટની ઊંચાઇ ધરાવતી કન્યા, ૩ ફૂટના વામન વરરાજા સાથે લગ્નગ્રંથીથી જોડાઇ હતી. રાજેશરૂ ગામે એક પ્રજ્ઞાચક્ષુ યુવતીના લગ્ન એક શિક્ષક સાથે સંપન્ન થયા હતાં.

શહેરના જવાહર રોડ પર આવેલ સંઘ કન્યા છાત્રાલયમાં રહીને બી.એડ અભ્યાસ કરતી શાંતાબેન અરજણભાઈ મકવાણા નામની પ્રજ્ઞા ચક્ષુ યુવતીના લગ્ન જામજોધપુર તાલુકાના બુટાવદર ગામના પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા રમેશભાઈ ડાંગર સાથે થયા હતાં. આ દંપતીએ પ્રભુતામાં પગલા માંડયા છે. પ્રજ્ઞાચક્ષુ કન્યાની ઊંચાઈ ૫.૫ ફૂટ છે જ્યારે વરરાજા રમેશભાઈ ડાંગરની ઉંચાઇ ત્રણ ફૂટ જ છે. યુવતીના પિતા હયાત ન હોવાથી અંધ કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી રહી છે અને છાત્રાલયના સંચાલક દ્વારા બંને પરિવારોની સંમતિથી લગ્નનું આયોજન કર્યું હતું. જૂનાગઢની સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા અનોખાં લગ્ન યોજાયાં હતાં.

દાતાઓ દ્વારા ૭૮ જેટલી ઘર વપરાશની ચીજવસ્તુઓ પણ આપવામાં આવી હતી. કહેવાય છે કે મન મળી ગયા હોય છે ત્યાં કોઈ બાધ નડતો નથી. આમ પ્રજ્ઞાચક્ષુ કન્યાને પિતા ન હોવાથી તેની તમામ જવાબદારી આયોજકો દ્વારા લઈ અને તેમને સાસરે વળાવી હતી.

# રાજ્યસભા સાંસદ ભારદ્વાજનું નિધન, મોદીએ ટ્વીટ કરી પાઠવી શ્રદ્ધાંજલિ



રાજકોટઃ ભાજપના રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજનું નિધન થયું હતું. ચેન્નઈમાં ફેફસાંના નિષ્ણાંત ડૉ. બાલકૃષ્ણ પાસે અભય ભારદ્વાજની સારવાર કરાવવામાં આવતી હતી. તેઓને ECMO ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી.ગુજરાત ભાજપાના રાજ્યસભા સાંસદ અભય ભારદ્વાજ ૪ સપ્ટેમ્બરથી રાજકોટના ICU વોર્ડમાં સારવાર હેઠળ હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને દુખ વ્યક્ત કર્યુ છે.

રાજ્યસભા સાંસદ અભય ભારદ્વાજના નિધનનાં સમાચાર મળતાની સાથે જ PM મોદીએ પણ ટ્વીટ કરી તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. પીએમ મોદીએ પોતાના ટ્વીટમાં અભય ભારદ્વાજને શ્રદ્ધાંજલિ આપતા લખ્યું,''ગુજરાતના રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજજી એક પ્રતિષ્ઠિત વકીલ હતા અને સમાજની સેવા કરવામાં મોખરે રહ્યા. દુઃખદ છે કે આપણે એક તેજસ્વી અને સમજદાર વ્યક્તિને ગુમાવી દીધા છે. રાષ્ટ્રીય વિકાસ પ્રત્યે જુસ્સાદાર. તેના પરિવાર અને મિત્રોને સંવેદના. ઓમ શાંતિ''. રાજકોટના ધારાશાસ્ત્રી અભય ભારદ્વાજનો જન્મ બીજી એપ્રીલ ૧૯૫૪ના રોજ પૂર્વ આફ્રિકાના યુગાન્ડાના જીજા શહેરમાં થયો હતો અને એસએસસી ભારતમાં કરી તેઓ ધારાશાસ્ત્રી બન્યા હતા.

# મહેસાણા દૂધસાગર ડેરીમાં ૧૧ ડિસેમ્બરે નિયામક મંડળની ૧૫ બેઠક માટે ચૂંટણી

મહેસાણા : મહેસાણા દૂધસાગર ડેરીના નિયામક મંડળની ચુંટણીનો ધમધમાટ શરૂ થયો છે. તે અંતર્ગત ચુંટણી અધિકારી દ્વારા કામચલાઉ મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જોકે તેમાં સંખ્યાબંધ ટેકનીકલ ખામીઓ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેના કારણે રજૂ થયેલા વાંધાઓનો નિકાલ કરીને આગામી ૧૧ ડિસેમ્બરના રોજ મતદારયાદીની આખરી યાદી જાહેર કરવામાં આવશે. વાંધેદારોએ તેમના વાંધા લેખિતમાં કારણ સાથે રજૂ કરવાના રહેશે. ડેરીની ચુંટણીમાં ૧૧૫૬ મતદારો હોઈ તેઓ બન્ને જૂથનું ભાવિ નક્કી કરશે.

**ચુંટણીમાં ૧૧૫૬ મતદારો બન્ને જૂથનું ભાવિ નક્કી કરશે**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના નિયામક મંડળની દૂધ મંડળી વિભાગની ૧૧ બેઠક, દૂધ જથ્થા વિભાગના ૪ મળી કુલ ૧૫ બેઠકોની ચુંટણી યોજાશે. બોર્ડ ઓફ નોમિનીઝનો મનાઈ હુકમ હોવાથી ઈત્તર અને વ્યક્તિ મંડળી વિભાગની એક બેઠકની ચુંટણી થનાર નથી. આ વખતે ચુંટણીમાં ડેરી સાથે સંકળાયેલા ૧૧૫૦ થી વધુ દૂધ મંડળીના પ્રતિનિધીઓ મતાધિકારનો ઉપયોગ કરી દૂધસાગર ડેરીના નવા બોર્ડ ઓફ ડીરેક્ટર્સનું ભાવી નક્કી કરનાર છે. વર્ષોથી ડેરીના વહિવટ ઉપર દબદબો જાળવી રાખનાર વિપુલચૌધરી જૂથ અને ભાજપ સમર્થિત જૂથે અત્યારથી જ ચુંટણીની ચોપાટો બિછાવવાનું શરૂ કરીદીધું છે.

# વડનગરના પ્રાંગણમાં ગાઈડલાઈન સાથે તાનારીરી મહોત્સવની સાદાઈથી ઉજવણી

મહેસાણા : વડનગરના પ્રાંગણમાં દર વર્ષે તાનારીરી મહોત્સવ છેલ્લા કેટલાક વર્ષોથી ધામધૂમથી નામી કલાકારોના સાનિધ્યમાં ઉજવાતો આવ્યો છે. ચાલુ સાલે કોરોના મહામારીના કારણે કાર્યક્રમને ટુંકાવી એક દિવસનો કરવામાં આવ્યો છે. જેમાં તાનારીરી સમાધિ સ્થળને સંપૂર્ણ રોશનીથી શણગારવામાં આવ્યું છે તેમજ સરકારની ગાઈડલાઈન પ્રમાણે માત્ર ૧૦૦ લોકોની ઉપસ્થિતિમાં જ કાર્યક્રમ યોજાયો હતો. જોકે દર વર્ષે અપાતા તાનારીરી એવોર્ડનું ચાલુ સાલે ગાંધીનગરથી એનાયત કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે પ્રસિધ્ધ ગાયિકા પદ્મશ્રી અનુરાધા પૌંડવાલ તેમજ ભાવનગરના ગાયિકા વર્ષાબેન ત્રિવેદીને તાનારીરી એવોર્ડથી સન્માનિત કરાયા હતા. આ ઉપરાંત મુખ્યમંત્રી દ્વારા સાધના સરગમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

**પદ્મશ્રી અનુરાધા પૌંડવાલ તથા વર્ષા ત્રિવેદી તાનારીરી એવોર્ડથી સન્માનિત**

વિજેતા બંને કલાકારોને મુખ્યમંત્રીના હસ્તે રૂા. ૨.૫૦ લાખ, રૂા. ૨.૫૦ ાખ એમ કુલ રૂા. ૫ લાખની ઈનામી રકમ ચેક સ્વરૂપે એનાયત કરાઈ હતી. આ એવોર્ડ એનાયત પ્રસંગે યુવા અને સાંસ્કૃતિક મંત્રી ઈશ્વરસિંહ પટેલ, વિભાગના અધિક મુખ્ય સચિવ સી.વી. સોમ તેમજ ગુજરાત સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરામાં ડિગ્રી તેમજ ડુપ્લીકેટ માર્કશીટ આપવા મામલે ભેજાબાજ ઝબ્બે, એક વોન્ટેડ

**• માધવ યુનિવર્સિટિમાં કામ કરતો કર્મચારી ડુપ્લીકેટ માર્કશીટ અને ડિગ્રી તૈયાર કરતો હોવાની કબૂલાત**

વડોદરા : લાલબાગ બ્રિજ નીચે બોલાવી વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ માર્કશીટ અને ડિગ્રી આપતા ઝડપાયેલા ભેજાબાજની પુછતાછમાં માઉન્ટ આબુ ખાતે આવેલ માધવ યુનિવર્સિટિમાં કામ કરતો અવધેશ દીક્ષિત ડુપ્લીકેટ માર્કશીટ અને ડિગ્રી તૈયાર કરી આપતો હોવાનું બહાર આવતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

નવાપુરા પોલીસે ૨૯મી નવેમ્બરના રોજ પેમેન્દ્ર હસમુખભાઈ બેન્કર ( રહે- વિસ્ટેરિયા ગ્લોરી, કલાલી રોડ વડોદરા / મૂળ રહે- ભોજ, પાદરા) ને લાલબાગ બ્રિજ નીચેથી ડુબલીકેટ માર્કશીટો સાથે ઝડપી પાડયો હતો તપાસ દરમિયાન તેની પાસેથી વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૯ ની અલગ-અલગ યુનિવર્સિટી તથા બોર્ડની માર્કશીટ તેમજ સર્ટિફિકેટો મળી આવ્યા હતા અને આરોપી વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા નહીં પરીક્ષા આપ્યા વગર જ યુનિવર્સિટીઓની ડુપ્લીકેટ માર્કશીટ તથા ખોટા સહી સિક્કા કરી વેચાણ કરતો હોવાનું બહાર આવ્યું હતું. આરોપીએ પૂછતાછ દરમિયાન કબૂલાત કરી હતી કે યુનિવર્સિટીમાં એડમિશન અપાવવાના બહાને વિદ્યાર્થીઓને ડોક્યુમેન્ટ સાથે લાલબાગ બ્રિજ નીચે બોલાવી વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ માઉન્ટ આબુ ખાતે આવેલી માધવ યુનિવર્સિટિ માં કામ કરતા અવધેશ દીક્ષિત ને વોટ્સઅપ કરી તેની પાસેથી ધોરણ ૧૦ અને ૧૨ તેમજ કોલેજની ડિગ્રીના સર્ટીફીકેટ તૈયાર કરાવ્યું હતું અને પોતે લાલબાગ બ્રિજ નીચે જઈ વિદ્યાર્થીઓને આપવાનો હતો.

# ટંકારામાં ૩ બાળકો દ્વારા તરુણ સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય, એકની ધરપકડ

મોરબી – ટંકારાના એક ગ્રામ્ય વિસ્તારમાં દોઢ મહિના પહેલા ચાર તરુણોએ એક બાળક ઉપર સૃષ્ટિ વિરુદ્ધનું શરમજનક કૃત્ય આચર્યુ હતું. જેમાંથી એક તરૂણે વિકૃતિનો વિડીયો બનાવીને વાયરલ કરતા આ ધૃણાસ્પદ બનાવ બહાર આવ્યો હતો. ટંકારા પોલીસે ભોગ બનનાર બાળકના પિતાની ફરિયાદ પરથી કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ તરૂણની અટકાયત કરીને મોરબી બાળ અદાલતને હવાલે કર્યા હતા. જ્યારે એક આરોપી પુખ્ત વયનો હોવાથી તેની વિધિવત ધરપકડ કરીને રિમાન્ડ ઉપર લેવાની તજવીજ હાથ ધરી છે. ટંકારાના એક ગ્રામ્ય વિસ્તારમાં દોઢ મહિના પહેલા ચાર તરુણોએ સાથે મળીને એક બાળક ઉપર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યુ હોવાનો થોડા સમય પહેલા વીડિયો વાયરલ થયો હતો. આ સમગ્ર ઘટના અંગે ટંકારા પોલીસે ઊંડી તપાસ કરી હતી. પોલીસની તપાસમાં ખુલ્યા મુજબ આ ચાર તરુણ અને બાળક એક જ ગામના છે. હાલ કોરોના કાળને કારણે શાળામાં વેકેશન ચાલતું હોવાથી તરુણોએ ઓનલાઈન શિક્ષણ મેળવવા માટે મોબાઈલમાં નેટ ચાલુ કરાવ્યું હતું પણ એનો ગેરલાભ લઈને નેટ ઉપર અશ્લીલ ફિલ્મો જોતા હતા.

# રાજકોટ અગ્નિકાંડઃ બે તબીબોની ધરપકડ, કલાકોમાં જામીન

**•પાંચની ધરપકડ બાદ હવે કોઈની સામે કાર્યવાહીની શક્યતા નહીંવત**




રાજકોટ : રાજકોટની ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલના આઈસીયુ વિભાગમાં ભભૂકી ઉઠેલી આગમાં પાંચ દર્દીઓ જીવતા ભુંજાઈ ગયા હતા. આ કેસમાં અગાઉ ત્રણ ડોક્ટરોની ધરપકડ કરાયા બાદ આજે તાલુકા પોલીસે વધુ બે ડોક્ટરો તેજસ અર્જુનભાઈ મોતીવારસ (ઉ.વ.૪૨) અને ડો.દિગ્વિજયસિંહ ભરતસિંહ જાડેજા (ઉ.વ.૪૨, રહે. બંને શ્રીમદ એપાર્ટમેન્ટ, રેસકોર્સ રોડ) ની ધરપકડ કરી હતી. આ બંને આરોપીઓને ગઈકાલે પોલીસે રાઉન્ડ અપ કરી આરટીપીસીઆર ટેસ્ટ કરાવ્યા હતા. જેનો રિપોર્ટ નેગેટીવ આવતા આજે સવારે ૯:૪૫ વાગ્યાની આસપાસ વિધિવત ધરપકડ કરવામાં આવી હતી. પોલીસનું કહેવું છે કે, હાલ કોરોનાને કારણે આરોપીઓને દિવસના સમયે રજૂ કરવાના હોવાથી બંને આરોપીઓને બપોરે એકાદ વાગ્યાની આસપાસ રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કરાયા હતા. જો કે રિમાન્ડની અરજી નામંજૂર થઈ હતી અને બંને આરોપીઓનો જામીન પર છૂટકારો થયો હતો. આ બંને આરોપીઓ ગોકુલ લાઈફકેર પ્રા. લિ.માં ડાયરેક્ટર હોવાથી તે દરજ્જે ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે જ આ કેસમાં પાંચ ડોક્ટરોની ધરપકડ થઈ ચૂકી છે. પાંચેય ડોક્ટરોના એફઆઈઆરમાં જ નામ હતા. જેથી ધરપકડની કાર્યવાહી બે તબક્કે પોલીસે આટોપી લીધી છે. આ બંને આરોપીઓ પહેલાં પોલીસે ગોકુલ લાઈફકેર પ્રા. લિ.ના ચેરમેન ડો.પ્રકાશ મોઢા તેમના પુત્ર ડો.વિશાલ અને ડો. તેજસ કરમટાની ધરપકડ કરી હતી. આ ત્રણેય આરોપીઓનો પણ ૧૮ કલાક પછી જામીન પર છૂટકારો થયો હતો.

## પાંચનાં મોત પછી તંત્રની ઉંઘ ઉડી, તમામ કોવિડ હોસ્પિટલોમાં દરોડા

રાજકોટ : રાજકોટમાં ગોકુલ હોસ્પિટલ સંચાલિત અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં આગની ઘટના બાદ સેફ્ટીના મુદ્દે સોમવારે મહાપાલિકાના ફાયર બ્રિગેડ, આરોગ્ય શાખા અને રોશની વિભાગની સંયુક્ત ટીમોએ તમામ ૨૭ કોવિડ હોસ્પિટલોએ ત્રાટકીને ચેકીંગ હાથ ધર્યું હતું જેમાં અનેકવિધ ક્ષતિઓ બહાર આવી હતી. મ્યુનિ.કમિશનર ઉદીત અગ્રવાલના આદેશ અન્વયે હાથ ધરાયેલી તપાસ અન્વયે એવું તારણ એ મળ્યું છે કે અનેક હોસ્પિટલોમાં જે સ્ટાફને ફાયર સેફ્ટીના સાધનો ચલાવવા તાલીમ અપાઈ હતી તે સ્ટાફ જ બદલાઈ ગયો હતો જેમને સાધનો ચલાવવાનું કૌશલ્ય જ ન્હોતું. ચારથી પાંચ હોસ્પિટલોમાં એક્ઝીટના દ્વાર પાસે અવરોધો હતા જે દૂર કરવા સૂચના અપાઈ છે.મનપાના નાયબ આરોગ્ય અધિકારી ડો.પી.પી.રાઠોડ, ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર વગેરે દ્વારા આજે મોડી સાંજ સુધી આ ચેકીંગ પૂરું કરાયું હતું.

## ગોંડલમાં વચેટિયાએ યુવતીના બીજા લગ્ન કરાવ્યા, બાળકને વેચી માર્યો

રાજકોટઃ ગોંડલ આવાસ ક્વાર્ટરમાં રહેતા અને રાજકોટ મજૂરીકામ કરતા અજયભાઈ બટુકભાઈ ધરજીયાના લગ્ન ગોંડલનાં ખોડીયારનગરમાં રહેતી રમાબેન કાંતિલાલ વ્યાસ, વીરપુરમાં રહેતી રજિયાબેન અને મહારાષ્ટ્ર રહેતાં સોનુ રાજેન્દ્ર પાઈકરાવએ મહારાષ્ટ્રની જયશ્રી ઉર્ફે પૂજા નામની યુવતી સાથે આજથી ચાર વર્ષ પહેલા રૂપિયા ૨૪૦૦૦૦માં કરાવ્યા હતા. લગ્નજીવન દંપતીને ત્યાં પુત્રનો જન્મ પણ થયો હતો. જો કે, દોઢ વર્ષ પહેલાં અજયભાઈની ગેરહાજરીમાં જયશ્રી અને તેની સાથેના સોનુ રાજેન્દ્ર પાઈકરાવે કોઈને જાણ કર્યા વગર માસૂમ બાળકને સાથે લઈ ચાલ્યા ગયા હતા. આ કેસમાં તપાસ આરંભતા ચોંકાવનારા ખુલાસા થયા હતા. આ લૂંટેરી દુલ્હન એટલે કે જયશ્રીએ રાજકોટના એક યુવાન સાથે ફરી લગ્ન કર્યા હોવાનું બહાર આવ્યું હતુ. આ સાથે જ પોલીસે લુટેરી દુલ્હન અને તેની સાથેનાં મળતીયાઓની માહિતી મેળવી બંનેને ઝડપી લીધા હતા. આ સમયે આરોપીએ પોલીસ સમક્ષ કબૂલ્યું હતુ કે, માત્ર રૂપિયા ૪૦૦૦૦માં માસુમ બાળક દિવ્યેશ ને મુંબઈમાં વેચી દીધુ હતુ. જે બાદ પોલીસ વધુ તપાસ કરતા બાળકને તામિલનાડુના કોઈમ્બતુરથી શોધી કાઢ્યો હતો.

## પાલિતાણામાં શત્રુંજય ગિરિરાજની યાત્રા શરૂ

**•પ્રથમ દિવસે ૨૫૦૦ યાત્રિકો, ૨૫૦ સાધુ અને સાધ્વીજી ભગવંતોએ યાત્રા કરી**



ભાવનગર : યાત્રાધામ પાલિતાણા ખાતે સોમવારે કાર્તિકી પૂર્ણિમાના પાવનકારી પર્વથી શત્રુંજય ગિરિરાજની યાત્રાનો જય જય આદિનાથના જયઘોષ સાથે પ્રારંભ થયો હતો. આજના પ્રથમ દિવસે ૨૧૦૦ યાત્રિકો તેમજ ૨૫૦ સાધુ,સાધ્વીજી ભગવંતોએ યાત્રા કરી હતી. ચાલુ વર્ષે કોરોનાની મહામારીના કારણે છરિપાલિત સંઘોના આયોજનો મુલત્વી રહ્યા હતા. તીર્થ પાલિતાણામાં જય જય આદિનાથના જયઘોષ સાથે સોમવારે સવારે ૬ વાગ્યાથી શત્રુંજય ગિરિરાજની યાત્રાનો પ્રારંભ થયો હતો.કારતકી પુનમના દિવસે ઋષભદેવજીના પૌત્ર દ્રાવિડને વારિખિલ્લ દશ કરોડ મુનિઓ સાથે સિધ્ધિપદને પામ્યાનો દિવસ છે.તેમજ ચાતુર્માસના ચાર માસ દરમિયાન સાધુ,સાધ્વીજી ભગવંતો એક જ જગ્યાએ સ્થિરતા કરતા હોય છે જે કારતક સુદ પુનમથી વિહાર શરૂ થશે. તેમજ ઋષભદેવજી આ તીર્થમાં પૂર્વે નવ્વાણુ વખત પધાર્યા હતા. તેથી અત્રે આજના દિવસથી નવ્વાણુ યાત્રાનો પ્રારંભ થાય છે. પરંતુ કોરોનાના કારણે ચાલુ વર્ષે નવ્વાણુ યાત્રાનું આયોજન થશે નહિ.તેમજ ગુરૂ ભગવંતોની નિશ્રામાં છરિપાલિત સંઘો પ્રયાણ થાય છે. જે પણ કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે આજની તારીખે એકપણ છરિપાલિત સંઘ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં નોંધાયા નથી.

## ભાવનગરમાં DySP પુત્રના સામૂહિક આપઘાત કેસ : અંતે સાઢુભાઈ જેલભેગો

**•૧૬મી નવેમ્બરે જાડેજાએ પરિવારના સભ્યોને ગોળી ધરબી આપઘાત કર્યો હતો**



ભાવનગર : ભાવનગર શહેરના વિજયરાજનગરમાં રહેતા નિવૃત ડીવાયએસ.પી.ના પુત્રએ તેના પત્ની અને બે દિકરી સાથે થોડા સમય પૂર્વે ફાયરીંગ કરી આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જે મામલે મૃતક યુવાન પૃથ્વીરાજસિંહને તેના સાઢુભાઈએ ત્રાસ આપી મરવા મજબુર કરતા પૃથ્વીરાજસિંહે તેના બન્ને દિકરીની હત્યા કર્યા બાદ પોતે પણ સ્યુસાઈડ કરી લઈ પરિવાર સાથે સામુહીક આપઘાત કરી લીધા સંદર્ભે નિવૃત ડીવાયએસ.પી.એ એક માસ પૂર્વે ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસ ક્રાઈમ બ્રાંચ સંભાળી આખરે મૃતક યુવાનના સાઢુભાઈની ધરપકડ કરી લઈ રિમાન્ડ મેળવ્યા છે. ભાવનગર શહેરના વિજયરાજનગર વિસ્તારમાં રહેતા નિવૃત ડીવાયએસ.પી. નરેન્દ્રસિંહ જાડેજાના દિકરા પ્રદ્યુમનસિંહ જાડેજાએ ગત તા.૧૬-૯ના રોજ પોતાના ઘરે તેઓના પત્નિ બીનાબા, દિકરી નંદિનીબા, યશશ્રીબા અને તેના ડોગને રિવોલ્વરમાંથી ગોળી ધરબી દઈ પોતે પણ રિવોલ્વરમાંથી ગોળી છોડી આપઘાત કરી લીધો હતો. ઉક્ત ઘટના સામે આવતા ભારે અરેરાટી મચી જવા પામી હતી. દરમિયાન પોલીસે મૃતક પ્રદ્યુમનસિંહ ઉર્ફે પૃથ્વીરાજસિંહ સામે હત્યા સહિતની કલમ તળે ગુનો દાખલ કર્યો હતો.

## કચ્છમાં ખેંગારજીની પ્રતિમા ઉપર દારૂ ચઢાવતા રાજવી પરિવાર નારાજ

ભુજઃ ૧૯૪૭માં દેશના વિભાજન બાદ, કરાચી બંદર પાકિસ્તાનમાં ભળી જતાં તેના વિકલ્પમાં કંડલામાં મહાબંદર સ્થાપવા માટે હજારો એકર જમીનનું દાન આપનારા કચ્છના રાજવી મહારાવ ખેંગારજીની કંડલા પોર્ટના મુખ્ય દ્વાર પાસે આવેલી પ્રતિમાને અસામાજિક તત્વોએ દેશી દારૂની પોટલીનો હાર પહેરાવી જતા, પોર્ટ પ્રશાસન રાજવીનું ગૌરવ જાળવી શક્યું ન હોવાનો આક્રોશ દર્શાવી કચ્છના મહારાવ સહિત રાજવી પરિવારના સભ્યોએ ઉગ્ર પ્રતિઘાત આપતા જણાવ્યું હતું કે કંડલા પોર્ટ ઓથોરિટીના જવાબદાર અધિકારીઓની ફરજ છે કે તેઓ રાજવી દાતાનું માન-સન્માન જાળવી રાખે.

બંદરનું વહીવટીતંત્ર જો આટલી કાળજી પણ ન રાખી શકતું હોય તો કંડલા પોર્ટના પ્રશાશને કચ્છના રાજવી પરિવારની જમીન પાછી આપી દેવી જોઈએ. રાજવી પરિવારના નિવેદન અનુસાર કચ્છની પ્રજા અને વતનપ્રેમી કચ્છીઓ માટે આ ઘટના શરમ અને તિરસ્કાર સમી છે.અસામાજિક તત્વોનો ત્રાસ, સક્ષમ સરકાર અને પોલીસ તંત્ર કાબુ કરી શકતું નથી. તેથી સરેઆમ આવી પડકારરૂપ ઘટનાઓ બને છે. આવા બનાવો લોકશાહી માટે તો કલંક રૂપ છે જ પણ આવનારા સમયની પડતી દર્શાવે છે.

## વિસાવદરના જાંબુડીમાં ભૂખે મરતી સિંહણનું વન વિભાગ દ્વારા રેસ્ક્યું કરી સારવાર

વિસાવદર : વિસાવદરના જાંબુડી ગામમાં ઘૂસી સિંહ પરિવાર માલઢોરના મારણ કરતું હતું દરમિયાન વન વિભાગે તેનું રેસ્ક્યુ કર્યું પરંતુ મારણ ન આપતા તેની હાલત વધુ કથળી ગઈ હતી. કેટલાક દિવસ સુધી ભૂખી સિંહણ અશક્ત બની જતાં સારવાર કરવાની ફરજ પડી હતી પેટનો ખાડો પુરવા કેટલી મહેનત કરી પરંતુ પૂરતો ખોરાક ન મળવાના કારણે રેસ્ક્યુ કરવામાં આવેલ સિંહણના પેટના ભાગે હાડકા દેખાવા લાગ્યા છે. વિસાવદરના જાંબુડી ગામમાં છેલ્લા કેટલાય સમયથી પેટનો ખાડો પુરવા રઘવાઈ બનેલ સિંહણને મારણ ન આરોગવા દેતાં અંતે તેની રેસ્ક્યુ કરી સારવાર કરવાની ફરજ પડી છે. ગ્રામજનોએ પણ સિંહણની ચિંતા કરી હતી કારણ કે ચાલવામાં પણ નબળાઈ અનુભવતી હતી છતાં પણ તેને મારણ ન આરોગવા દીધું અને અંતે વેટરનરી ડોક્ટરને બોલાવી રેસ્ક્યુ કરી તેને ટ્રીટમેન્ટ કરવાની પણ ફરજ પડી હતી.

## પાલિતાણામાં પાલિકા ઉપપ્રમુખના પુત્રની હત્યામાં ૩ની ધરપકડ કરાઈ

**•તપાસમાં વધુ એક નામ ખુલ્યું, મુખ્ય હત્યારો શખ્સ ત્રણ દિવસના રિમાન્ડ પર**

પાલિતાણા : પાલિતાણાના તળાવ વિસ્તારમાં રહેતા ન.પા.ના ઉપપ્રમુખ ઉસ્માનભાઈ સુવાલીભાઈ સૈયદના પુત્ર અયુબભાઈએ બે માસ પૂર્વે આમીન ઈબ્રાહીમભાઈ દલ (દૂધવાળો) નામના શખસને ઉધારમાં મોબાઈલ ફોન આપવાની ના પાડી હતી. જે બાબતની દાઝ રાખી ગત રવિવારે રાત્રિના સુમયે અયુબભાઈ સૌરાષ્ટ્ર ટોકીઝ નીચે આવેલ રોયલ મોબાઈલ નામની દુકાન બંધ કરી એક્ટીવામાં પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે આમીન દલ અને અન્ય અજાણ્યા શખસોએ યુવાનને દાણાપીઠ વિસ્તારમાં આંતરી છરીના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યો હતો. ઘટના બાદ પોલીસે તપાસનો દૌર આદરતા ગઈકાલે ભાવનગર આર.આર.સેલની ટીમે શેલાણા ચોકડી પાસેથી મુખ્ય હત્યારા આરોપી આમીન દલની બાઈક સાથે ધરપકડ કરી હતી. જ્યારે તપાસમાં બે અજાણ્યાના બદલે ત્રણ શખસના નામ ખુલતા ટાઉન પોલીસે સોહિલ રફીકભાઈ પઢણી, આદિલ હુસેનભાઈ ટાંક અને ફૈઝલ ફારૂકભાઈ પઢણીની ધરપકડ કરી હતી. જ્યારે આમીન દલને રિમાન્ડની માંગ કરાઈ હતી.

## દ્વારકા દર્શન કરીને પરત ફરતી કારને નડ્યો ગમખ્વાર અકસ્માત, ૪ લોકોનાં મોત

દ્વારકા : સોમવારે દ્વારકા-જામનગર પાસે આવેલા ધેવાડ ગામ પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમા કુલ ચાર લોકોના કરૂણ મોત નિપજ્યા છે. મૃતકોમા ત્રણ પુરૂષ અને એક મહિલા હોવાની પુષ્ટિ થઈ છે. આ અકસ્માત કાર અને ડમ્પર વચ્ચે સર્જાયો હતો જેમા કારનો ખુરચો બોલાઈ ગયો હતો. કારમાં સવાર ત્રણ પુરૂષ અને એક મહિલાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. પરિવાર ક્યાંનો અને કોણ છે તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. ૧૦૮ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતકોને દ્વારકા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતના પગલે ધેવાડ ગામના લોકો હાઈવે પર એકઠા થઈ ગયા હતા. અને તાત્કાલિક પોલીસ અને ૧૦૮ની ટીમને ફોન કરી દીધો હતો. જેના પગલે પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને હાઈવે પરથી ટ્રાફીક ક્લિયર કરાવ્યો હતો.

# કલ્પેશ યુવતીની કમર પર હાથ રાખી ચાલવા ગયો અને...

'નટરાજ'ના ૭૦ એમ. એમ.ના વિશાળકાય રૂપેરી પરદા પર ગ્રેગરી પેક અને ઓમર શરીફ સોનાની ખાણના ખડક ઉપર એકબીજાનો જાન લેવા તલસી રહ્યા હતા. ઓમર શરીફ એક લૂંટારું અને તેના હાથમાં કુહાડી. જ્યારે ગ્રેગરી એક સભ્ય સમાજનો માર્શલ અને તેના હાથમાં કંઈ જ નહીં. સેંકડો ફૂટ ઊંડી ખીણ અને ખીણમાં ચમકતું સોનું... પરદા પર ઝડપથી એક પછી એક દૃશ્યો બદલાતાં જતાં હતાં... પ્રેક્ષકો સીટ પર સજ્જડ ચોંટી ગયાં હતાં અને થિયેટરનાં સ્ટિરિયોફોનિક લાઉડસ્પીકરો ચારે બાજુથી ગાજી ઊઠ્યા... ઘરરરર ઘરરરર... ઘરરર... ઘરરરર. સોનાની ખાણના ખડકો ધ્રૂજવા લાગ્યા. ગ્રેગરીએ ઉગામેલો છેલ્લો હાથ હવામાં જ રહી ગયો. પ્રેક્ષકોને લાગ્યું કે તેઓની આસપાસ જ ધરતીકંપ થઈ રહ્યો છે.

સૌના જીવ તાળવે ચોંટ્યા હતા. ત્યારે બાલ્કનીમાં બે જીવોને આટલાં અસરકારક દૃશ્યોમાં જરાયે રસ નહોતો.

કલ્પેશની નજર પરદા પર નહીં, પરંતુ વારે વારે આગલી હરોળની એક સીટ પર જતી હતી. એ સીટ પર બેઠેલી તરુણીના કાળાભમ્મર વાળ પરદા પર ઝડપથી બદલાઈ રહેલાં રંગીન દૃશ્યોથી પશ્ચાદ્ ભૂમિકામાં અદ્ભુત ચમકી રહ્યા હતા, પણ કલ્પેશ માટે એ જ આકર્ષણનું કારણ નહોતું. વારે વારે એ તરુણી પાછળ ફરી ફરીને એની સામે જોતી હતી.

ચિત્ર પૂરું થયું. પ્રેક્ષકવર્ગ બહાર નીકળ્યો. અસહ્ય તાપ અને પ્રકાશથી બચવા કલ્પેશે ગૉગલ્સ ચડાવ્યાં. તેણે જોયું તો પેલી તરુણીએ પણ પર્સમાંથી ગૉગલ્સ કાઢ્યાં.

કલ્પેશના મિત્રો ચિત્રની ટીકાટિપ્પણમાં પડ્યા હતા પણ કલ્પેશે તો ચિત્ર જોયું જ ક્યાં હતું ?

બધા મિત્રો બહાર રોડ પરના પાનના ગલ્લે આવ્યા અને સિગારેટનો ધુમાડો કાઢવા લાગ્યા.

કલ્પેશે જોયું તો પેલી યુવતી પણ સહેજ દૂર ઊભી કોઈનો ઈંતજાર કરી રહી હોય તેમ આજુબાજુ નજર નાખી રહી હતી... પણ તેણે ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું તો એની નજર વારે વારે પોતાની સામે જ મંડાતી હતી.

એ તરુણીનાં વસ્ત્રો, તેના હાવભાવ, એની દૃષ્ટિ, એનું વર્તન કંઈક નોખું જ તરી આવતું જોઈ બીજા મિત્રોનું પણ ધ્યાન ખેંચાયું.

'કોઈ છેલબટાઉ લાગે છે, કલ્પેશ.' કોઈએ અનુમાન કર્યું.

'એની હાઉ, કલ્પેશ ઈઝ લકી... ભઈ તારી પર ફિદા છે, યાર.' બીજાએ અનુમાન ઉપરાંત નક્કર સંશોધન રજૂ કર્યું.

'કલ્પેશ, યુ શુડ ગીવ રિસ્પોન્સ... તારે એનું અપમાન તો ન જ કરવું

જોઈએ.' ત્રીજાએ એને સલાહ આપી.

'ચાલો બધાં શેરડીનો રસ પીશું ?' કલ્પેશે ઑફર કરી.

બધાં રસ પીવા બાજુના રસ સેન્ટર પાસે ગયાં.

પેલી તરુણી પણ ત્યાં આવી. તેણે પોતાના માટે પણ એક ગ્લાસનો ઑર્ડર આપ્યો.


કલ્પેશ અને તેના મિત્રો અવાક્ થઈ ગયા. તેમણે વગર ઓળખાણે આવી પાછળ પડેલી છોકરી કદી જોઈ નહોતી. અલબત્ત, તે સુંદર હતી પણ તેનું વર્તન આવું કેમ તે સમજાતું નહોતું.

હવે તો કલ્પેશ લવ ઍટ ફર્સ્ટ સાઈટ માની જ બેઠો... તે વર્તમાન ભૂલી કોઈ જુદી જ દુનિયામાં ખોવાતો ગયો. એટલામાં તો પેલીએ કલ્પેશ સામે જોઈ સ્માઈલ આપ્યું. કલ્પેશનો ગ્લાસ મોઢામાં જ રહી ગયો.

તેણે જોયું તો પેલી તરુણીએ ફટાફટ એના ગ્લાસના પૈસા ચૂકવી દીધા અને એક રિક્ષાવાળાને બોલાવ્યો.

'ક્યાં જશો બે'ન ?'

'પ્રેમ દરવાજા !' કહેતી પેલી યુવતી રિક્ષામાં બેઠી.




**આઈ એમ સૉરી કલ્પેશ. તમારી આ તસવીર તમારા બાપુજીએ આપણી સગાઈ માટે મોકલાવેલી. અચાનક આપણે પિક્ચરમાં મળી ગયાં અને મેં તમને ઓળખી કાઢ્યા. એ કુતૂહલથી હું વારે વારે તમને જોતી હતી, પણ વગર ઓળખ્યે તમે મારી પાછળ જે રીતે વર્ત્યા તે કોઈપણ સ્ત્રીને ગમે નહીં. તમને પત્ની નહીં અન્ય કોઈની જરૂર છે. એવી સ્ત્રીઓ ઘણી મળી રહેશે... લ્યો આ તસવીર.**

'કલ્પેશ ? તારે પણ પ્રેમ દરવાજા જ જવાનું હતું ને ?' જાણીબૂઝીને એકે સહેજ મોટા અવાજે કૉમેન્ટ કરી.

'આઈ ડૉન્ટ માઈન્ડ... કંપની માટે આભારી થઈશ.' પેલી તરુણીએ હસીને જવાબ આપ્યો.

સ્તબ્ધ થઈ ગયેલો કલ્પેશ વગર ઓળખાણે રિક્ષામાં બેસી ગયો... રિક્ષા ઊપડી. તે વખતે તેના હૃદયની ધમણો વેંત વેંત ઊંચી ઊછળતી હતી.

રિક્ષાએ અચાનક વળાંક લેતાં પેલી યુવતીના એક પડખાનો કલ્પેશને સ્પર્શ થઈ ગયો. આટલો સુખદ સ્પર્શ તેણે કદી અનુભવ્યો નહોતો.

કલ્પેશ સહેજ વધુ નજદીક સરક્યો અને તેની લગોલગ પહોંચી ગયો.

એટલે પેલીએ એક જ આંચકે તેની વધુ નજીક પોતાની જાતને પ્રસરાવી.

'ઈફ યુ ડૉન્ટ માઈન્ડ, આપણે હોટલમાં જઈએ તો...?'કલ્પેશે ઑફર કરી.

'ઑહ ? સ્યૉર...'

બંને જણ હોટલના એક અંધારા વાતાનુકૂલિત ખંડમાં જઈ બેઠાં.

'કેટલી સરસ ઠંડક છે ?' યુવતીએ પૂછ્યું.

'યસ, યસ...' કહેતાં કલ્પેશે ટેબલ પર હાથ પ્રસાર્યો અને યુવતીની

આંગળીઓ પર હળવેથી સ્પર્શ કર્યો. જવાબમાં તે માત્ર થોડું હસી.

'તમારું નામ ?'

'કલ્પેશ...'

'બ્યુટીફૂલ... ગુસ્સે ન થાવ તો એક સવાલ પૂછું ?'

'વાય નોટ... તમને છૂટ છે.'

'તમે પરિણીત છો ?'

'ના બાપલા ના... પપ્પા ભાંજગડ લઈને બેઠા છે કે બેટા પરણી જા...

કોણ જાણે અડધો ડઝન છોકરાઓના ફોટા લઈને બતાવ્યા, પણ મને એકેય પસંદ નથી.'

થોડીવાર બંને ચૂપ રહ્યાં. પેલી યુવતીનો પગ ટેબલ નીચેથી કલ્પેશને અડક્યો અને તેના શરીરમાં ઝણઝણાટી ફેલાઈ ગઈ. તેણે જોયું તો આખાયે હૉલમાં લગભગ અંધારું હતું. દૂર ખૂણામાં પણ એવું જ એક યુગલ બેઠું હતું અને તેઓ... તેઓને જોઈને તેમનું અનુકરણ કરવાનું આવતાં કલ્પેશે એકદમ સહેજ ઊંચા થઈ અને તેના મોંને ચૂમી લીધું.

'સેટિસફાઈડ ??' રૂમાલ વડે મોં લૂછતાં પેલીએ પૂછ્યું.

'નો... નોટ એટોલ... તમારા રૂપનો સ્વાદ માણતાં પહેલાં તમને જ

જોઈને મોં ભાંગી જાય છે. હું કેવી રીતે ધરાઉં ?' કલ્પેશે સાહિત્યિક પ્રશંસા કરી.

'તો હવે ?' સામેથી સૂચક પ્રશ્ન પુછાયો.

'તમે કહો તેમ.'

'ના, તમે કહો તેમ.'

'ઑલ રાઈટ... તો તમે મારી પાછળ આવો.'

'ક્યાં ?' યુવતીએ પૂછ્યું.

'ઉપર... આ હોટલ રેસિડેન્શિયલ પણ છે – રૂમ ઉપર છે.' કલ્પેશે ધીમા અવાજે કહ્યું.

બંને જણ બિલ ચૂકવી સહેજ પ્રકાશમાં આવ્યાં. કલ્પેશે યુવતીની કમરમાં હાથ રાખી ચાલવા કોશિશ કરી.

'એક મિનિટ.' કહેતાં યુવતીએ તેના પર્સમાંથી એક તસવીર કાઢી કલ્પેશ

સામે ધરી : 'લ્યો !'

કલ્પેશ ચોંકી ગયો. તે તસવીર તેની જ હતી.

'મારો ફોટો તમારી પાસે ક્યાંથી ?'

'આઈ એમ સૉરી કલ્પેશ. તમારી આ તસવીર તમારા બાપુજીએ આપણી સગાઈ માટે મોકલાવેલી. અચાનક આપણે પિક્ચરમાં મળી ગયાં અને મેં તમને ઓળખી કાઢ્યા. એ કુતૂહલથી હું વારે વારે તમને જોતી હતી, પણ વગર ઓળખ્યે

તમે મારી પાછળ જે રીતે વર્ત્યા તે કોઈપણ સ્ત્રીને ગમે નહીં. તમને પત્ની નહીં અન્ય કોઈની જરૂર છે. એવી સ્ત્રીઓ ઘણી મળી રહેશે... લ્યો આ તસવીર.

રીટન વીથ થૅંક્સ.' એમ કહી યુવતી હોટલની બહાર નીકળી ગઈ.

કલ્પેશને ધરતી સરી જતી લાગી. હાથ આવેલી સોનાની ખાણ એમ ને એમ જતી કરવા દેવા માટે ઓમર શરીફ જેવું હારેલું મોં ફાડીને એને જોતો રહ્યો. પોતાના હાથમાં પોતાની જ તસવીર હતી.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### મોબાઈલ ફોનનું અવનવું



આધુનિક મોબાઈલ ફોનમાં નાસા દ્વારા ચંદ્ર ઉપર મોકલાયેલા એપોલો–૧૧ માં વપરાયેલા કમ્પ્યુટર કરતાં ય વધુ ક્ષમતા હોય છે. મોબાઈલ ફોન ઉપર સૌથી વધુ બેકટેરિયા હોય છે. જાપાનમાં લોકો સ્નાન કરતી વખતે પણ મોબાઈલનો ઉપયોગ કરે છે. તેથી ત્યાંના ૯૦ ટકા ફોન વોટરપ્રૂફ હોય છે. મોબાઈલ ફોન દ્વારા પ્રથમ વાતચીત ૧૯૭૬માં મોટોરોલાના શોધક માર્ટિન કૂપરે કરેલી. મોબાઈલ ગુમાવવાથી કે બગડી જવાથી લોકોને ગુસ્સો અને રોષ પેદા થાય છે. આ સ્થિતિને 'નોમોફોલિયા' કહે છે. મોબાઈલ ફોન સૌથી વધુ વેચાતા ઇલેક્ટ્રોનિક સાધન છે. કોઈકે કહ્યું છે કે વિશ્વમાં લોકો પાસે ટોઈલેટ કરતાં મોબાઈલ ફોન વધુ હોય છે. મોબાઈલ ઉપર વિડિયો અને ફોટા સૌથી વધુ અપલોડ થાય છે. આ ટ્રાફિક વેબ ટ્રાફિકની ૨૭ ટકા ભાગ રોકે છે. સ્માર્ટફોનની ટેકનોલોજી વિવિધ ૨૫૦૦૦૦ શોધખોળોના સમનવ્યથી બનેલી છે. મલેશિયામાં મોબાઈલ ફોનામાં મેસેજ દ્વારા છૂટાછેડા લેવાનું કાયદેસર ગણાય છે. ઘણી વખત લોકો આસપાસના લોકોથી દૂર રહેવા સ્માર્ટફોનમાં વ્યસ્ત હોવાનો ડોળ કરે છે. એક સર્વમાં ૪૭ ટકા લોકોએ આ વાત કબૂલી હતી. ફિનલેન્ડમાં મોબાઈલ ફોન ફેંકવાની સ્પર્ધા યોજાય છે. ૨૦૦૦માં રિસાઇયકિલંગ ને પ્રોત્સાહન આપવા માટે આ સ્પર્ધા શરૂ થઈ હતી. જે સૌથી દૂર સુધી મોબાઈલ ફેંકી શકે તે ચેમ્પિયન ગણાય છે.

### ગેસના ચૂલાનો રસપ્રદ ઇતિહાસ



૧૮ મી સદીમાં વાયુઓ અંગે ઘણાં સંશોધનો થયા તેમાં કેટલાક વિજ્ઞાાનીઓએ કૃત્રિમ જવલનશીલ ગેસ પેદા કરવાની પધ્ધતિ પણ વિકસાવેલી. કોલસા, લાકડા કે તેલને ઓછા ઓક્સિજનવાળી ભઠ્ઠીમાં સળગાવી ગેસ પેદા કરાતો. આ પ્રકારે તૈયાર કરેલા ગેસને નળી દ્વારા દૂર લઈ જઈ નળીને છેડે સળગાવી શકાતો, ફ્રાન્સના ફિલિપ લેબીન અને ઇગ્લેન્ડમાં વિલિયમ મર્ડોકે આ ગેસ વડે ચૂલા સળગાવવાના અખતરા કર્યા અને તે સફળ પણ થયેલા. આ રીતે ઇ.સ. ૧૮૧૨માં રાંધણગેસ અને ચૂલાની શરૂઆત થઈ. અમેરિકા અને યુરોપમાં ગેસ કંપનીઓ બની. આ બધી કંપનીઓ પાઈપ દ્વારા જરૂર હોય ત્યાં અને ઘરે ઘરે ગેસ પૂરી પાડતી. લંડનમાં સ્ટ્રીટ લાઈટમાં પણ આવી ગેસ લાઈન વડે દીવા થતા. ઇ.સ. ૧૮૫૦ ની આસપાસ નેપ્થા, વ્હાઈટગેસ પ`રાફિન વગેરે જવલનશીલ પદાર્થોની ટાંકીઓ વાળા સ્ટવ બન્યાં. ઇ.સ. ૧૮૨૬માં જેમ્સ શાર્પ નામનીએ ગેસમાં નવી જાતના બર્નરવાળો ચૂલો બનાવ્યો. પરંતુ તે સમયે ગેસને પાઈપ લાઈન વડે વધુ અંતર સુધી લઈ જવામાં મુશ્કેલી હતી. ઇ.સ.૧૮૮૫માં રોબર્ટ બન્સેન નામના વિજ્ઞાાનીએ બન્સેન બર્નર શોધ્યુ. જેમાં બર્નર ગેસની સાથે થોડી ઓક્સિજન બળે તેવી વ્યવસ્થા હતી. આ બર્નરને કારણે પ્રેટ્રોલિયમનો રાંધણગેસ તરીકે ઉપયોગ શક્ય બન્યો.

# બ્રિટનમાં ફાઈઝરની રસીને મંજૂરી : ટૂકમાં જ રસીકરણ શરૂ

## બ્રિટન સરકાર દ્વારા ૪૦ લાખ ડોઝ વિકસાવવાના આદેશ આપી દેવાયા, સોમવારથી રસી અપાશે

લંડન : બ્રિટન દ્વારા ફાઈઝર-બાયોએનટેકની કોરોના રસીને મંજૂરી આપવામાં આવી છે. આવતા અઠવાડિયાથી બ્રિટનમાં રસીકરણ પણ શરૂ કરી દેવામાં આવશે. હજી સુધી વિશ્વમાં કોઈપણ રસીની ત્રણ ટ્રાયલ બાદ મંજૂરી આપવામાં આવી હોય તેવો પહેલો કેસ છે. ચીન અને રશિયા દ્વારા અધૂરાં પરીક્ષણોએ જ રસીઓને મંજૂરી આપી દેવાઈ હતી. આ સાથે જ બ્રિટન દુનિયાનો પહેલો દેશ છે જેણે તમામ પ્રક્રિયાઓ પૂરી કરીને રસીને મંજૂરી આપી છે. આ ઉપરાંત બ્રિટન પશ્ચિમી દુનિયાનો પણ પહેલો દેશ છે જેણે રસીને મંજૂરી આપી છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન દ્વારા પણ આ દિશામાં કોઈ નક્કર પગલાં હજી સુધી લેવાયાં નથી. બ્રિટન સરકાર દ્વારા ૪૦ લાખ ડોઝ વિકસાવવાના આદેશ આપી દેવાયા છે અને આગામી સોમવારથી જ લોકોને રસી આપવાનું પણ શરૂ કરી દેવામાં આવશે. સૂત્રોના મતે સ્વાસ્થ્ય કર્મીઓ અને કોરોના વોરિયર્સને તથા કેર હોમ્સમાં રહેનારા લોકોને રસી આપવા માટે પ્રાથમિકતા આપવાની ગણતરી છે. બીજી તરફ બ્રિટનની માન્ય રસી અંગે વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું કે, કોરોનાની રસીને માન્યતા આપનારો બ્રિટન વિશ્વનો પહેલો દેશ છે. ઉંના વડા ટેડ્રોસે જણાવ્યું કે, બ્રિટન દ્વારા ઈમર્જન્સીમાં રસીનો ઉપયોગ કરી શકાય છે. અમને આશા છે કે, તે ઝડપથી રસીકરણ કામગીરી શરૂ કરી દેશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે બ્રિટન દ્વારા શરુઆતમાં દેશના બે કરોડ લોકોને રસી આપવાની યોજના તૈયાર કરી દેવાઈ છે. આ માટે ચાર કરોડ ડોઝનો ઓર્ડર પણ આપી દેવાયો છે. બ્રિટન દ્વારા દરેક વ્યક્તિને ૨૧ દિવસમાં બે ડોઝ આપવાનું આયોજન કરાયું છે. બીજો ડોઝ બુસ્ટર ડોઝ હશે. ૧ કરોડ ડોઝ આગામી અઠવાડિયે આવી જાય તેવી ધારણાઓ છે. બીજી તરફ ૮ લાખ પ્રારંભિક ડોઝ સાથે ૫૦ હોસ્પિટલોમાં રસીકરણ શરૂ કરી દેવાશે.




### ફાઇઝરની રસી કેવી રીતે કામ કરે છે?

–કોરોના વાઇરસના જિનેટિક કોડનો એવો ભાગ લેવામાં આવ્યો કેજે આ વાઇરસનીસપાટી પર ‘સ્પાઇક પ્રોટીન’નું નિર્માણકરે છે.

– ફેટના ડ્રોપલેટમાં આ જિનેટિક સંરચના રાખવામાં આવે છે, જેને બાદમાં દર્દીને ઇન્જેક્ટ કરવામાં આવે છે.

– રોગપ્રતિકારક કોષો સ્પાઇક પ્રોટીન બનાવે છે કે જેથી શરીર તેમની ઓળખ કરી શકે. આ પ્રોટીનના લીધેવાઇરસ માનવ કોષો પર પ્રોટીન રિસેપ્ટર્સ પર ચોંટીજાય છે. જેથી એ એની અંદર જાય અને સમગ્ર શરીરમાં ફેલાઈ જાય.

– આ સ્પાઇક પ્રોટીનના કારણે શરીરની રોગપ્રતિકારકશક્તિ સક્રિય થઈ જાય છે અને એન્ટિબોડીઝ ઉત્પન્ન કરે છે કે જેનાથી આ વાઇરસ કોષોમાં જતાઅટકે છે.

– જો એ વ્યક્તિને ક્યારેય કોરોનાનું સંક્રમણ થાય છે તો આ એન્ટિબોડી અને ટી–સેલ્સ એ જ રીતે અસરકારકતાથી એનો સામનો કરે છે અને સંક્રમણ અટકાવે છે.

### પ્રાથમિકતા કોને અપાશે?

૧) કેર હોમ રેસિડેન્સ, વકર્સ ૨) ૮૦ વર્ષથી વધારે વયના લોકો અને હેલ્થ વકર્સ ૩) ૭૫ વર્ષથી વધારે ૪) ૭૦ વર્ષથી વધારે ૫) ૬૫ વર્ષથી વધારે ૬) હાઇ રિસ્કવાળા ૭) મધ્યમ રિસ્કવાળા ૮) ૬૦ વર્ષથી વધારે ૯. ૫૦ વર્ષથી વધારે

### રશિયામાં તમામને મફતમાં રસી અપાશે

યુકે દ્વારા ફાઇઝરની રસીને મંજૂરી અપાતાં રશિયામાં રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને વહિવટીતંત્રને આદેશ આપી દીધો છે કે આગામી સપ્તાહે દેશમાં કોરોના વેક્સિન આપવાની કામગીરીને કોઇપણ ભોગે શરું કરી દેવામાં આવે. નોંધનીય છે કે રશિયામાં બનેલી વેક્સિન સ્પૂતનિક–૫ ટ્રાયલ દરમિયાન કોરોના સામે લડવામાં ૯૫ ટકા અસરકારક સાબિત થઇ છે. રશિયન સરકાર રશિયાના તમામ લોકોને મફતમાં વેક્સિન આપશે. જોકે, આ વેક્સિને ટ્રાયલના ત્રણ તબક્કા હજી પૂરા કર્યા નથી.

### કોરોનાના ભયથી કિમ જોંગ ઉને ચીનની પ્રાયોગિક રસી લઈ લીધી!

સિયોલ : ઉત્તર કોરિયાનો તાનાશાહ કિમ જોંગ ઉને કોરોનાના ભયને કારણે ચીનની પરિક્ષણ હેઠળની રસી લઈ લીધી છે. કિમે તેના પરિવારજનો અને સેનાના ઉચ્ચ અધિકારીઓને પણ ગુપચુપ ચાઇનીઝ રસી અપાવી છે. અમેરિકાના એક નિષ્ણાતે જાપાનીઝ ગુપ્તચર સૂત્રોને આધારે આ અંગેનો ઘટસ્ફોટ કર્યો હતો. જોકે, ચીને તો હંમેશની જેમ આ અંગે મૌન સેવ્યું હતુ. અમેરિકાના નોર્થ કોરિયન બાબતોના નિષ્ણાત હેરિ કૅઝિનિસે કહ્યું કે, કિમ અને તેના નજીકના લોકોને કોરોના અંગેની ચીનની રસી આપવામાં આવી છે. જોકે તેમને કઈ કંપનીની રસી આપવામાં આવી છે અને તે સલામત છે કે નહી તે હજુ સ્પષ્ટ થઈ શક્યું નથી.




### રિઝેન-એલેમ્બિકની રસીને અમેરિકામાં ટ્રાયલની મંજૂરી

સ્વિત્ઝરલેન્ડની રિઝેન અને વડોદરાની એલેમ્બિક ફાર્માસ્યુટિકલ દ્વારા વિકસાવાઈ રહેલી રસીને અમેરિકી ફૂડ એન્ડ ડ્રગ વિભાગે ક્લિનિકલ ટ્રાયલ માટે મંજૂરી આપી છે. રસી તૈયાર થતાં સૌથી પહેલા મનુષ્યેતર સજીવો પર તેનો પ્રયોગ થતો હોય છે. પછી મનુષ્ય પર ચાર તબક્કામાં પ્રયોગ થતો હોય છે. મનુષ્ય પર થતો દવા–રસીનો પ્રયોગ ક્લિનિકલ ટ્રાયલ તરીકે ઓળખાય છે. પરિક્ષણ દરમિયાન આ રસીનો સિંગલ ડોઝ અસરકારક સાબિત થતા હવે તેના ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી મળી છે. આ રસીને હાલ કામચલાઉ ધોરણે ’આરપી–૭૨૧૪ ’નામ અપાયું છે.

## ૧૦૦% અસરકારકતાના દાવા સાથે મોડર્નાએ વેક્સિનની મંજૂરી માગી

વોશિંગ્ટન : ૧૦૦ ટકા અસરકારકતાના દાવા સાથે મોડર્નાએ સોમવારે કોરોના વેક્સિન ઈમર્જન્સી વપરાશની મંજૂરી માટે અમેરિકન નિયમનકાર યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન(એફડીએ)ને સુપરત કરી છે. કંપનીને સૂચના આપવામાં આવી છે કે વેક્સિન માટે વિચારણા કરવા એફડીએ ૧૭ ડિસેમ્બરે બેઠક યોજશે. ફેઝ ૩ ક્લિનિકલ ટ્રાયલમાં ૩૦,૦૦૦ લોકોએ ભાગ લીધો હતો અને ટ્રાયલનું તારણ દર્શાવે છે કે ગંભીર કોવિડ-૧૯ના કિસ્સામાં વેક્સિનની અસરકારકતા ૧૦૦ ટકા માલૂમ પડી હતી અને રોગને વ્યાપક સ્તરે રોકવાના મોરચે તેની અસરકારકતા ૯૪ ટકા સાબિત થઈ હતી. નવા ટ્રાયલના આંકડા દર્શાવે છે કે રોગને રોકવાના મોરચે આ વેક્સિન ૯૪ ટકા અસરકારકતા ધરાવે છે અને આ આંકડા ફેઝ ૩ ક્લિનિકલ ટ્રાયલ્સના અગાઉના આંકડા સાથે સુમેળ ધરાવતા હોવાના કારણે ઈમર્જન્સી વપરાશની મંજૂરી માટે રજૂ કરી છે.

### યુરોપિયન મેડિસિન્સ એજન્સીની મંજૂરી લેવાશે

યુરોપિયન મેડિસિન્સ એજન્સી પાસેથી પણ શરતી માર્કેટિંગ ઓથોરાઇઝેશનની માગણી કરાશે, તેમ કંપનીએ જણાવ્યું હતું. તેણે દાવો કર્યો છે કે આ ટ્રાયલ દરમિયાન સુરક્ષાને લગતી કોઈ ચિંતા જોવાઇ ન હતી. આ વેક્સિનની સાઇડ ઇફેક્ટ ઇન્જેક્શનની જગાએ દુખાવો, માથાનો દુખાવો અને થાક પૂરતી સીમિત હતી. મોડર્ના ૨૦૨૦ના ડિસેમ્બરના અંત સુધીમાં અમેરિકામાં કુલ બે કરોડ વેક્સિન ડોઝની સપ્લાઇ માટે તૈયાર કરવાની અપેક્ષા ધરાવે છે, જે એક કરોડ લોકો માટે પૂરતી હશે કેમ કે દરેકને બે ડોઝ આપવા પડશે. કંપનીએ જણાવ્યું હતું કે તેની પાસેની યોજના અનુસાર તેઓ ૨૦૨૧માં વિશ્વને ૫૦ કરોડથી ૧૦૦ કરોડ વેક્સિન ડોઝની સપ્લાઇ કરશે. મોડર્નાના સીઇઓ બાન્સેલે ટ્રાયલનાં પરિણામ અંગે બોલતાં વેક્સિનની સફળતાના ઊંચા દર પર ભાર આપ્યો હતો.




### યૂરોપમાં કોવિડનો ત્રીજો તબક્કો આવી શકેઃ WHO

રશિયામાં પણ કોરોના વેક્સિનેશન અભિયાન શરૂ થઈ શકે છે. આ મામલે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આદેશ આપ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આગામી સપ્તાહથી કોરોના વેક્સિનેશન અભિયાન શરૂ કરવાનો આદેશ આપ્યો છે. રશિયાએ ’સ્પૂતનિક–વી’ કોરોના વેક્સિન બનાવી છે. રશિયાનું કહેવું છે કે, આ વેક્સિન ઘણી સુરક્ષિત છે. પુતિને કહ્યું કે, સ્પૂતનિક–વી વેક્સિનના ૨૦ લાખથી વધારે ડૉઝ તૈયાર કરી લેવામાં આવ્યા છે. તેમણે આજે અધિકારીઓને આદેશ આપ્યા કે, આગામી અઠવાડિયાથી વેક્સિનેશન સંબંધિત તમામ તૈયારીઓ પૂર્ણ કરી લે.

## ચીનને શિયાળો ભારે પડયો : લદ્દાખમાં રોજ કરવી પડે છે સૈનિકોની ફેરબદલી

બેઈજિંગ : મોટે ઉપાડે લદ્દાખમાં સૈનિકો ખડકી દીધા પછી ચીની સૈનિકોને હવે હિમાલયનો શિયાળો ભારે પડી રહ્યો છે. લદ્દાખમાં એકાદ મહિનાથી તાપમાન શૂન્ય નીચે પહોંચ્યુ છે અને હવે તો સતત નીચે ઉતરી રહ્યું છે.

લદ્દાખમાં નીચું તાપમાન અને પંદર-સત્તર હજાર ફીટ ઊંચા શિખરો પર ઓછા ઓક્સિજન વચ્ચે ટકી રહેવું ભારત સિવાય કોઈ પણ દેશની સેના માટે લગભગ અસંભવ છે. લદ્દાખમાં તૈનાત ચીની સૈનિકો મુશ્કેલી અનુભવી રહ્યા છે અને ચોકી પર લાંબો સમય ટકી રહેવાને બદલે રોજ રોજ તેમની ફેરબદલી કરાઈ રહી છે.

ચીન છેલ્લે ૧૯૭૯માં વિએટનામ સાથે લડયું હતું. એટલે કે છેલ્લી અડધી સદીમાં ચીને કોઈ યુદ્ધ કર્યું નથી. તેની પાસે ગમે તેવા આધુનિક હથિયારો હોવા છતાં પ્રેક્ટિકલ અનુભવ નથી.

## દુનિયા પર બાયોહેકિંગનું જોખમ વધ્યું ઇઝરાયલ સંશોધકોનો ચોંકાવનારો દાવો

- બાયોહેકિંગ વિજ્ઞાનીઓને ઘાતક વાઈરસ બનાવવા તરફ દોરી શકે
- સ્ક્રિનિંગ ફ્રેમવર્ક આઉટડેટેડ હોવાનું સંશોધકોએ પુરવાર કર્યું

બેન ગુરીઓન : ઈઝરાયલની બેન ગુરીઓન સ્થિત નેગેવ યુનિવર્સિટીના સંશોધકોએ બાયોહેકિંગના નવા સ્વરૂપને શોધી કાઢ્યું છે જે અજાણ ડીએનએ વિજ્ઞાનીઓને ઘાતક વાઈરસ સર્જવા ભણી દોરી શકે છે. આને કારણે કોરોનાની રસી વિકસાવવા પર પણ જોખમ સર્જાઈ શકે છે. નેગેવ યુનિવર્સિટીના સંશોધકોનો અભ્યાસ નેચર બાયોટેક્નોલોજી જર્નલમાં પ્રકાશિત થયો છે. આ અભ્યાસમાં જણાવાયું છે કે ડીએનએ સિન્થેસીસ વ્યાપક બનવા સાથે સિન્થેટીક ડીએનએના ક્રમને અસ્તવ્યસ્ત કરે તેવા સાયબર એટેકને પગલે એક એવા ન્યુકલિઈક એસિડના સિન્થેસીસ ભણી દોરી શકે છે જે પેથોજેનિક ઓર્ગેનિઝમ અથવા હાનિકારક પ્રોટીનમાં સમાઈ શકે છે. સંશોધકોની ટીમે જણાવ્યું હતું કે હવે જોખમી તત્વોને ભયંકર પદાર્થ મેળવવા કે તેને પહોંચતો કરવા માટે તેના ભૌતિક સ્વરૂપને મેળવવાની જરૂર રહી નથી. આવા તત્વો ટાર્ગેટેડ સાયબર એટેક્સ વડે તેમના વતી વિજ્ઞાનીઓને ઝેરી તત્વો અથવા સિન્થેટીક વાઈરસ પેદા કરવા માટે છેતરી શકે છે.

## લાહોર જગતનું સૌથી વધુ પ્રદૂષિત શહેર જાહેર કરાયું, બીજા ક્રમે ભારતનું દિલ્હી

લંડન : પાકિસ્તાની શહેર લાહોર જગતનું સૌથી વધુ પ્રદૂષિત શહેર જાહેર થયું છે. યુ.એસ. એર ક્વોલિટી ઈન્ડેક્સના આંકડા સોમવારે જાહેર થયા હતા. એ પ્રમાણે લાહોરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) ૩૦૧ નોંધાયો હતો. લાહોર તો અતિ ખતરનાક હવા ધરાવતા શહેરમાં આવી ગયું છે. એક્યુઆઈ વિવિધ માપદંડોના આધારે તૈયાર થાય છે, જેમાં સૌથી મહત્ત્વનો માપદંડ હવામાં પર્ટિક્યુલર મેટર (પીએમ)નું પ્રમાણ છે. પીએમ એટલે એવા શુક્ષ્મ કણો જે પ્રદૂષિત હોય અને શ્વાસમાં જવાથી નુકસાન થાય. હવાના દર દસ લાખ કણોએ પીએમના કેટલા કણો છે, તેના આધારે હવાની શુદ્ધતા નક્કી થતી હોય છે. ઈન્ડેક્સની વાત કરીએ તો દિલ્હીનો એક્યુઆઈ ૧૮૨, જ્યારે અફઘાનિસ્તાનનું કાબુલ ૧૭૪ એક્યુઆઈ સાથે ત્રીજા ક્રમે છે.

# કોહલીએ સચિનનો રેકોર્ડ તોડ્યો: વન-ડેમાં સૌથી ઝડપી 12000 રન



સિડની: ઓસ્ટ્રેલિયા સામેની વન ડે સીરિઝ ટીમ ઈન્ડિયાએ ગુમાવી દીધી છે. ત્રીજા અને અંતિમ મુકાબલામાં વિરાટ કોહલીની પ્રતિષ્ઠા બચાવવાની જવાબદારી છે. ICC રેન્કિંગમાં દુનિયાના નંબર વન બેટ્સમેન વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે કેનબરામાં પોતાની ૬૩ રનોની ઈનિંગ દરમિયાન ૨૩ રન બનાવતાં જ વન ડે ઈન્ટરનેશનલમાં સૌથી ફાસ્ટ ૧૨ હજાર રન પૂરા કરવાનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. ૩૨ વર્ષીય વિરાટ કોહલીએ સૌથી ઓછી ઈનિંગ (૨૪૨)માં આ ઉપલબ્ધિ હાંસલ કરનાર બેટ્સમેન બની ગયો છે. તેણે માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરને પણ પાછળ છોડી દીધા છે. તેઓને પોતાના ૧૨ હજાર રન પૂરા કરવા માટે ૩૦૦ ઈનિંગ લાગી હતી.

વિરાટ કોહલીના નામે પહેલાંથી જ સૌથી ફાસ્ટ ૮૦૦૦, ૯૦૦૦, ૧૦૦૦૦ અને ૧૧૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ છે. વિરાટ કોહલીની અત્યાર સુધીની ૧૦૦૦-૧૧૦૦૦ રન બનાવવા માટે લાગેલી ઈનિંગ પર નજર કરીએ તો.

વિરાટ કોહલીએ અત્યાર સુધી ૨૫૧ વન ડે મેચોની ૨૪૨ ઈનિંગમાં ૫૯.૩૧ની સરેરાશથી ૧૨૦૪૦ રન બનાવ્યા હતા. તેણે ૪૩ સદી અને ૬૦ હાફ સેન્ચુરી લગાવી છે. સૌથી વધારે સદીની વાચ કરીએ તો આ મામલે ફક્ત સચિન તેનાથી આગળ છે. તેઓએ પોતાના વન ડે કેરિયરમાં ૪૯ સદી ફટકારી હતી.


## ત્રીજી વન-ડેમાં ટીમ ઈન્ડિયાએ લાજ બચાવી, ઓસ્ટ્રેલિયાને ઓલ આઉટ કર્યું

ઓસ્ટ્રેલિયાની ધરતી પર રમાનાર છેલ્લી વન ડે મેચમાં ટીમ ઈન્ડિયાની વિરાટ બ્રિગેડે લાજ બચાવી લીધી છે. અંતિમ વન ડેમાં ઓસ્ટ્રેલિયાને ઓલ આઉટ કરીને ટીમ ઈન્ડિયા જીત નોંધાવી છે. ટીમ ઈન્ડિયાએ ઓસ્ટ્રેલિયાને ૧૩ રનથી માત આપી છે. ૩૦૩ રનોનાં લક્ષ્યનો પીછો કરવા માટે ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમ ૪૯.૩ ઓવરોમાં ૨૮૯ રન પર ઓલ આઉટ થઈ ગઈ હતી. જો કે, ૩ વન ડેની સીરિઝમાં ઓસ્ટ્રેલિયા અગાઉ ૨ મેચ જીતીને સીરિઝ પર કબ્જો જમાવી ચૂકી છે. પણ અંતિમ વન ડેમાં જીત સાથે ઓસ્ટ્રેલિયાનું ક્લિન સ્વીપનું સ્વપ્ન ચકનાચૂર કરી દીધું હતું. ઓસ્ટ્રેલિયાએ આ સીરીઝ પર ૨-૧થી કબ્જો જમાવ્યો છે. મેન ઓફ ધ મેચ હાર્દિક પંડ્યા રહ્યો હતો, જ્યારે મેન ઓફ ધ સીરિઝ એવોર્ડ સ્ટીવ સ્મિથને મળ્યો હતો. હવે ૪ ડિસેમ્બરથી ત્રણ ટી-૨૦ મેચની શ્રેણી રમવામાં આવશે. વન ડે આંતરરાષ્ટ્રીય મેચમાં ચાર વખત કોહલીને આઉટ કરનાર હેઝલવુડ પ્રથમ બોલર બન્યો છે. હેઝલવુડે આ વર્ષે કોહલીને સતત ચાર વખત પેવેલિયનનો રસ્તો બતાવ્યા છે.

## આઈપીએલની આગામી સિઝનમાં અમદાવાદની ટીમ આવી શકે છે

નવીદિલ્હી : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની વાર્ષિક એજીએમ ૨૪ ડિસેમ્બરના રોજ થવાની છે. જેમાં આઈપીએલમાં બે નવી ટીમોને સામેલ કરવા અંગે ચર્ચા કરવામાં આવશે. બેઠકના એજન્ડામાં નવા ઉપાધ્યક્ષનું ચૂંટણી પણ સામેલ છે. બીસીસીઆઈએ એજીએમ બોલાવતા પહેલાં તમામ માન્ય એકમોને ૨૧ દિવસ પહેલાં ૨૩ પોઈન્ટનો એક એજન્ડા પણ મોકલ્યો છે. આ એજન્ડમાં મહત્વનો પોઈન્ટમાં આઈપીએલમાં બે નવી ટીમોને સામેલ કરવાને લઈ તેને ૧૦ ટીમોની ટુર્નામેન્ટ બનાવવાનો છે. અદાણી સમૂહ અને સંજીવ ગોયન્કાની રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ્સ નવી ટીમ માગે છે. જેમાંથી એક ટીમ અમદાવાદની હશે.

## લૂઇસ હેમિલ્ટન કોરોના પોઝિટિવ, શકહીર ગ્રાન્ડ પ્રિક્સમાંથી બહાર



બેહરીન: મર્સિડીઝ પેટ્રોનોસ એફ-વન ટીમે જણાવ્યું હતું કે સાત વખતનો વર્લ્ડ ચેમ્પિયન લૂઇસ હેમિલ્ટન કોરોના પોઝિટિવ આવ્યો છે અને તે આગામી રવિવારે યોજાનારી શકહીર ગ્રાન્ડ પ્રિક્સ ફોર્મ્યુલા વન રેસમાં ભાગ લેશે નહીં. ગયા સપ્તાહે ત્રણ વખત હેમિલ્ટનનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને પ્રત્યેક વખત રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, પરંતુ સોમવારે સવારે તેને હળવાં લક્ષણો દેખાતાં હતાં. મેનેજમેન્ટે એમ પણ જણાવ્યું હતું કે તેની સાથે બેહરિન આવેલો એક વ્યક્તિ પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. ત્યારબાદ સાવચેતીનાં પગલાંરૂપે હેમિલ્ટનનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને તેને રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ વધુ એક વખત તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો જે પણ પોઝિટિવ આવ્યો હતો. હેમિલ્ટને હવે બેહરીનના હેલ્થ પ્રોટોકોલ મુજબ ક્વોરન્ટાઇન થવું પડશે.

## IPLથી ઓલિમ્પિક સુધીના એજન્ડા સાથે BCCIની AGM યોજાશે

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ બોર્ડની ચાલુ મહિનાની ૨૪મી ડિસેમ્બરે ૮૯મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) યોજાશે જેમાં ૨૦૨૧ના વર્ષની આઈપીએલ ટી૨૦ લીગમાં વધારાની બે ટીમોના સમાવેશથી લઈને ૨૦૨૮ની લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ક્રિકેટના સમાવેશના મુખ્ય એજન્ડા રહેશે. આગામી વર્ષની આઈપીએલમાં બે નવી ટીમોને સ્થાન આપવામાં આવશે તેવું માનવામાં આવી રહ્યું છે. તાજેતરમાં દુબઈ ખાતે યોજાયેલી આઈપીએલની ફાઈનલ દરમિયાન બોર્ડના મુખ્ય અધિકારીઓ વચ્ચે લીગમાં વધુ બે ટીમનો ઉમેરો કરવાના મુદ્દે બિનસત્તાવાર બેઠકમાં વાટાઘાટ કરવામાં આવી હતી. આ બેઠકમાં બોર્ડના પ્રમુખ સૌરવ ગાંગુલી તથા સેક્રેટરી જય શાહે પણ હાજરી આપી હતી.


બે નવી ટીમોની રેસમાં અમદાવાદ, લખનઉ તથા પૂણેની ટીમો અંગે વિચારણા થઈ શકે છે. અદાણી ગ્રૂપ અને સંજીવ ગોયન્કાનું **RPSG** ગ્રૂપ ટીમ ખરીદવાની હોડમાં સૌથી આગળ છે. ગોયન્કાને આ પહેલાં બે વર્ષ માટે પૂણેની ટીમ મળી હતી. બોર્ડની વાર્ષિક સામાન્ય સભામાં ડોમેસ્ટિક ક્રિકેટ, બોર્ડમાં કેટલાક હોદ્દાઓની ચૂંટણી, નેશનલ ક્રિકેટ એકેડમીને વધારે અત્યાધુનિક બનાવવા, આઈસીસીમાં ભારતના પ્રતિનિધિત્વ, લોકપાલ તથા ડિસિપ્લીન અધિકારીની વરણી, વિવિધ સમિતિઓએ કરેલી ભલામણને મંજૂરી તથા ૨૦૧૯-૨૦૨૦ માટે ટ્રેઝરરના તથા ઓડિટરના રિપોર્ટને માન્યતા આપવા સહિત વિવિધ ૨૩ મુદ્દાઓ અંગે ચર્ચાવિચારણા થશે.

## લિવરપૂલ અને પોર્ટો નોકઆઉટ તબક્કામાં, રિયલ મેડ્રિડને જોખમ

પેરિસ: ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલની ભૂતપૂર્વ ચેમ્પિયન લિવરપૂલ તથા પોર્ટો ક્લબે વર્તમાન સિઝનની ટૂર્નામેન્ટના નોકઆઉટ તબક્કામાં પ્રવેશ કરી લીધો છે. બીજી તરફ વિક્રમી ૧૩ વખતની ચેમ્પિયન રિયલ મેડ્રિડની ટીમનો ડોનેત્સક સામે ૨-૦થી પરાજય થતાં તેની ઉપર ગ્રૂપ તબક્કામાંથી બહાર થવાનું સંકટ તોળાયું છે. જિનેદીન જિદાનની ટીમ મંગળવારનો મુકાબલો જીતીને નોકઆઉટ તબક્કામાં પહોંચી શકતી હતી પરંતુ તેના ડિફેન્ડર્સની નીચલા સ્તરની રમતના કારણે તેને મોટી કિંમત ચૂકવવી પડે તેમ છે. હવે રિયલ મેડ્રિડની ટીમ પોઈન્ટ ટેબલમાં યુક્રેનની ડોનેત્સક તથા જર્મનીની બોરુસિયા મોંશેગ્લાબાશ પાછળ સરકી ગઈ છે.

ગ્રૂપ-બીમાં હજુ પણ ચારેય ટીમો માટે નોકઆઉટ માટે ક્વોલિફાય થવાની તમામ તકો રહેલી છે. મોંશેગ્લાબાશને મેડ્રિડ સામે ડ્રોના પરિણામની જરૂર છે અને અંતિમ સ્થાને રહેલી ઈન્ટર મિલાન ક્લબે શખ્તારને પરાજય આપવો પડશે. જોકે બીજી તરફ મેડ્રિડનો આગામી મુકાબલો ડ્રો ના થાય તો ઈન્ટર મિલાન ક્વોલિફાય થઈ શકે છે. છ વખતની ચેમ્પિયન લિવરપૂલે ફિટનેસની સમસ્યાઓમાંથી બહાર આવીને એજેક્સને ૧-૦થી પરાજય આપ્યો હતો.

## કેનેડાના લાન્સ સ્ટ્રોલનો અદ્દભૂત બચાવ



બહેરીન ગ્રાન્ડ પ્રિક્સમાં ત્રણ જેટલા અકસ્માત થયા હતા. રોમૈન ગ્રોસજેનના ગંભીર અકસ્માત બાદ રેસને બંધ રાખવામાં આવી હતી. ૯૦ મિનિટ બાદ ફરીથી શરૂ કરવામાં આવી ત્યારે ત્રીજા લેપમાં કેનેડાના લાન્સ સ્ટ્રોલની કારને ડેનિલ કેવ્યાટની કાર પાછળથી અથડાઇ હતી. સ્ટ્રોલની કાર હવામાં રમકડાની જેમ ફંગોળાઈ હતી પરંતુ તેને કોઇ ગંભીર ઇજા થઇ નહોતી. સુરક્ષા કર્મચારીઓએ તાત્કાલિક કારમાંથી તેને બહાર કાઢયો હતો. એક શાર્ટ ર્ટિનગ ઉપર થયેલા આ અકસ્માતમાં સ્ટ્રોલની કારને નુકસાન વધારે થયું હતું પરંતુ રેસ ટ્રેક ઉપરથી કારને તાત્કાલિક ક્રેઇન દ્વારા ખસેડી લેવામાં આવી હતી. મેડિકલ ટીમે પણ તેનું રેસ ટ્રેક ઉપર જ ચેકઅપ કર્યું હતું.

## ટી-૨૦ રેન્કિંગ: ઓસ્ટ્રેલિયાને હટાવી ઈંગ્લેન્ડ નંબર-૧ ટીમ બની, ભારત હવે ત્રીજા ક્રમે

દુબઈ: સાઉથ આફ્રિકા સામેની ત્રણ મેચની સિરીઝમાં ૩-૦થી વિજય હાંસલ કરીને ઈંગ્લેન્ડની ટીમ આઈસીસીની નવી ટી૨૦ રેન્કિંગમાં નંબર-૧ ટીમ બની ગઈ છે. આ પહેલાં ઓસ્ટ્રેલિયન ટીમ પ્રથમ ક્રમાંકે હતી અને ભારતીય ટીમ ત્રીજા ક્રમે છે. આઈસીસીની નવી રેન્કિંગમાં ભારત બાદ પાકિસ્તાન ચોથા, સાઉથ આફ્રિકા પાંચમા તથા ન્યૂઝીલેન્ડ છઠ્ઠા ક્રમે છે. ખેલાડીઓની યાદીમાં ઈંગ્લેન્ડનો ડેવિડ મલાન બેટ્સમેનોની યાદીમાં પ્રથમ ક્રમાંકે છે. પાકિસ્તાનનો બાબર આઝમ બીજા, ઓસ્ટ્રેલિયાનો એરોન ફિન્ચ ત્રીજા અને ભારતનો લોકેશ રાહુલ છે. ભારતીય સુકાની વિરાટ કોહલી આ યાદીમાં નવમા તથા રોહિત શર્મા ૧૦મા ક્રમે છે. આઈસીસી ટી૨૦ બોલર્સની યાદીમાં અફઘાનિસ્તાનનો રાશિદ ખાન પ્રથમ ક્રમાંકે છે. બીજા ક્રમે મુજીબ ઉર રહેમાન છે. રહેમાન પણ



અફઘાનિસ્તાનનો બોલર છે. ટી૨૦ બોલર્સના ટોપ-૧૦માં એક પણ ભારતીય બોલર નથી. ઓલરાઉન્ડર્સની યાદીમાં પ્રથમ ક્રમે અફઘાનિસ્તાનનો મોહમ્મદ નબી છે અને બીજા ક્રમે બાંગ્લાદેશનો સાકિબ અલ હસન છે. ઓલરાઉન્ડર્સની યાદીમાં પણ એક પણ ભારતીય ટોપ-૧૦માં નથી. ટી૨૦ રેન્કિંગમાં ઈંગ્લેન્ડના ડેવિડ મલાનને ઘણો ફાયદો થયો છે. તેણે સાઉથ આફ્રિકા સામેની ત્રણ મેચની શ્રેણીમાં ૮૬.૫૦ની એવરેજથી ૧૬૧.૬૮ના સ્ટ્રાઈક રેટથી કુલ ૧૭૩ રન બનાવ્યા હતા અને તેને પ્લેયર ઓફ ધ સિરીઝ પણ જાહેર કરવામાં આવ્યો હતો.

## આફ્રિદીની દીકરીની હાલત સીરિયસ

ઈસ્લામાબાદ: દિગ્ગજ શાહિદ આફ્રિદી લંકા પ્રીમિયર લીગને અધવચ્ચે મૂકીને પાકિસ્તાન પરત ફર્યો છે. ટીમ ગેલ ગ્લેડીયેટર્સની કમાન સંભાળી રહેલા આફ્રિદીએ ઘરે પાછા ફરવાનું કારણ આપ્યું ન હતું અને સોશિયલ મીડિયા પર વ્યક્તિગત કારણો આગળ ધર્યા હતા. હવે તેની એક તસવીર લંકા પ્રીમિયર લીગના હેન્ડલ પરથી ટ્વિટ કરવામાં આવી છે જેમાં તે તેની પુત્રી સાથે જોવા મળી રહ્યો છે. આફ્રિદીએ એમ પણ કહ્યું હતું કે, પરિસ્થિતિ સુધરે તો તે ટીમમાં જોડાશે. ફોટામાં આફ્રિદી પોતાની દીકરી સાથે હોસ્પિટલમાં જોવા મળી રહ્યો છે. ટ્વીટમાં આફ્રિદીની દિકરીની ઝડપી રિકવરી માટે પ્રાર્થના કરાઈ હતી.

# અમેરિકન સેનેટે વિઝામર્યાદા હટાવી, ૮ લાખ ભારતીયોને મોટો ફાયદો થશે

**• ભારતીય નાગરિકોને ગ્રીનકાર્ડ માટે ૧૯૫થી વધુ વર્ષનો બેકલોગ**

વૉશિંગ્ટન : અમેરિકન સેનેટે સર્વસહમતીથી એક ખરડો પસાર કર્યો હતો જેના હેઠળ એમ્પ્લોયમેન્ટ આધારિત ઈમિગ્રેશન વિઝામાં દેશદીઠ સંખ્યાની મર્યાદાને હટાવી લેવામાં આવ્યો છે અને ફેમિલી આધારિત વિઝા માટે વધારવામાં આવ્યો છે. એસ ૩૮૬ અથવા ફેરનેસ ફોર હાઈ-સ્કિલ્ડ ઈમિગ્રન્ટ્સ એક્ટ તરીકે ઓળખાતા આ ખરડાને પગલે લાખ્ખો ભારતીય વ્યવસાયિકોને ફાયદો થશે કે જેઓ ગ્રીનકાર્ડ મેળવવા વર્ષોથી રાહ જોઈ રહ્યાં છે. યુએસસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસના આંકડા અનુસાર, હાલમાં અમેરિકા દર વર્ષે સાત ટકાના કન્ટ્રી કેપ સાથે આવા પ્રકારના ૧,૪૦,૦૦૦ ગ્રીનકાર્ડ ઈશ્યૂ કરે છે. એપ્રિલ ૨૦૨૦ની સ્થિતિએ આઠ લાખ ભારતીય એમ્પ્લોયમેન્ટ આધારિત ગ્રીનકાર્ડની રાહ જોઈ રહ્યા હતાં.

નાણાકીય વર્ષ ૨૦૧૯માં ભારતીય નાગરિકોને કેટેગરી-૧ (EB1)માં ૯૦૦૮, કેટેગરી-૨ (EB2)માં ૨૯૦૮ અને કેટેગરી-૩ (EB3)માં ૫૦૮૩ ગ્રીનકાર્ડ મળ્યાં હતાં. નોંધનીય છે કે ઈમ્૩ અલગ પ્રકારની એમ્પ્લોયમેન્ટ આધારિત કેટેગરીનાં ગ્રીનકાર્ડ છે. જુલાઈ મહિનામાં સેનેટર લીએ સેનેટને જણાવ્યું હતું કે ભારતીય નાગરિકો માટે ગ્રીનકાર્ડ અથવા પર્મેનન્ટ રેસિડેન્સી મેળવવા માટેનો બેકલોગ ૧૯૫ વર્ષ કરતાં વધારે સમયનો છે. નવો કાયદો FY2020-FY2022થી એમ્પ્લોયમેન્ટ આધારિત વિઝા માટે ટ્રાન્ઝિશન રૂલ્સ પણ સ્થાપિત કરી રહ્યો છે.

# ચીનની સરકારે રચ્યું હતું ગાલવાન ખીણ હિંસાનું ષડયંત્ર : યુએસ પંચ

વૉશિંગ્ટન : અમેરિકી કોંગ્રેસની એક ટોચની સમિતિએ પોતાના વાર્ષિક અહેવાલમાં સ્પષ્ટતા કરી છે કે ચીન સરકારે આ વર્ષે ૧૫ જૂનના રોજ ગાલવાન ખીણમાં આચરવામાં આવેલી લોહિયાળ હિંસાનું ષડયંત્ર રચ્યું હતું. તે હુમલાનો ચીનનો હેતુ પોતાના પાડોશી દેશ સામેના જોર જબરજસ્તી અભિનાયનને વેગ આપવાનો હતો. ચીનના સૈનિકોએ ગાલવાન ખીણમાં રાતના અંધારામાં ભારતીય સૈનિકો પર કાયરતાપુર્ણ હુમલો કરતાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા.

અમેરિકાના ચીન આર્થિક અને સુરક્ષા સમીક્ષા પંચે ૧લી ડિસેમ્બરે રજૂ કરેલા અહેવાલમાં કહ્યું છે કે, 'કેટલાક પુરાવા સુચવે છે કે ચીનની સરકારે આ હુમલાનું ષડયંત્ર ઘડયું હતું. સૈનિકોની હત્યાનું ષડયંત્ર રચ્યું હોવાની પણ સંભાવના છે.' અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે વાસ્તવિક અંકુશ રેખા પર છેલ્લા આઠ મહિનાથી પ્રવર્તી રહેલી મડાગાંઠ દાયકાની સૌથી ગંભીર સરહદી સમસ્યા છે. આ પંચની સ્થાપના વર્ષ ૨૦૦૦માં થઈ હતી. આ પંચ અમેરિકા અને ચીન વચ્ચેના રાષ્ટ્રીય સુરક્ષા અને વેપાર મુદ્દાઓની સમીક્ષા કરે છે. આ પંચ અમેરિકી કોંગ્રેસને ચીન સામે કાયદાકીય અને વૈધાનિક પગલાં લેવા ભલામણ પણ કરે છે.

# ટ્રમ્પના ૧.૩૩ લાખ ટ્વિટર ફોલોઅર્સ ઘટયા, બિડેનના ૧૧.૫૬ લાખ વધ્યા

**• 'ઉતર્યો અમલદાર કોડીનો' જેવો ઘાટ : ટ્રમ્પના કુલ ફોલોઅર્સ પોણા નવ કરોડ, બિડેનના બે કરોડ થયા**

વૉશિંગ્ટન : ૧૭ નવેમ્બરે અમેરિકી પ્રમુખની ચૂંટણીનું પ્રાથમિક પરિણામ જાહેર થયું હતું. એ પછીથી ટ્રમ્પના ટ્વિટર ફોલોઅર્સ સતત ઘટી રહ્યા છે. ૧૭ નવેમ્બર પછીથી અત્યાર સુધીના દોઢેક મહિનાના સમયમાં ટ્રમ્પના ફોલોઅર્સમાં ૧,૩૩,૯૦૨નો ઘટાડો નોંધાયો છે અને ઘટાડો હજુ પણ ચાલુ છે.


બીજી તરફ જો બિડેન પ્રમુખ તરીકે નક્કી થયા ત્યારથી આજ સુધીમાં ૧૧,૫૬,૬૧૦ જેવી જંગી સંખ્યામાં ફોલોઅર્સ વધ્યા છે. ગુજરાતી કહેવત છે, ઉતર્યો અમલદાર કોડીનો. એટલે કે જે અમલદાર નિવૃત્ત થઈ રહ્યો છે અથવા બદલી પામતો હોય તેનું સ્થાનિક લોકોમાં મહત્ત્વ નથી રહેતું.

લોકો તેની અવગણના શરૂ કરતાં હોય છે. ટ્રમ્પની હાલત ઉતર્યા અમલદાર જેવી છે. ટ્રમ્પ પોતે ૫૧ વ્યક્તિને ફોલો કરે છે, જ્યારે બિડેન ૩૧ને ફોલો કરે છે. ફેક્ટબેઝ નામની સાઈટ ટ્રમ્પના ટ્વિટરના આવા ઉતાર-ચડાવ પર ધ્યાન રાખે છે. તેણે જ આ વિગતો જાહેર કરી હતી.

# જાહેરાતોમાં ગ્રાહકોને ગેરમાર્ગે દોરવા બદલ ઈટાલીમાં એપલને એક કરોડ યુરોનો દંડ

**• એપલે આઈફોનના ઘણાં મોડેલ વોટરપ્રૂફ હોવાનો દાવો કર્યો હતો, પરંતુ ટેસ્ટિંગમાં કેટલાક મોડેલ નિષ્ફળ ગયા હતા**

રોમ : ઈટાલીના એન્ટીટ્રસ્ટ ઓથોરિટીએ એપલને એક કરોડ યુરોનો દંડ ફટકાર્યો હતો. કંપનીએ શરતોમાં લિક્વિડ ડેમેજનું વળતર આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ જાહેરાતોમાં આઈફોનના ઘણાં મોડેલ વોરટપ્રૂફ હોવાનો દાવો કર્યો હતો. આ વિરોધાભાસને લઈને ઈટાલીએ કંપનીને દંડ કર્યો હતો.



ઈટાલીના એન્ટીટ્રસ્ટ ઓથોરિટીએ આઈફોન મેકર કંપની એપલને એક કરોડ યુરોનો દંડ કર્યો હતો. કંપનીએ દાવો કર્યો હતો કે આઈફોનના ઘણાં મોડેલ્સ વોટરપ્રૂફ છે, પરંતુ એમાંનાં ઘણાં મોડેલ્સ વોટરપ્રૂફ ટેસ્ટિંગમાં નિષ્ફળ નીવડયા હતા. ઈટાલીયન ઓથોરિટીએ કહ્યું હતું એ પ્રમાણે કંપનીએ શરતોના લિસ્ટમાં લિક્વિડ ડેમેજનું વળતર આપવાનો ઈનકાર કરતું સ્ટેટમેન્ટ રજૂ કર્યું હતું, પરંતુ જાહેરાતોમાં ગ્રાહકોને ગેરમાર્ગે દોરતો દાવો કર્યો હતો. ઈટાલીયન ઓથોરિટીના કહેવા પ્રમાણે કંપનીએ અમુક ચોક્કસ સંજોગોમાં આઈફોન વોટરપ્રૂફ છે, અથવા તો અમુક સંજોગોમાં આઈફોનના અમુક મોડેલ્સ વોટરપ્રૂફની ક્ષમતા ધરાવે છે એવી સ્પષ્ટતા કરી ન હતી. કંપનીએ જાહેરાતોમાં સીધો વોટરપ્રૂફ હોવાનો દાવો જ રજૂ કરી દીધો હતો.

# કોલ સેન્ટર દ્વારા અમેરિકનોને છેતરનાર ગુજરાતીને અમેરિકામાં ૨૦ વર્ષની સજા

**• પટેલ પોતાને સરકારી અધિકારી ગણાવી અમેરિકનોને ડરાવતા, તેમની પાસેથી નાણાં વસૂલતા**

વૉશિંગ્ટન : ૨૦૧૩થી ૨૦૧૬ દરમિયાન અમેરિકન લોકો સાથે લાખો ડોલરની છેતરપિંડી આચરનારા ભારત સ્થિત કોલ સેન્ટરોને ઓપરેટ અને ફન્ડિંગ કરવામાં ભૂમિકા ભજવવા બદલ અમેરિકામાં વસતા ગુજરાતીને યુએસની કોર્ટે ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. સજા પૂર્ણ થયા પછી ત્રણ વર્ષ સુધી તેના પર નજર રાખવામાં આવશે.



અમદાવાદના વતની ૪૪ વર્ષીય હિતેશ મધુભાઈ પટેલને ટેક્સાસના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ડેવિડ હિટનરે સજા ફટકારી છે. પટેલ પર મની લોન્ડરિંગ, છેતરપિંડીનું કાવતરું ઘડવા સહિતના આરોપ મૂકવામાં આવ્યા છે. આરોપીને છેતરપિંડીનો શિકાર બનેલા પીડિતોને ૮૯,૭૦, ૩૯૬ ડોલર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે. કાર્યકરી એટર્ની જનરલ બ્રાયન સીએ જણાવ્યું છે કે પટેલે અનેક અમેરિકનો સાથે છેતરપિંડી કરી છે. તેણે પોતાના કોલ સેન્ટરો દ્વારા અમેરિકન લોકોને શિકાર બનાવ્યા હતાં. પટેલના જણાવ્યા અનુસાર તેણે કેટલાક લોકો સાથે મળીને અમદાવાદમાં કોલ સેન્ટર શરૂ કર્યું હતું. આ કોલ સેન્ટર દ્વારા અમેરિકનોને ફોન કરીને તેમને જાળમાં ફસાવવામાં આવતા હતાં.

# વૈશ્વિક યુનિકોર્ન સ્ટાર્ટઅપની સંખ્યા ૫૦૦ થઈ, ભારતની ૨૫નો સમાવેશ

**• ૧ અબજ ડૉલરથી વધારે મૂલ્ય ધરાવતું સ્ટાર્ટઅપ એટલે યુનિકોર્ન**

ન્યૂયોર્ક : કોઈ ખાનગી કંપની કે ખાનગી સ્ટાર્ટઅપનું મૂલ્ય ૧ અબજ ડૉલર કરતા વધી જાય ત્યારે તેને યુનિકોર્ન કહેવામાં આવે છે. યુનિકોર્ન શબ્દ એ સફળતા અને સિદ્ધિનું પ્રતિક છે. જગતમાં યુનિકોર્ન કહી શકાય એવા સ્ટાર્ટઅપની સંખ્યા ૫૦૦થી ઉપર પહોંચી છે. છેલ્લા લિસ્ટ પ્રમાણે કુલ ૫૦૧ યુનિકોર્ન સ્ટાર્ટઅપ નોંધાયા છે, જેનું દરેકનું મૂલ્ય ૧ અબજ ડૉલર કરતાં વધારે હોય. ગ્લોબલ રિસર્ચ ફર્મ સીબી ઈન્સાઈટે આ તમામ સ્ટાર્ટઅપનો રેકોર્ડ રાખ્યો છે. એ પ્રમાણે બધા સ્ટાર્ટપઅની કુલ સંપત્તિ ૧૫૯૨ અબજ ડૉલર થાય છે. નવેમ્બરમાં યુનિકોર્ન સ્ટાર્ટઅપની સંખ્યા ૫૦૦ થઈ હતી, એ હવે વધીને ૫૦૧ થઈ છે. ૫૦૧ સ્ટાર્ટઅપમાં સૌથી વધારે ૨૪૨ અમેરિકન સ્ટાર્ટઅપ છે. એ પછી ૧૧૯ સાથે ચીન બીજા ક્રમે છે. ભારત ૨૫ સાથે ત્રીજા ક્રમે, જ્યારે યુ.કે. ૨૪ સાથે ભારત પછીના ક્રમે છે.સ્ટાર્ટઅપ એ બિઝનેસનો આધુનિક કન્સેપ્ટ છે જે સામાન્ય રીતે બે-પાંચ વ્યક્તિઓ દ્વારા ઓછી મૂડીથી શરૂ કરવામાં આવતો હોય છે.

# ચીનના માલ પરની ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડવાનો નથી : અમેરિકી પ્રમુખ જો બાઈડેન

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમખપદે ચૂંટાયેલા જો બાઈડને એવી સ્પષ્ટતા કરી હતી કે હું ચીનના માલ પરની આયાત ડ્યૂટી ઘટાડવાનો નથી. આમ અત્યારે તો ચીનની આશા પર પાણી ફરી વળ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખપદની ચૂંટણીમાં પરાજિત થતાં ચીનને એવી આશા હતી કે બાઈડન ટ્રમ્પે લીધેલા નિર્ણયને ફગાવી દેશે, પરંતુ બાઈડને ચીનના માલના મુદ્દે સ્પષ્ટતા કરી દીધી હતી. ન્યૂયોર્ક ટાઈમ્સના પત્રકાર સાથે વાત કરતાં તેમણે કહ્યું કે ચીન સાથે ટ્રમ્પ સરકારે આરંભે કરેલા વ્યાપારી કરારો પણ હાલ હું રદ કરવાનો નથી. જો કે હવે પછીના વ્યવહારોમાં અમેરિકાનું હિત સૌથી વધુ જળવાઈ રહે એવી મારી નીતિ રહેશે. બાઈડને એમ પણ કહ્યું હતું કે હું મારા અંગત પૂર્વગ્રહોને વચ્ચે લાવ્યા વિના તમામ વિકલ્પો ખુલ્લા રાખીશ. અમેરિકાનું હિત મહત્તમ જળવાઈ રહે એ મારી અગ્રતા રહેશે.

# ચીની ચાંગ-5 રોબોટ અવકાશયાને ચંદ્રની સપાટી પરથી સેમ્પલ લીધા

**• ચાલુ મહિને જ અવકાશયાન મોંગોલિયન વિસ્તારમાં ઉતરશે**

બેઈજિંગ : ચીનનું ચાંગ-૫ રોબોટિક અવકાશયાને ચંદ્રની સપાટી પરથી સફળતાપૂર્વક ઉતરાણ કર્યા બાદ ડ્રિલિંગ કરીને રેત-ખડકોના સેમ્પલ લીધા હતા. આ પછી યાનના રોબોટિક હાથ વડે પણ સપાટી પરથી વિવિધ સેમ્પલ લઈને તેને કન્ટેનરમાં સીલ કરવામાં આવ્યા હતા.

આ સાથે ૧૯૭૦ના દશક બાદ પહેલી વખત ચંદ્રની રેત-ખડકોના સેમ્પલ લેવામાં આવ્યા હોય તેવી ઘટના નોંધાઈ હતી. ચાંગ-૫ કુલ મળીને બે કિલોગ્રામ જેટલા સેમ્પલ લઈને પૃથ્વી પર પરત ફરશે. મિશનની સફળતા અંગે નેશનલ સ્પેસ એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતુ કે, અમારૂ માનવરહિત યાન ચાંગ-૫ ચંદ્રના એ વિસ્તારમાં ઉતર્યું હતું, જ્યાં પૂર્વે કોઈ પણ દેશનું મિશન પહોંચ્યું નહતુ. આ વિસ્તારને ઓસેનિયસ પ્રોસેલ્લારૂમ (તોફાનોના મહાસાગર) તરીકેની ઓળખ આપવામાં આવી છે. પૃથ્વી પરથી ઉડાન ભરવાની સાથે કુલ ૧૧૨ કલાકનો પ્રવાસ ખેડીને ચંદ્ર પર પહોંચ્યું હતુ. ચંદ્રની સપાટી પર ઉતર્યા બાદ યાને સૌપ્રથમ સપાટી પર ડ્રિલિંગ કરીને સેમ્પલ એકઠા કર્યા હતા અને તેને પરોઢે ૪:૫૩ વાગ્યે સીલ કર્યા હતા.

# ઈન્ડોનેશિયાના ઈસ્ટર્ન નુસા તેંગારામાં જ્વાળામુખી ફાટ્યો, ચાર કિમી ઊંચી રાખ ઊડી

જાકાર્તા : ઈન્ડોનેશિયામાં રવિવારે ફાટેલો જ્વાળામુખી એટલો બધો વિસ્ફોટક હતો કે ચાર કિલોમીટર ઊંચે સુધી ધૂમાડા અને રાખનું પડ સર્જાઈ ગયું હતું. ઈન્ડોનેશિયાની રાજધાની જાકાર્તાથી ૨૭૦૦ કિલોમીટર દૂર ઈસ્ટર્ન નુસા તેંગારા પ્રાંતમાં ઈલે લેવોટ્રોલ નામના સ્થળે આ જ્વાળામુખી ફાટ્યો હતો.

સોશ્યલ મિડિયા પર કોઈ નાગરિકે ઊતારેલી એની વિડિયો ક્લીપ વાઈરલ થઈ હતી. ધરતી પર પણ ચાર કિલોમીટર વિસ્તારમાં રાખ અને ધૂમાડાનું પડ સર્જાઈ ગયું હતું. ઈન્ડોનેશિયાની ડિઝાસ્ટર રિલિફ કમિટિના પ્રવક્તાએ કહ્યું કે આવા તો અહીં ૧૩૦ જ્વાળામુકી સક્રિય છે. ગમે ત્યારે એ ફાટી શકે છે. આ જ્વાળામુખી ફાટવાથી સેંકડો લોકોએ એ સ્થળ ત્યજીને અન્યત્ર સ્થળાંતર કરવું પડ્યું હતું.

# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dr. Salim Kapadia DDS

Dental Centre

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request





# Rollz ICE CREAM

BEST TAWA ICE CREAM IN TORONTO

**Flavours**
- Roasted Pistachio
- Anjeer Baadam
- Rose and Pistachio
- Chickoo
- Bombay Kulfi
- Mava kulfi
- Guvava Chili
- Kaju Draksh
- Maharaja Paan

**Waffles**
- Chocolate nuts Waffle
- Strawberry cracker Waffle
- Classic Waffle

Fruit Flavors are Seasonal

Egg free waffles



NO EGGS NO GELATINE NO ALCOHOL

5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH
416-293-4006 rollzicecream.com

2760 NORTH PARK DR unit 66 BRAMPTON, ON, L6S 0E9
NOW OPEN
11 Harwood Ave S Ajax, ON, L1S 2B9

blogTO SKIP the DISHES UBER eats



# DIVINE YOGA

By Geeta

FREE Special Yoga Class Streaming NOW due to COVID

- Reduce Stress and Anxiety
- Boost Immunity and Sleep Quality
- Gain Strength and Flexibility
- Become the Best Version of Yourself

The beauty of yoga is that you don't have to be a yogi or yogini to reap the benefits

Join today on ZOOM!

Classes Available: One-to-One Individual, Therapeutic, and Children

GEETA TAILOR : 416-456-2261
Contact Geeta at divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta